# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
Gen-Z પર કંગના રનૌતનું મોટું યુટર્ન!



પેજ-09
હાર્દિક પંડ્યાને ખરીદવા 5 ટીમો મેદાનમાં, ચેન્નાઈ અને કોલકાતા રેસમાં આગળ




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 34.00 | 28.00 |
| વડોદરા | 34.00 | 28.00 |
| સુરત | 32.00 | 27.00 |


પેજ 5





વિદેશી રોકાણકારોની STT, LTCG દૂર કરવા રજૂઆત


09 AUGUST-2026 SUNDAY


સ્માર્ટફોન બજારમાં નવી ક્રાંતિ આવી ગઈ




પેજ 10


**.....સુવિચાર.....**
વિશ્વના સૌથી સુખી લોકો ને એ સમજાયું છે કે, બીજા પાસેથી કંઈપણ અપેક્ષા રાખવી નિરર્થક છે!


વર્ષ-15 । અંક-266 । વિક્રમ સંવત-2082 । અષાઢ વદ - 11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## News Brief

### માનવી ચંદ્ર પર પહોંચી ગયો પણ કૈલાશ પર્વત કેમ ના ચઢી શક્યો? વણ ઉકેલ્યા રહસ્ય



(એજન્સી) નવી દિલ્હી | તા 08

તિબેટમાં આવેલા શિવના પવિત્ર ધામ કૈલાશ પર્વત પર 2026માં યાત્રા શરૂ થશે. આશરે 2000 મીટર નાના હોવા છતાં, માઉન્ટ એવરેસ્ટ કરતાં કૈલાશ પર્વત પર કોઈ ચઢી શક્યું નથી. 100 વર્ષ પહેલાં પ્રયાસો થયા હતા, પરંતુ નિષ્ફળ રહ્યા. વિશ્વના મહાન પર્વતારોહક રાઈનહોલ્ડ મેસનરે પણ ચઢવાનો ઈનકાર કર્યો હતો. આ પર્વત હિન્દુ, બૌદ્ધ અને જૈન ધર્મો માટે પવિત્ર છે. રોજિંદી પૂજા અને શ્રદ્ધામાં જ્યારે પણ ભગવાન શિવનું ધ્યાન કરવામાં આવે છે, ત્યારે આંખો સામે બરફથી ઢંકાયેલા એક વિશાળ પર્વતની તસવીર ઊભી થાય છે. આ માત્ર કોઈ કલ્પના નથી પરંતુ વાસ્તવિકતા છે. તિબેટમાં સ્થિત અને ભારતથી નજીક આવેલો કૈલાશ પર્વત કરોડો શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું પ્રતીક છે. માનવીએ ચંદ્ર પર પગ મૂક્યો છે અને વિશ્વના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટ પર વિજય મેળવ્યો છે, પરંતુ ભગવાન શિવનું ધામ ગણાતા કૈલાશ પર્વત પર આજે પણ કોઈ માનવી ચઢી શક્યો નથી. નવાઈની વાત એ છે કે કૈલાશ પર્વત એવરેસ્ટ કરતાં આશરે 2000 મીટર નાનો હોવા છતાં અજોડ અને અજેય રહ્યો છે.કૈલાશ પર્વત પર ચઢવાના પ્રયાસો ભૂતકાળમાં થયા છે. આશરે 100 વર્ષ પહેલાં બે અંગ્રેજ પર્વતારોહકોએ અહીં ચઢવાનો માર્ગ શોધી કાઢ્યો હતો, પરંતુ છેલ્લી ઘડીએ કંઈક એવું બન્યું કે તેમને પાછા ફરવું પડ્યું. વિશ્વના મહાન પર્વતારોહકોમાંના એક રાઈનહોલ્ડ મેસનરને ચીન સરકારે પોતે કૈલાશ પર ચઢવાની પરવાનગી આપી હતી, તેમ છતાં તેમણે ચઢવાની ના પાડી દીધી હતી. તેમણે કહ્યું હતું કે, 'જો આપણે આ પર્વત જીતી લઈશું, તો આપણે એવી વસ્તુને જીતી લઈશું જેમાં લોકોની આસ્થા વસે છે.' કૈલાશ પર્વત માત્ર હિન્દુઓ માટે જ નહીં, પરંતુ અન્ય ધર્મો માટે પણ અત્યંત પવિત્ર છે.

### હિમાચલ પ્રદેશના ચંબામાં મુસાફરોથી ખીચોખીચ બસ પલટી, 8 લોકોના મોત, અનેક ઈજાગ્રસ્ત



હિમાચલ : હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં શનિવારે સવારે તીસા-બૈરાગઢ રોડ પર ખાનગી બસ ખીણમાં ખાબકતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બૈરાગઢથી ચંબા જતી બસના ચાલકે ચાબુજ વળાંક પાસે નિયંત્રણ ગુમાવતા આ દુર્ઘટના બની હતી. આ ઘટનામાં 8 લોકોના મોત થયા છે, જ્યારે અનેક મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. સ્થાનિકો અને પોલીસે બચાવ કામગીરી હાથ ધરી છે. હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં શનિવારે (આઠમી ઓગસ્ટ) સવારે રોડ અકસ્માત સર્જાયો છે. તીસા-બૈરાગઢ રોડ પર આવેલા ચાબુજ વળાંક પાસે મુસાફરોથી ભરેલી એક ખાનગી બસ અચાનક અકસ્માતગ્રસ્ત થઈ ગઈ હતી. આ ગોઝારી ઘટનામાં આઠ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે અનેક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.અહેવાલો અનુસાર, ખાનગી બસ બૈરાગઢથી ચંબા તરફ જઈ રહી હતી ત્યારે ચાબુજ વળાંક પાસે ચાલકે નિયંત્રણ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હતો. પ્રાથમિક માહિતી મુજબ ઘટના સમયે બસમાં અંદાજે 20 થી 25 મુસાફરો સવાર હતા. અકસ્માત બાદ ઘટનાસ્થળે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.ઘટનાની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક ધોરણે રાહત તથા બચાવ કામગીરી હાથ ધરી હતી. ઘટના અંગે જાણ થતાં જ પોલીસ અને વહીવટી તંત્રની ટીમ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ઈજાગ્રસ્ત મુસાફરોને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.ચંબાના પોલીસ અધિક્ષક (SP) વિજય સકલાનીએ અકસ્માતની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, બસ દુર્ઘટનામાં આઠ મુસાફરોના મોત થયા છે અને અન્ય ઘાયલોને હોસ્પિટલે પહોંચાડવામાં આવ્યા છે. અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસ ટીમે ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે અને તપાસ બાદ જ અકસ્માત અંગેની સંપૂર્ણ અને વિગતવાર માહિતી સ્પષ્ટ થશે.

## વિદ્યાર્થીઓ સાથે પીએમ મોદીનો હળવો અંદાજ

# 'હું બાબા બાગેશ્વર તો નથી...' PM મોદીની વાત સાંભળી દિલ્હી IITના વિદ્યાર્થીઓ હસી પડ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા 08

વડાપ્રધાન મોદીએ IIT દિલ્હીના 57મા પદવીદાન સમારોહમાં હાજરી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે અભિનંદન પાઠવ્યા. મોદીએ રમૂજી અંદાજમાં કહ્યું કે, "હું બાબા બાગેશ્વર નથી, પણ તમારા મનમાં ભવિષ્યનું ચાલતું હશે." તેમણે ટેક્નોલોજીના બદલાતા પ્રવાહ અને સતત શીખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. PMએ ગોલ્ડ મેડલ વિજેતાઓમાં વધુ દીકરીઓ હોય તેવી ઈચ્છા પણ વ્યક્ત કરી. વિકસિત ભારતના નિર્માણમાં યુવાનોની ભૂમિકા મહત્વની ગણાવી.

PM Modi IIT Delhi: પીએમ મોદી શનિવારે IIT દિલ્હીના 57મા પદવીદાન સમારંભ (દીક્ષાંત સમારોહ)માં હાજર રહ્યા હતા. આ દરમિયાન તેમણે વિદ્યાર્થીઓને તેમની નવી શરૂઆત માટે અભિનંદન પાઠવ્યા હતા અને તેમના ઉજ્જવળ ભવિષ્યની કામના કરી હતી. પીએમ મોદીએ વિદ્યાર્થીઓ સાથે રમૂજી અંદાજમાં વાતચીત કરતાં કહ્યું કે, 'આજે તમામ વિદ્યાર્થીઓ પદવીદાન સમારંભમાં હાજર છે, પરંતુ તમારા મનમાં ભવિષ્યને લઈને કંઈક ને કંઈક જરૂર ચાલી રહ્યું હશે. હું બાબા બાગેશ્વર તો નથી, પણ મનમાં કંઈક તો ચાલતું જ હશે. દરેક વિદ્યાર્થીના મનમાં આવનારા કાલની અલગ-અલગ તસવીર હોય છે. કોઈને પોતાની પહેલી નોકરી અને પગારની રાહ હશે, તો કોઈ સ્ટાર્ટઅપ શરૂ કરવાનું સ્વપ્ન જોઈ રહ્યું હશે, જ્યારે કેટલાક વિદ્યાર્થીઓ આગળની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવાનો લક્ષ્યાંક રાખતા હશે.'



વડાપ્રધાને જણાવ્યું કે, 'આજે ગ્લોબલ ઑર્ડર ઝડપથી બદલાઈ રહ્યો છે અને તેની પાછળ ટેક્નોલોજી એક મોટું કારણ છે. આવનારા 20-30 વર્ષમાં દુનિયા કેવી હશે તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. ટેક્નોલોજી બદલાશે, દુનિયા બદલાશે, પરંતુ આ બદલાતી દુનિયામાં એ જ આગળ વધશે જે સતત શીખતો રહેશે. IIT દિલ્હીમાં તમારા પહેલા દિવસને યાદ કરો અને હવે આજથી તમામ વિદ્યાર્થીઓના જીવનમાં એક નવા અધ્યાયની શરૂઆત થઈ રહી છે.'સમારંભ દરમિયાન પીએમ મોદીએ વિવિધ સિદ્ધિઓ માટે મેડલ મેળવનારા વિદ્યાર્થીઓને દિલથી અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ તેમણે હળવી ટકોર કરતાં કહ્યું કે, 'જો મેડલ મેળવનારાઓમાં થોડી વધુ છોકરીઓ હોત તો વધુ સારું હોત. માત્ર એક કે બે જ કેમ? હજુ પણ વધુ હોવી જોઈતી હતી.'પીએમ મોદીએ ગુલામીના દૌર અને તે સમયની પેઢીના સંઘર્ષને પણ યાદ કર્યો હતો. તેમણે કહ્યું કે, 'દરેક પેઢીની પોતાની એક રાષ્ટ્રીય જવાબદારી હોય છે. આઝાદી પહેલાં લોકો સામે દેશને આઝાદ કરાવવાનો લક્ષ્યાંક હતો. આજે આપણે આઝાદ ભારતમાં શ્વાસ લઈ રહ્યા છીએ તો તેની પાછળ તે પેઢીની મહેનત અને બલિદાન છે. આજે આપણી જવાબદારીઓ અલગ છે. આગામી 30-35 વર્ષમાં તમે જે પણ કામ કરશો, તેની અસર વિકસિત ભારતના સફર પર પડશે. તેથી દરેક નિર્ણય લેતી વખતે દેશે એ વિચારવું જોઈએ કે તેનાથી દેશને શું ફાયદો થશે.'

### રિષભ પંતને અચાનક શું થયું? ઉત્તરાખંડના CM પાસે માગી અડધી રાતે મદદ! દિલ્હી છોડવા તૈયાર

(એજન્સી) નવી દિલ્હી | તા 08

ભારતીય ક્રિકેટર રિષભ પંતે ઉત્તરાખંડમાં ઘર બનાવવા જમીન ખરીદવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડતા મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી પાસે મદદ માંગી છે. પંતે X પર પોસ્ટ કરીને જણાવ્યું કે, તે 3 વર્ષથી જમીન શોધી રહ્યો છે, પરંતુ પારદર્શિતાના અભાવે પ્રક્રિયા મુશ્કેલ બની છે. તેણે સરકારી દરે જમીન ખરીદવાની ઓફર કરી છે અને પોતાના રાજ્યના વિકાસમાં યોગદાન આપવા ઈચ્છે છે.ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર વિકેટકીપર-બેટર રિષભ પંત હાલમાં જ એક સોશિયલ મીડિયા પોસ્ટને કારણે ભારે ચર્ચામાં આવ્યો છે. પંતે ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી પાસે ખાસ મદદની ગુહાર લગાવી છે. અડધી રાત્રે X પર એક લાંબી પોસ્ટ શેર કરીને પંતે દિલ્હીથી પોતાનું બેઝ ઉત્તરાખંડ શિફ્ટ કરવાની અને ત્યાં પોતાનું ઘર બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. જોકે, તેણે આક્ષેપ કર્યો છે કે જમીન ખરીદવાની પ્રક્રિયામાં તેને સતત મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

## 'ધર્મપરિવર્તન કરવા 60 દિવસ પહેલા તંત્રને જાણ કરવી પડશે', આ રાજ્યમાં એન્ટી કન્વર્ઝન લૉ લાગુ



(એજન્સી) છત્તીસગઢ | તા 08

છત્તીસગઢ સરકારે 'ધર્મની સ્વતંત્રતા અધિનિયમ, 2026' અમલમાં મૂક્યો છે. હવે ધર્મ પરિવર્તન કરવા ઈચ્છુકે 60 દિવસ પહેલા જિલ્લા વહીવટીતંત્રને જાણ કરવી પડશે. આ કાયદાનો ઉદ્દેશ્ય બળજબરી, લાલચ કે છેતરપિંડીથી થતા ગેરકાયદેસર ધર્માંતરણને રોકવાનો છે. લગ્ન સાથે સંકળાયેલા ધર્મ પરિવર્તન અને વિદેશી ફંડિંગની પણ તપાસ કરાશે. આ કાયદો 4 ઓગસ્ટ, 2026ના રોજ રાજપત્રમાં પ્રકાશિત થયો હતો. છત્તીસગઢમાં હવે જો કોઈ વ્યક્તિ પોતાનો ધર્મ બદલવા માંગે છે, તો તેણે ઓછામાં ઓછા 60 દિવસ પહેલાં જિલ્લા વહીવટીતંત્રને આ અંગે જાણ કરવાની રહેશે. રાજ્ય સરકારે અધિકૃત ગેઝેટમાં આ અંગેના નિયમો સૂચિત કર્યા બાદ 'છત્તીસગઢ ધર્મની સ્વતંત્રતા અધિનિયમ, 2026'ને ઔપચારિક રીતે અમલમાં મૂકી દીધો છે. આ નોટિફિકેશન સાથે જ રાજ્યમાં ધર્મ-પરિવર્તન વિરોધી કાયદો લાગુ થઈ ગયો છે. સરકારનું કહેવું છે કે આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય એક સ્પષ્ટ અને પારદર્શક કાનૂની પ્રક્રિયા દ્વારા ગેરકાયદેસર ધર્મ-પરિવર્તનને રોકવાનો છે.સરકારનો દાવો છે કે આ નવા કાયદાથી ગેરકાયદેસર ધર્માંતરણ પર અસરકારક રોક લાગશે અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યમાં 4 ઓગસ્ટ, 2026ના રોજ આ અધિનિયમની સૂચના રાજપત્રમાં પ્રકાશિત કરવામાં આવી હતી.

### ભાવના કંઠે એરફોર્સની પ્રથમ ટોપ ગન મહિલા બની ઈતિહાસ રચ્યો




નવી દિલ્હી : ઈન્ડિયન એરફોર્સની બહાદુર મહિલા અધિકારી સ્ક્વોડ્રન લીડર ભાવના કંઠે ફરી ઈતિહાસ રચ્યો છે. ભાવના પ્રતિષ્ઠિત ગણાતા ફાઈટર કોમ્બેટ લીડર એફસીએલ કોર્સને સફળતાપૂર્વક પૂર્ણ કરી દીધો છે. આવું કરનારી તે દેશની પ્રથમ મહિલા પણ બની ગઇ છે. આ સાથે જ ભાવના ભારતીય એરફોર્સની પ્રથમ મહિલા ટોપ ગન કોમ્બેટ ટેક્નીશિયન પણ બની ગઇ છે. ગ્વાલિયર સ્થિત ટેક્ટિક્સ એન્ડ એર કોમ્બેટ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટમાં આયોજીત ૨૦ સપ્તાહનો કોર્સ ભારતીય એરફોર્સ માટે સૌથી એડવાંસ અને આકરી ટ્રેનિંગમાંનો એક માનવામાં આવે છે. જેને ભારતીય એરફોર્સની ટોપ ગન સ્કૂલ પણ માનવામાં આવે છે. તેની સરખામણી અમેરિકાની નેવીના ટોપ ગન પ્રોગ્રામ સાથે કરવામાં આવે છે. માત્ર કેટલાક પસંદ કરાયેલા પાયલટોને જ સ્થાન આપવામાં આવે છે.

### 1 વર્ષ પહેલા મહિલાનું મોત થયુ અને દીકરી-પાડોશીઓને પણ ખબર ના પડી!

(એજન્સી) બેંગલુરુ | તા 08

બેંગલુરુના બાગલગુન્ટેમાં 52 વર્ષીય દક્ષાયિનીનું કંકાલ ડુપ્લેક્સ મકાનમાંથી મળ્યું. આશરે 1 વર્ષ પહેલાં મૃત્યુ થયું હોવાનું અનુમાન છે. પતિ અને પુત્રના નિધન બાદ મહિલા એકલવાયું જીવન જીવતી હતી. દીકરી અને સંબંધીઓએ લાંબા સમય સુધી સંપર્ક ન કરતા બેદરકારી સામે આવી છે. પોલીસે ફોરેન્સિક તપાસ હાથ ધરી છે, જે સમાજમાં સંબંધોની ઘટતી સંવેદનશીલતા પર પ્રશ્નાર્થ ઊભો કરે છે.બેંગલુરુથી એક એવી હૃદયદ્રાવક ઘટના સામે આવી છે જેણે સમગ્ર સમાજ અને સંબંધોની પવિત્રતા પર મોટા સવાલો ખડા કરી દીધા છે. બાગલગુન્ટે વિસ્તારમાં આવેલા એક ડુપ્લેક્સ મકાનમાંથી 52 વર્ષીય મહિલાનું કંકાલ મળી આવવાથી ભારે સનસની મચી ગઈ છે. પોલીસ અને સ્થાનિક પ્રશાસનના અનુમાન મુજબ મહિલાનું મૃત્યુ આજથી લગભગ 1 વર્ષ પહેલાં થયું હશે.



## ભારતમાં પણ બાળકો માટે સોશિયલ મીડિયા બેન થશે!

(એજન્સી) નવી દિલ્હી | તા 08

ભાજપના સાંસદ બૈજયંત 'જય' પાંડા 'SHIELD' બિલ, 2025 સંસદમાં રજૂ કરવા તૈયાર છે. આ બિલ બાળકોને ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના દુષ્પરિણામોથી બચાવવા માટે છે. તેમાં 13 વર્ષથી નાના બાળકોના એકાઉન્ટ બનાવવા પર પ્રતિબંધ, ડેટા પ્રાઈવસી, ઓનલાઈન ગેમિંગ અને જાહેરાતો પર કડક નિયમો છે. ઉલ્લંઘન કરનાર ટેક કંપનીઓને 10 કરોડ સુધીનો દંડ થઈ શકે છે.બાળકોને ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના દુષ્પરિણામોથી બચાવવા તેમજ ડિજિટલ સ્પેસમાં તેમની સુરક્ષા મજબૂત કરવા માટે સંસદમાં એક પ્રાઈવેટ મેમ્બર બિલ રજૂ કરવાની તૈયારી કરવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટી (BJP)ના સાંસદ બૈજયંત 'જય' પાંડા દ્વારા 'સેફગાર્ડિંગ હેલ્ધી ઈન્ટરનેટ એન્વાયરન્મેન્ટ્સ ફોર લિટલ ડિજિટલ-નેટિઝ્સ' (SHIELD) બિલ, 2025 તૈયાર કરવામાં આવ્યું છે. આ બિલમાં બાળકોના સોશિયલ મીડિયા અકાઉન્ટ, ડેટા પ્રાઈવસી, ઓનલાઈન ગેમિંગ અને પર્સનલાઈઝ્ડ જાહેરાતોને લઈને કડક નિયમો પ્રસ્તાવિત કરાયા છે.



# પેટ્રોલમાં 20 ટકા ઈથેનોલ ઉમેર્યા છતાં ભાવ કેમ ન ઘટ્યા? : ઈસુદાન ગઢવી

અમદાવાદ | AAP નેતા ઈસુદાન ગઢવી, ગોપાલ ઇટાલિયા અને મનોજ સોરઠીયાની આગેવાનીમાં ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ મુદ્દે રવિવાર 9 ઓગસ્ટના રોજ સુરત ખાતે ટાઉનહોલ કાર્યક્રમ યોજાવા જઇ રહ્યો છે ત્યારે આ મુદ્દે વાત કરતા આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, E-20 (ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ)ના વિરોધમાં આજે સમગ્ર દેશમાં ધીરે-ધીરે જનઆંદોલન ઊભું થઈ રહ્યું છે. કેન્દ્ર સરકારની આ નીતિના કારણે દેશભરના કરોડો વાહનચાલકો પ્રભાવિત થયા છે. સામાન્ય વર્ગના લોકો જે બાઈક કે કાર વાપરે છે, તેમના વાહનોની માઈલેજ ઘટી રહી છે અને એન્જિનમાં પણ મોટું નુકસાન થઈ રહ્યું છે. સૌથી મોટી વાત એ છે કે પેટ્રોલમાં 20 ટકા ઈથેનોલ ઉમેર્યા છતાં પણ પેટ્રોલની કિંમતમાં 20 ટકાનો ઘટાડો કરાયો નથી. સરકારે જબરદસ્તીથી લોકો પર ઈથેનોલ થોપી દીધું છે અને નાગરિકો પાસેથી શુદ્ધ પેટ્રોલ ખરીદવાનો અધિકાર પણ છીનવી લીધો છે. અમેરિકાના દબાવમાં આવીને બનાવાયેલી આ નીતિના કારણે આજે દેશની જનતા પરેશાન છે. આથી, સરકારની આ નીતિઓ સામે અવાજ ઉઠાવવાનો અને આ મુદ્દાને જનઆંદોલન બનાવવાનો સમય આવી ગયો છે. આ મુદ્દે લોકોને જાગૃત કરવા માટે



આવતીકાલે રવિવાર, 9 ઓગસ્ટ 2026ના રોજ સુરતના સરથાણા સ્થિત SMC કોમ્યુનિટી હોલ ખાતે સવારે 11:00 વાગ્યે એક ટાઉન હોલનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ક્ષેત્રના એક્સપર્ટ્સ પણ પોતાના વિચારો વ્યક્ત કરશે. સુરત અને આસપાસના વિસ્તારના નાગરિકોને રૂબરૂ પધારવા અથવા આપેલી લિંકના માધ્યમથી ઓનલાઈન જોડાઈને પોતાનો અવાજ બુલંદ કરવા નમ્ર અપીલ છે.આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ જણાવ્યું હતું કે, આપણે સખત મહેનત કરી પરસેવાની કમાણીમાંથી જીવનમાં માન-સન્માન સાથે એકાદ સારું ટુ-વિલર કે ફોર-વિલર ખરીદીએ છીએ. પરંતુ ભાજપ સરકાર જબરદસ્તી કરીને આપણી ગાડીઓમાં ઈથેનોલ મિશ્રિત ભેળસેળ વાળું પેટ્રોલ નખાવવા આપણને મજબૂર કરી રહી છે. આવા ભેળસેળ વાળા ઈથેનોલ પેટ્રોલના કારણે વાહનોની એવરેજ/માઈલેજ ઘટી જાય છે, વાહનો વારંવાર બંધ પડી જાય છે અને તેને વારંવાર સર્વિસ કરાવવી પડે છે. જેના કારણે ગ્રાહકોનો ખર્ચ વધે છે અને સરવાળે આપણી મહેનત-પરસેવાની કમાણી પાણીમાં નહીં પણ ઈથેનોલમાં જાય છે. ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ સામે જનજાગૃતિ ફેલાવવા અને સરકાર બે વિકલ્પ આપે; જેમને ઈથેનોલ વાળું પેટ્રોલ પૂરાવવું હોય તે ઈથેનોલ વાળું પૂરાવે અને જેમને પ્યોર (શુદ્ધ) પેટ્રોલ પૂરાવવું હોય તે પ્યોર પૂરાવી શકે તે માટે અરવિંદ કેજરીવાલજીના નેતૃત્વમાં દેશભરમાં પ્રયાસો થઈ રહ્યા છે, જેથી સરકાર જાગે અને લોકોની ગાડીઓ પર અખતરા કરવાનું બંધ કરે. આ અંગે જનજાગૃતિ ફેલાવવા માટે આવતીકાલે 9 ઓગસ્ટે સુરત ખાતે આવેલા SMC કોમ્યુનિટી હોલમાં E-20 (ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ) વિરુદ્ધ એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં હું પણ હાજર રહેવાનો છું. આપ સૌ નાગરિકોને તેમાં ઉપસ્થિત રહેવા અપીલ છે.

# કેજરીવાલજીએ દિલ્હીમાં અને પંજાબમાં શિક્ષણમાં ક્રાંતિ કરી, એમને કોઈ સલાહ આપવાની જરૂર નથી: ગોપાલ ઇટાલીયા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ સી.આર.પાટીલને વળતો જવાબ આપતા જણાવ્યું હતું કે, સી.આર.પાટીલનું કહેવું છે કે આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં બનાવી એના કરતાં વધુ સારી શાળાઓ સુરતમાં છે. સી.આર.પાટીલ 20 વર્ષથી સાંસદ છે અને હવે તો મંત્રી પણ છે. તો દેશમાં ક્યાંય ન હોય એવી 50 શાનદાર સુરતની શાળાઓનું લિસ્ટ સી.આર.પાટીલ બહાર પાડે. ગુજરાતમાં 30 વર્ષથી ભાજપની સરકાર છે, 30 વર્ષથી કોર્પોરેશનમાં પણ ભાજપ છે અને 20 વર્ષથી સી.આર.પાટીલ પોતે સાંસદ છે તો આખા દેશમાં નંબર 1 ગણી શકાય એવી 50 સરકારી શાળાઓ સુરતમાં ક્યાં આવી છે, એનું લિસ્ટ સી.આર.પાટીલે બહાર પાડવું જોઈએ. અને જો તમે આવું લિસ્ટ બહાર ન પાડી શકો તો ગુજરાતને લૂંટીને જે બંગલો બનાવ્યો છે, એ બંગલામાં હવે શાંતિથી પોતાનું પાછલું જીવન વિતાવો અને કેજરીવાલને કોઈ સલાહ આપવાની જરૂર નથી.

વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ જણાવ્યું હતું કે, કેજરીવાલજીએ દિલ્હીમાં અને પંજાબમાં શિક્ષણમાં ક્રાંતિ કરી છે, ગરીબમાં ગરીબ વ્યક્તિના બાળકને સારામાં સારું શિક્ષણ મળે એવી વ્યવસ્થા ઊભી કરી છે, જ્યારે ગુજરાતમાં પ્રાઈવેટ શાળા, પ્રાઈવેટ કોલેજ, પ્રાઈવેટ યુનિવર્સિટી અને પ્રાઈવેટ કોચિંગના



એટલા રાફડા ફાટ્યા છે કે લોકોએ ભણવા માટે લોનો લેવી પડે છે, લોન એટલે કે ભણવા માટે વ્યાજે પૈસા લેવા પડે છે. તો સી.આર.પાટીલ કયા મોઢે એવી વાતો કરે છે કે સુરતની સરકારી શાળાઓ દેશમાં નંબર વન છે? જો આવી 50 શાળાઓ હોય તો એનું લિસ્ટ ફેસબૂક પર પોસ્ટ કરો, મારે પણ જોવું છે કે આવી સરકારી શાળાઓ ક્યાં આવી? ગુજરાતને ખૂબ લૂંટ્યું છે તો હવે આ લૂંટ બંધ થાય એવું કંઈ કરો તો સારી બાબત છે, બાકી જનતા તો હવે જાગૃત થઈ ચૂકી છે અને 2027માં સાવરણો ફેરવવાની તૈયારી છે.

# પશ્ચિમ રેલવે ચલાવશે વડોદરા અને વિશ્વામિત્રીથી રત્નાગિરી માટે ગણપતિ સ્પેશિયલ ટ્રેનો

ગણપતિ મહોત્સવ દરમિયાન મુસાફરોની સુવિધા તેમજ વધારાની ભીડને સમાવવા માટે પશ્ચિમ રેલવે દ્વારા વડોદરા અને વિશ્વામિત્રી થી રત્નાગિરી સ્ટેશન વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે: 1. ટ્રેન નંબર 09114/09113 વડોદરા-રત્નાગિરી-વડોદરા સાપ્તાહિક સ્પેશિયલ [02 ફેરા], ટ્રેન નંબર 09114 વડોદરા-રત્નાગિરી સ્પેશિયલ મંગળવાર, 15 સપ્ટેમ્બર, 2026 ના રોજ વડોદરાથી 11:15 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 00:30 વાગ્યે રત્નાગિરી પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09113 રત્નાગિરી-વડોદરા સ્પેશિયલ બુધવાર, 16 સપ્ટેમ્બર, 2026 ના રોજ રત્નાગિરીથી 01:30 વાગ્યે ઉપડશે અને તે જ દિવસે 17:30 વાગ્યે વડોદરા પહોંચશે.આ ટ્રેન બંને દિશામાં ભરૂચ, સુરત, વલસાડ, વાપી, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેન, રોહા, માનગાંવ, વીર, કરંજાડી, ખેડ, ચિપલૂણ, સાવરડા, અરાવલી રોડ અને સંગમેશ્વર રોડ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી 2-ટિયર, એસી 3-ટિયર, એસી 3-ટિયર ઈકોનોમી, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ હશે. 2. ટ્રેન નંબર 09110/09109 વિશ્વામિત્રી-રત્નાગિરી-વિશ્વામિત્રી દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ [08 ફેરા], ટ્રેન નંબર 09110 વિશ્વામિત્રી-રત્નાગિરી સ્પેશિયલ દર બુધવાર અને શનિવારે વિશ્વામિત્રીથી 10:00 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 00:30 વાગ્યે રત્નાગિરી પહોંચશે. આ ટ્રેન 12 સપ્ટેમ્બર, 2026 થી 23 સપ્ટેમ્બર, 2026 સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09109 રત્નાગિરી-વિશ્વામિત્રી સ્પેશિયલ દર ગુરુવાર અને રવિવારે રત્નાગિરીથી 01:30 વાગ્યે ઉપડશે અને તે જ દિવસે 17:30 વાગ્યે વિશ્વામિત્રી પહોંચશે. આ ટ્રેન 13 સપ્ટેમ્બર, 2026 થી 24 સપ્ટેમ્બર, 2026 સુધી ચાલશે. આ ટ્રેન બંને દિશામાં ભરૂચ, સુરત, વલસાડ, વાપી, દહાણુ રોડ, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેન, રોહા, માનગાંવ, વીર, ખેડ, ચિપલૂણ, સાવરડા, અરાવલી રોડ અને સંગમેશ્વર રોડ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી 3-ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ હશે. 3. ટ્રેન નંબર 09124/09123 વિશ્વામિત્રી-રત્નાગિરી-વિશ્વામિત્રી સાપ્તાહિક સ્પેશિયલ [04 ફેરા], ટ્રેન નંબર 09124 વિશ્વામિત્રી-રત્નાગિરી સ્પેશિયલ દર સોમવારે વિશ્વામિત્રીથી 05:55 વાગ્યે ઉપડશે અને તે જ દિવસે 20:00 વાગ્યે રત્નાગિરી પહોંચશે. આ ટ્રેન 14 સપ્ટેમ્બર અને 21 સપ્ટેમ્બર, 2026 ના રોજ ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09123 રત્નાગિરી-વિશ્વામિત્રી સ્પેશિયલ દર સોમવારે રત્નાગિરીથી 21:00 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 11:45 વાગ્યે વિશ્વામિત્રી પહોંચશે. આ ટ્રેન 14 સપ્ટેમ્બર અને 21 સપ્ટેમ્બર, 2026 ના રોજ ચાલશે. આ ટ્રેન બંને દિશામાં ભરૂચ, સુરત, વલસાડ, વાપી, દહાણુ રોડ, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેન, રોહા, માનગાંવ, વીર, ખેડ, ચિપલૂણ અને સંગમેશ્વર રોડ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી 3-ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ હશે. ટ્રેન નંબર 09114, 09110 અને 09124 માટે બુકિંગ 09 ઓગસ્ટ, 2026 થી તમામ પીઆરએસ કાઉન્ટરો તેમજ આઈઆરસીટીસીની વેબસાઇટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે ચલાવવામાં આવશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ગાંધીનગરમાં જમીન વિવાદને અમદાવાદના બિલ્ડર પર હુમલો

## લક્ઝુરિયસ કારમાં હુમલાખોરોએ ફિલ્મી ઢબે તરુણ પટેલની ગાડીને ઘેરી, ₹2.50 કરોડની ખંડણી સાથે મારી નાખવાની ધમકી

ગાંધીનગર | 6 ઓગસ્ટના રોજ સાંજના સમયે કન્સ્ટ્રક્શન સાઈટ્સ ચલાવતા 34 વર્ષીય બિલ્ડર તરૂણકુમાર પટેલ પર કાર આંતરી જીવલેણ હુમલો કરાયો હતો. ઝુંડાલમાં સિગ્નોર હેરીટેજ અને સ્વસ્તિક સ્કેવર વચ્ચે નંબર પ્લેટ વગરની કાળા રંગની ફોર્ચ્યુનર અને એક્સયુવી કારમાં આવી હુમલાખોરોએ બિલ્ડરની કારને ઘેરી લઈ જૂના બાનાખતના હવાલાથી રૂ. 2.50 કરોડની ખંડણી માંગી હતી. આ ચકચારી ઘટના અંગે અડાલજ પોલીસ સ્ટેશન ખાતે કડીના દિનેશ દેસાઈ તથા વિજય દેસાઈ સહિતના શખ્સો સામે ગુનો નોંધ્યો છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદના બાપુનગર વિસ્તારમાં રહેતા બિલ્ડર તરુણકુમાર જયસુખભાઈ પટેલ ઝુંડાલ ખાતે 'સત્યાગ્રહ લેન્ડ માર્ક' અને 'સત્યાગ્રહ એલીવેટ' સહિતની કન્સ્ટ્રક્શન સાઇટોમાં ભાગીદાર છે. ઘટનાના દિવસે પોતાની હ્યુન્ડાઈ અલકાઝાર કારમાં સાઈટ પરથી ઘરે જતા હતા, ત્યારે હુમલાખોરોએ બેઝબોલના દંડા સાથે તેમની કાર પર હુમલો કર્યો હતો. કાર ઓટો-લોક હોવાથી અંદર પ્રવેશ ન મળતા તેમણે કારના કાચ અને બોનેટ પર દંડા ફટકારી તોડફોડ કરી હતી. બિલ્ડરે કાચ થોડો નીચે કરતા જ હુમલાખોરોએ ગાળો ભાંડી વર્ષ 2020ના જૂના લખાણ કે બાનાખતના બદલામાં અઢી કરોડ રૂપિયા ચૂકવવા અથવા સાઈટ પર આવીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ હુમલો પૂર્વ આયોજિત કાવતરું હતું. આ ઘટનાના પાંચ દિવસ અગાઉ એટલે કે 1 ઓગસ્ટના રોજ કડીના કાસ્વા ગામના દિનેશ રાયમલભાઈ દેસાઈ અને વિજય દેસાઈ બિલ્ડરની ઓફિસે પહોંચ્યા હતા. તેમણે સત્યાગ્રહ લેન્ડ માર્ક સાઈટ અંગે અઢી કરોડ રૂપિયાની માંગણી કરી B.U. પરમિશન કેન્સલ કરાવવાની અને જોઈ લેવાની ધમકી આપી હતી. અડાલજ પોલીસે આ મામલે મિલકત પચાવી પાડવા, રસ્તામાં અવરોધ ઊભો કરવા, ધમકી આપવા તથા જાહેરનામાના ભંગને લઈ આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે.

# News Brief

## સિંહ પજવણી અને પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ મામલે વધુ બે આરોપીની ધરપકડ

અમરેલી | અમરેલીમાં ગીર પૂર્વ વનવિભાગે સિંહ પજવણી અને પ્રતિબંધિત વિસ્તારમાં ગેરકાયદે પ્રવેશના વાયરલ વીડિયો મામલે વધુ 2 આરોપીઓની ધરપકડ કરી છે. અગાઉ 8 આરોપીઓ ઝડપાયા હતા. નાયબ વન સંરક્ષક વિકાસ યાદવના માર્ગદર્શન હેઠળ જસાધાર રેન્જની ટીમે ટેકનિકલ એનાલિસિસ દ્વારા પ્રભાસપાટણના સેલત સમીર અને શેખ સિબ્તનની ધરપકડ કરી. વનવિભાગે વન્યજીવોની સુરક્ષા માટે કડક કાર્યવાહીની ચેતવણી આપી છે. અમરેલીમાં ગીર પૂર્વ વનવિભાગ દ્વારા સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા સિંહ પજવણી અને પ્રતિબંધિત વન વિસ્તારમાં ગેરકાયદે પ્રવેશના મામલે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. વનવિભાગે આ ગુનામાં સંપ્રક્ત વધુ બે આરોપીઓની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર વન્યજીવ પજવણીનો એક વીડિયો વાઈરલ થયો હતો, જેને ધ્યાને લઈ વનવિભાગે બાબતને અત્યંત ગંભીરતાથી લઈને તપાસ તેજ કરી હતી. નાયબ વન સંરક્ષક વિકાસ યાદવના સીધા માર્ગદર્શન હેઠળ જસાધાર રેન્જની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. આ કેસમાં અગાઉ આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી ચૂકી છે. દરમિયાન, ઝડપાયેલા આરોપીઓની પૂછપરછ અને મળેલા સુરાગોના આધારે પ્રભાસપાટણ (વેરાવળ)ના રહેવાસી સેલત સમીર સતાર અને શેખ સિબ્તન આરીફ નામના વધુ બે શખસોની વનવિભાગે ધરપકડ કરી છે. ગીરના સંવેદનશીલ અને પ્રતિબંધિત વિસ્તારોમાં ગેરકાયદે પ્રવેશ કરવો તેમજ સિંહોની પજવણી કરવી એ ગંભીર વન અપરાધ છે. વનવિભાગે સ્પષ્ટ ચેતવણી આપવાની સાથે જાહેર જનતાને અપીલ કરી છે કે વન્યજીવોની સુરક્ષા અને સંરક્ષણ માટે કાયદાનું કડકપણે પાલન કરવું, અન્યથા આવા ગુનાઓમાં સામેલ તમામ લોકો સામે કડકમાં કડક કાનૂની પગલાં ભરવામાં આવશે.

## જામનગરના બેડી વિસ્તારમાં બહેનના મોતના દુઃખની વાતે બોલાચાલી થતાં તલવારો ઉછળી

જામનગર | જામનગરના ધરાનગર વિસ્તારમાં બહેનના દસ વર્ષ પહેલાં થયેલા મોતની વાતને લઈને બનેવી સાથે થયેલી બોલાચાલીનો ખાર રાખી ત્રણ શખ્સોએ એક યુવક પર તલવાર વડે હુમલો કર્યાની ફરિયાદ નોંધાઈ છે. હુમલામાં યુવકના માથા, ડાબા હાથ તથા બંને પગમાં ગંભીર ઈજાઓ થતાં તેને જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો.

આ બનાવ અંગે ધરાનગર-1 વિસ્તારમાં રહેતા સમીલ ઈસ્માઈલભાઈ હાલેપોત્રા (ઉ.વ.28)એ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ તા.1 ઓગસ્ટના રોજ સમીલ તેના બનેવી સાકીમ જુસબભાઈ ગજણ સાથે જામનગરના વામ્બે આવાસ વિસ્તારમાં મિત્રને ત્યાં ગયો હતો. ત્યાં તેની બહેન ગુલબાનુ, જેનું આશરે દસ વર્ષ પહેલાં અવસાન થયું હતું, તેના મોતના દુઃખની વાતને લઈને બનેવી સાકીમ સાથે બોલાચાલી થતાં સમીલ તેને ત્યાં જ મૂકી ઘરે પરત આવ્યો હતો.

ફરિયાદ મુજબ રાત્રિના આશરે દસ વાગ્યાના અરસામાં સાકીમનો મોટો ભાઈ ઈમ્તીયાઝ જુસબ ગજણ સમીલના ઘરે આવ્યો હતો અને સાકીમ સાથે કેમ બોલાચાલી કરી તેમ કહી ગાળો આપવા લાગ્યો હતો. સમીલે ગાળો આપવાની ના પાડતાં ઈમ્તીયાઝે હાથમાં રહેલી તલવારથી તેના માથામાં એક ઘા માર્યો હતો. જેના કારણે સમીલ નીચે પડી ગયો હતો.

## જામનગરમાં જુગારના બે અડ્ડા પર પોલીસ ત્રાટકી : 10 શખ્સો ઝડપાયા , રૂ.1,12,960નો મુદ્દામાલ કબજે

જામનગર | જામનગર શહેરમાં જાહેરમાં ગંજીપત્તા વડે જુગાર રમતા શખ્સો સામે પોલીસે બે અલગ-અલગ સ્થળે દરોડા પાડી કુલ 10 શખ્સોને ઝડપી પાડ્યા હતા. દરેડ જીઆઈડીસીમાં પંચકોશી બી ડિવિઝન પોલીસે તીનપત્તીનો જુગાર રમતા પાંચ શખ્સોને ઝડપી રૂ.11,210ની રોકડ તથા ગંજીપત્તાના પાનાં કબજે કર્યા હતા, જ્યારે હરીયા કોલેજ પાછળ શિવનગરમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચે ત્રણ મહિલા સહિત પાંચ શખ્સોને ઝડપી રૂ.1,01,750નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

દરેડ જીઆઈડીસીના ગૌશાળા સર્કલથી આગળ પ્રથમ શેરીમાં પ્લોટ નં.4510ની આગળ કરંજના ઝાડ નીચે લાઈટના અજવાળામાં કેટલાક શખ્સો તીનપત્તી રોન-પોલીસનો જુગાર રમતા હોવાની બાતમીના આધારે પંચકોશી બી ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે ભુપેન્દ્ર લક્ષ્મીનારાયણ જાટવ (ઉ.વ.27), સોનુ રામસ્વરૂપ જાટવ (ઉ.વ.24), સંતોષ મેહરબાનસિંહ જાટવ (ઉ.વ.31), રાજેન્દ્ર ધનશ્યામ જાટવ (ઉ.વ.32) અને સુરેશ ભુપતભાઈ ભીલ (ઉ.વ.30)ને ઝડપી પાડ્યા હતા. પોલીસ ફરિયાદ મુજબ તમામ શખ્સો જામનગરમાં અલગ-અલગ સ્થળે મજૂરી કામ કરતા હતા.

પોલીસે આરોપીઓની અંગઝડતીમાંથી રૂ.10,850ની રોકડ તેમજ સ્થળ પરથી રૂ.360 અને ગંજીપત્તાના 37 પાના મળી કુલ રૂ.11,210નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે પાંચેય સામે જુગારધારા કલમ 12 મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. બીજી તરફ જામનગરના હરીયા કોલેજ પાછળ શિવનગર શેરી નં.2માં જાહેરમાં ગંજીપત્તા વડે જુગાર રમાતો હોવાની બાતમીના આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડ્યો હતો.

## રાજ્યપાલશ્રીએ વિસનગર તાલુકાના સદુથલા ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી વિષ્ણુભાઈ પટેલના પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિસનગર તાલુકાના સદુથલા ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી વિષ્ણુભાઈ પટેલના પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ ધરતીપુત્રો સાથે ચર્ચા કરી પોતાના બહુમૂલ્ય કૃષિ વિષયક અનુભવો વર્ણવ્યા હતા. રાજ્યપાલશ્રીએ ખેડૂતોને જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતો લોકોને તંદુરસ્ત જીવન આપવાનું કામ કરી રહ્યા છે. આપણા દેશમાં કેન્સર અને અન્ય બીજી અનેક બીમારીઓ દિવસેને દિવસે વધી રહી છે. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે રાસાયણિક ખેતી કરતા ખેડૂતોને ઓછામાં ઓછું ખેતરના એક ભાગથી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરવા અનુરોધ કર્યો હતો.


## ગોબ્લિન ઈન્ડિયા લિમિટેડ

સીઆઈએન: L51100GJ1989PLC012165
રજિસ્ટર્ડ ઓફિસ: કેમેક્સ હાઉસ ૧st ફ્લોર, કોમર્સ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત, ઈન્ડિયા
વેબસાઇટ: www.goblinindia.com ઈ-મેલ: cs@goblinindia.com

**સોમવાર, ૩૧st ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યોજાનારી ૩૭મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે ગોબ્લિન ઈન્ડિયા લિમિટેડના સભ્યોની ૩૭મી વાર્ષિક સામાન્ય સભા ('AGM') વાર્ષિક સામાન્ય સભાની નોટિસમાં જણાવ્યા મુજબના વ્યવહારો કરવા માટે સોમવાર, ૩૧st ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૦૯:૩૦ વાગ્યે (IST) કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ, કેમેક્સ હાઉસ, ૧st ફ્લોર, કોમર્સ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત ખાતે યોજાશે.
એમસીએ (MCA) પરિપત્રો અને સેબી (SEBI) પરિપત્રોના પાલનમાં, ૩૭મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ વાર્ષિક અહેવાલ (F.Y. ૨૦૨૫-૨૬) સાથે માત્ર ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા ૮th ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ફક્ત તે જ સભ્યોને મોકલવામાં આવી છે જેના ઈ-મેલ સરનામા કંપની અથવા રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ અને ડિપોઝિટરીઝ પાસે નોંધાયેલા છે.
કંપનીઝ એક્ટ, ૨૦૧૩નીકલમ ૧૦૮ની જોગવાઈ મુજબ, સમય સમય પર સુધારાયેલ કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન રૂલ્સ), ૨૦૧૪ના નિયમ ૨૦ અને સેબી (LODR) રેગ્યુલેશન્સ ૨૦૧૫ના નિયમ ૪૪ તથા જનરલ મીટિંગ પરના સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ્સ (SS-2) સાથે વાંચતા, કંપની વાર્ષિક સામાન્ય સભાની નોટિસમાં દર્શાવેલ તમામ ઠરાવો પર તેમના મત આપવા માટે તમામ સભ્યોને રિમોટ ઈ-વોટિંગ સુવિધા ('રિમોટ ઈ-વોટિંગ') પ્રદાન કરતાં આનંદ અનુભવે છે. આ અંગેની પ્રક્રિયા/સૂચનાઓ વાર્ષિક સામાન્ય સભાની નોટિસમાં આપવામાં આવી છે.
ઈ-વોટિંગ સુવિધા અંગેની વિગતો નીચે મુજબ છે:
a. રિમોટ ઈ-વોટિંગ સુવિધા નીચેના સમયગાળા દરમિયાન ઉપલબ્ધ રહેશે:

| | |
|---|---|
| મતદાન કરવા માટે હકદાર સભ્યો નક્કી કરવા માટેની કટ-ઓફ તારીખ | સોમવાર, ૨૪th ઓગસ્ટ, ૨૦૨૬ |
| ઈ-વોટિંગ સમયગાળાની શરૂઆત | શુક્રવાર, ૨૮th ઓગસ્ટ, ૨૦૨૬ સવારે ૯:૦૦ વાગ્યે (IST) |
| ઈ-વોટિંગ સમયગાળાનો અંત | રવિવાર, ૩૦th ઓગસ્ટ, ૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યે (IST) |

સીડીએસએલ (CDSL) દ્વારા રવિવાર, ૩૦th ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા પછી ઈ-વોટિંગ નિષ્ક્રિય કરવામાં આવશે અને સભ્યોને ઉક્ત તારીખ અને સમય પછી મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.
b. સભ્યોના મતદાન હકો સોમવાર, ૨૪th ઓગસ્ટ, ૨૦૨૬ ('કટ-ઓફ તારીખ') ના રોજ કંપનીની ભરપાઈ થયેલ ઈક્વિટી શેર મૂડીના તેમના શેરના પ્રમાણમાં રહેશે. ઈ-વોટિંગની સુવિધા વાર્ષિક સામાન્ય સભા દરમિયાન પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે અને વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપનાર સભ્યો, જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી, તેઓ સભા દરમિયાન તેમના અધિકારનો ઉપયોગ કરવા માટે પાત્ર બનશે. કટ-ઓફ તારીખ મુજબ સભ્યોના રજિસ્ટર / ફાયદાકારક માલિકોના રજિસ્ટરમાં જે વ્યક્તિનું નામ નોંધાયેલ છે તે જ વ્યક્તિ રિમોટ ઈ-વોટિંગ અથવા વાર્ષિક સામાન્ય સભામાં મતદાન કરવાની સુવિધાનો લાભ મેળવવા માટે હકદાર રહેશે.
c. કોઈપણ વ્યક્તિ જે કંપનીના શેર મેળવે છે અને નોટિસ મોકલ્યા પછી કંપનીના સભ્ય બને છે અને કટ-ઓફ તારીખ મુજબ શેર ધરાવે છે, તે CDSL દ્વારા પૂરા પાડવામાં આવ્યા મુજબ helpdesk.evoting@cdslindia.com પર વિનંતી મોકલીને રિમોટ ઈ-વોટિંગ માટે લોગિન-આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે.
d. જે સભ્યોએ વાર્ષિક સામાન્ય સભા અગાઉ રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો છે તેઓ પણ વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપી શકે છે, પરંતુ ફરીથી મતદાન કરવા માટે હકદાર રહેશે નહીં.
આથી વધુમાં નોટિસ આપવામાં આવે છે કે કંપનીઝ એક્ટ, ૨૦૧૩નીકલમ ૯૧ અને સેબી (LODR) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમ ૪૨ અનુસાર; સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ મંગળવાર, ૨૫th ઓગસ્ટ, ૨૦૨૬ થી સોમવાર, ૩૧st ઓગસ્ટ, ૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) બંધ રહેશે.
સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ વાર્ષિક સામાન્ય સભાની નોટિસમાં દર્શાવેલ તમામ નોંધો અને વાર્ષિક સામાન્ય સભામાં જોડવા માટેની સૂચનાઓ કાળજીપૂર્વક વાંચે.
કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, તમે www.evotingindia.com ના ડાઉનલોડ્સ વિભાગમાં ઉપલબ્ધ સભ્યો માટેના વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને સભ્યો માટેના ઈ-વોટિંગ યુઝર મેન્યુઅલનો સંદર્ભ લઈ શકો છો અથવા ૦૨૨-૨૩૦૫૮૭૩૮ અને ૦૨૨-૨૩૦૫૮૫૪૨/૪૩ પર CDSL નો સંપર્ક કરી શકો છો અથવા helpdesk.evoting@cdslindia.com પર ઈમેઈલ કરી શકો છો.

**ગોબ્લિન ઈન્ડિયા લિમિટેડ માટે**
સહી/-
મનોજકુમાર જે. ચૌખાણી
મેનેજિંગ ડિરેક્ટર
ડીઆઈએન: ૦૨૩૧૩૦૪૯

સ્થળ: અમદાવાદ
તારીખ: ૦૮-૦૮-૨૦૨૬


# શેરથા નજીક ઈકો ગાડીમા નજર ચૂકવી 8.69 લાખના દાગીના સેરવી ગઠિયાઓ ફરાર થયાં

ગાંધીનગર | આવતીકાલે રવિવારે ઓસ્ટ્રેલિયામાં વસતા પુત્ર પાસે જવાની તૈયારી કરી રહેલા મહેસાણાના એક વૃદ્ધ દંપતી સાથે ઈકો ગાડીમાં મુસાફરી દરમિયાન લાખો રૂપિયાની ચોરીની ઘટના સામે આવી છે. કલોલથી શેરથા સુધીની મુસાફરીમાં અજાણ્યા તસ્કરોએ નજર ચુકવીને થેલામાંથી 8.69 લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના અને રોકડ સેરવી લીધા હતા. આ મામલે અડાલજ પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મહેસાણા શહેરના મોટેરા રોડ પર વિનાયક હોમ્સમાં રહેતા 60 વર્ષીય નિવૃત્ત મનુભાઈ સોમાભાઈ પટેલ અને તેમના પત્ની પુષ્પાબેન આવતીકાલે 9 ઓગસ્ટે ઓસ્ટ્રેલિયામાં રહેતા પોતાના પુત્ર કૃણાલ પાસે જવાના હતા. વિદેશ જતાં પહેલાં ઘરમાં રહેલા સોના-ચાંદીના કિંમતી દાગીના શેરથામાં રહેતી પુત્રી કોમલના ઘરે સુરક્ષિત મુકવા માટે આ દંપતી નીકળ્યું હતું. 28 જુલાઈના રોજ સાંજે કલોલ બોરીસણા ગરનાળાથી ચાલતા અંબિકાનગર બસ સ્ટેન્ડ પહોંચી તેમણે શેરથા જવા એક સફેદ રંગની ઈકો ગાડી ભાડે કરી હતી. ઈકો ગાડીમાં અગાઉથી જ કેટલાક મુસાફરો બેઠેલા હતા. તે દરમિયાન ફોન પર વાત કરતો એક પુરુષ અને તેના અન્ય બે સાગરીત ગાડીમાં મનુભાઈની સામેની સીટ પર આવીને ગોઠવાયા હતા.

આ ત્રણેય ઈસમો ભારે બાંધાના હોવાથી સીટમાં જગ્યા ઓછી પડતી હતી. જેથી મનુભાઈએ પોતાના દાગીના ભરેલો થેલો અડધો પોતાના પગ પર અને અડધો સામે બેઠેલા મુસાફરના પગ પર મૂક્યો હતો. બાદમાં શેરથા ઈફ્કો ટાઉનશીપના ગેટ પાસે ગાડીમાંથી ઉતરીને પુત્રીના ઘરે પહોંચ્યા બાદ થેલો તપાસતા તેમાંથી દાગીના અને રોકડવાળી નાની બેગ ગાયબ હોવાનું માલૂમ પડ્યું હતું.

તસ્કરો થેલામાંથી 24 ગ્રામના સોનાના 2 દોરા, 2 તોલાનું મંગળસૂત્ર, 1 તોલાની 2 વીંટી, 2 તોલાની બંગડીની જોડ, સોનાની બુટ્ટી તથા હેર, 500 ગ્રામ ચાંદીના દાગીના અને 19,000ની રોકડ રકમ મળી 8,69,000ની મતા ચોરી ગયા હતા. જો કે દંપતીને ઓસ્ટ્રેલિયા જવાનું હોવાથી શરૂઆતમાં ફરિયાદ કરી નહતી. પરંતુ બાદમાં સગા-સંબંધીની સલાહથી અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.


## પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

**ચા અને રિફ્રેશમેન્ટ સ્ટોલ પર કેટરિંગ સેવાઓની જોગવાઈ**

ભારતના રાષ્ટ્રપતિ વતી, મંડળ રેલવે મેનેજર (વાણિજ્ય), અમદાવાદ મંડળ, પશ્ચિમ રેલવે દ્વારા ખાદ્ય અને કેટરિંગ સેવા પ્રદાતાઓ પાસેથી "પાલનપુર રેલવે સ્ટેશનો ખાતે 05 વર્ષના સમયગાળા માટે ચા અને રિફ્રેશમેન્ટ સ્ટોલ પર કેટરિંગ સેવાઓની જોગવાઈ" માટે ખુલ્લી અને સ્પર્ધાત્મક ઈ-બિડ આમંત્રિત કરવામાં આવે છે.

| ક્ર. સં | ટેન્ડર નોટિસ નં. | સ્થળ | યુનિટનો પ્રકાર | વાર્ષિક અનામત કિંમત | ઈએમડી ની રકમ (₹) |
|---|---|---|---|---|---|
| 1 | DRM/COMML/1/2026-27 | PNU સ્ટેશનના પ્લેટફોર્મ નં.1 પર, ABR તરફ | ચા અને રિફ્રેશમેન્ટ સ્ટોલ | 1. પ્રથમ 03 વર્ષ માટે ₹5,50,000/- + GST લાગુ 2. ચોથા અને પાંચમા વર્ષ માટે ₹6,05,000/- + GST લાગુ | ₹ 57,200/- |
| 2 | DRM/COMML/2/2026-27 | PNU સ્ટેશનના પ્લેટફોર્મ નં.1 પર, RMS કાર્યાલય પાસે | ચા અને રિફ્રેશમેન્ટ સ્ટોલ | 1. પ્રથમ 03 વર્ષ માટે ₹4,73,000/- + GST લાગુ 2. ચોથા અને પાંચમા વર્ષ માટે ₹5,20,300/- + GST લાગુ | ₹ 49,200/- |
| 3 | DRM/COMML/3/2026-27 | PNU સ્ટેશનના પ્લેટફોર્મ નં.1 પર, CMI કાર્યાલય પાસે, MSH તરફ | ચા અને રિફ્રેશમેન્ટ સ્ટોલ | 1. પ્રથમ 03 વર્ષ માટે ₹5,28,000/- + GST લાગુ 2. ચોથા અને પાંચમા વર્ષ માટે ₹5,80,800/- + GST લાગુ | ₹ 55,000/- |

**ઉપરોક્ત તમામ ટેન્ડર માટે ટેન્ડર ફોર્મ ફી (₹):** ₹ 5900/-. **અનામત:** સામાન્ય. **ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** 02.09.2026ના રોજ 15:00 કલાક સુધી. **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 02.09.2026ના રોજ 15:30 કલાકે. **સંપર્ક માટેનું સરનામું:** મંડળ રેલવે મેનેજર (વાણિજ્ય) નું કાર્યાલય, અમદાવાદ મંડળ, પશ્ચિમ રેલવે, ચામુંડા માતા મંદિર નજીક, નરોડા રોડ, પી.ઓ. સૈજપુર બોઘા, અમદાવાદ - 382345 **વેબસાઇટ:** www.ireps.gov.in

ADI 130

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# દીપડીએ મરઘા અને કુતરાનો શિકાર કર્યા બાદ વન વિભાગે પાંજરૂ ગોઠવ્યું

પારડી | પારડી તાલુકાના ડુમલાવ ગામે ભગત ફળિયામાં દીપડીએ મરઘા અને કુતરાનો શિકાર કરતા ગામલોકોમાં ભય ફેલાઇ ગયો હતો. વન વિભાગે પાંજરુ ગોઠવ્યા બાદ ગઈકાલે શુક્રવારે ત્રીજા દિવસે દીપડી પાંજરે પુરાતા લોકોએ રાહત અનુભવી છે. બે ત્રણ વર્ષ અગાઉ ગામમાંથી બે દીપડા પકડાયા હતા. અંબાચ અને ડુમલાવના સીમાડામાં બેથી ત્રણ દીપડા ફરતા હોવાનું લોકો જણાવી રહ્યા છે. પ્રાપ્ત માહિતિ અનુસાર પારડી તાલુકાના ડુમલાવ ગામે પાંચ દિવસ અગાઉ રહેણાંક વિસ્તાર દીપડી શિકારની શોધમાં આવી ભગત ફળિયામાં મરઘા અને કુતરાનો શિકાર કર્યો હતા. આ વાત વાયુવેગે ફેલાઇ જતા લોકોમાં ભયનો માહોલ થઇ ગયો હતો. ગામના સરપંચ પ્રકાશ પટેલ અને લોકો પહોંચી ગયા હતા. પ્રકાશ પટેલે વન વિભાગને જાણ કરાતા ઘટના સ્થળ વિસ્તારમાં પાંજરુ ગોઠવ્યું હતું. ત્રણ દિવસ બાદ ગઈકાલે શુક્રવારે રાત્રે લગભગ 4 વર્ષિય દીપડી પાંજરે પુરાઇ હતી. લોકોનું ટોળુ એકત્રિત થઇ ગયું હતું.વન વિભાગે દીપડીનો કબજો લઇ પશુ ચિકિત્સકની મદદથી મેડિકલ ચેક કરાવ્યું હતું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## બજારમાં સ્વૈચ્છિક લોકડાઉન જેવી સ્થિતિ

# એનાલોગ પનીર-બટર-ચીઝ પર પ્રતિબંધથી ફૂડ બજારમાં તોળાતો ત્રણ ગણો ભાવવધારો

(એજન્સી) રાજકોટ । તા. 08

રાજ્ય સરકાર દ્વારા એનાલોગ પનીર, બટર અને ચીઝ પર કડક પ્રતિબંધ લાદવામાં આવતા સમગ્ર રાજ્યના ફૂડ માર્કેટમાં હડકંપ મચી ગયો છે અને સ્વૈચ્છિક લોકડાઉન જેવી અસહ્ય પરિસ્થિતિ સર્જાઈ છે. રાજકોટ સહિત ગુજરાતભરમાં ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા ધમધમાટ દરોડા પાડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવતા હોટલો, રેસ્ટોરન્ટ, પીઝા પાર્લર, કેફે, કેટરર્સ અને લારી-ગલ્લાના સંચાલકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

હાલની સ્થિતિ એવી સર્જાઈ છે કે ગેસ સિલિન્ડરની અછત અને તેના કાળાબજારની આડસમાંથી બહાર આવતા પહેલા જ વેપારીઓ સામે આ નવો મોટો પડકાર ખડો



થયો છે. બજારમાં ૯૫ ટકા જેટલો દારોમદાર એનાલોગ પનીર, બટર અને ચીઝ પર રહેલો છે, પરંતુ પ્રતિબંધના કારણે હવે અસલી પ્રોડક્ટ્સ પૂરતા પ્રમાણમાં મળી રહી નથી. મહારાષ્ટ્ર બાદ ગુજરાત સરકારે પણ આ પ્રતિબંધ જાહેર કરતાં રાજ્યમાં ૬૫,૦૦૦થી વધુ ખાદ્ય વ્યવસાયો પર સીધી અસર પડી છે અને સોપો પડી ગયો છે.

સરકારની આ કડક કાર્યવાહીના પગલે હોટલો, રેસ્ટોરન્ટ, કેટરર્સ અને સ્ટ્રીટ ફૂડ સંચાલકોએ મજબૂર થઈને પોતાના મેનુમાં ફેરફાર કરવા પડ્યા છે. ગ્રાહકો સમક્ષ પનીર, બટર અને ચીઝ વગરના ફૂડ મેનુ મુકવાની નોબત આવી છે, જ્યાં પંજાબી પનીર સબ્જીનું સ્થાન હવે ગુજરાતી શાક સાથેની સાદી થાળીએ લઈ લીધું છે.

વળી, એનાલોગ અને અસલી પ્રોડક્ટ્સના ભાવમાં બમણાથી ત્રણ ગણો મોટો તફાવત હોવાથી હોટલ અને રેસ્ટોરન્ટ સંચાલકોને આ ધંધો ચલાવવો અત્યંત અશક્ય બની ગયો છે.

### આર્થિક ભારણ અને ભાવવધારો

આ જંગી ભાવ તફાવતના કારણે સંચાલકોને આર્થિક ભારણ બિલકુલ પોસાય તેમ નથી. જો આ જ સ્થિતિ આગામી સમયમાં ચાલુ રહેશે તો ફરજિયાતપણે પનીર, બટર અને ચીઝની ફૂડ આઈટમોના ભાવ બમણા કે ત્રણ ગણા કરવા સિવાય કોઈ વિકલ્પ નહીં બચે, એવી ભીતિ ફૂડ ધંધાર્થીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. પ્રશાસનની આ કડક નીતિથી આગામી દિવસોમાં હોટલ ઉદ્યોગમાં મોટા ફેરફારો જોવા મળી શકે છે.

## વડોદરામાં દશામાની આગમન યાત્રા દરમિયાન મારામારી અને ધમાલ



વડોદરા | વડોદરા શહેરમાં હાલ પવિત્ર દશામાના વ્રતની આસ્થાભેર ઉજવણી અને આગમનની તૈયારીઓ ચાલી રહી છે, તે ટાણે જ ધાર્મિક ઉત્સવના માહોલને ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ઠેકારનાથ સાર્વજનિક મંડળ દ્વારા આયોજિત દશામાની આગમન યાત્રા જ્યારે કિશનવાડી ગધેડા માર્કેટ પાસેથી પસાર થઈ રહી હતી, ત્યારે કેટલાક અસામાજિક તત્વોએ જાણી જોઈને તેમાં દખલગીરી કરી હતી અને છૂટા હાથની મારામારી કરીને ભારે ધમાલ મચાવી હતી. આ શરમજનક ઘટનાના કારણે થોડા સમય માટે વાતાવરણ તણાવપૂર્ણ બની ગયું હતું અને યાત્રામાં જોડાયેલા શ્રદ્ધાળુઓની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી હતી. આ અણધારી ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર અત્યંત ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં ઉપદ્રવી તત્વો દ્વારા મચાવવામાં આવેલી અફરાતફરી અને મારામારીના દ્રશ્યો સ્પષ્ટપણે જોઈ શકાય છે. વીડિયો સામે આવ્યા બાદ શ્રદ્ધાળુઓ અને સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ ફેલાયો છે. લોકો દ્વારા વહીવટી તંત્ર અને પોલીસ સમક્ષ સખત રજૂઆત કરવામાં આવી છે.

## રાજકોટ પોલીસની મોટી કાર્યવાહી, બે કરોડથી વધુના બ્રાસ સ્ક્રેપ પ્રકરણમાં બે આરોપીઓની ધરપકડ

(એજન્સી) રાજકોટ । તા. 08

શહેરના ઢેબર રોડ પર આવેલી એક નામાંકિત ટ્રાન્સપોર્ટ પેઢીના માધ્યમથી દિલ્હીથી મોકલાયેલો અંદાજે અઢી કરોડ રૂપિયાની કિંમતનો કિંમતી બ્રાસ સ્ક્રેપ રસ્તામાં જ ઓળવી જવાના મામલામાં પોલીસ દ્વારા મોટી સફળતા મેળવવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ભક્તિનગર પોલીસ મથક દ્વારા સક્રિય કામગીરી કરીને અમદાવાદમાંથી બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને તેમની પાસેથી અંદાજે બે કરોડ એકવીસ લાખ રૂપિયાનો મુદ્દામાલ સફળતાપૂર્વક કબજે કરવામાં આવ્યો છે. આ ઘટનાએ ટ્રાન્સપોર્ટ અને વેપારી જગતમાં ભારે ચકચાર જગાવી દીધી છે.

મૂળ વિગતો મુજબ, દિલ્હી ખાતેથી ટ્રકમાં ભરીને મોકલાયેલો બ્રાસ સ્ક્રેપ રાજસ્થાનના ટ્રક ચાલક મનોહરસિંગ અને તેના ક્લિનર દ્વારા સેરવી લેવામાં આવ્યો હતો. આ મામલે ટ્રાન્સપોર્ટ પેઢી દ્વારા પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. તપાસ દરમિયાન ખુલાસો થયો હતો કે મુખ્ય આરોપી ચાલકે અમદાવાદના વટવા અને રખિયાલ વિસ્તારમાં રહેતા બે શખ્સો સાથે મળીને આ માલના વેચાણનો સોદો કર્યો હતો. આ બંને સ્થાનિક આરોપીઓએ નવું ભાડું નક્કી કરીને ટ્રક બોલાવ્યો હતો અને માલ અમદાવાદ તરફ રવાના કર્યો હતો.

### પોલીસની બાતમી અને સફળ દરોડો

મુખ્ય આરોપી મનોહરસિંગ અને ક્લિનર પ્રતાપસિંગ ઘટનાને અંજામ આપીને ફરાર થઈ ગયા હતા, જેઓ હજુ સુધી પોલીસ પકડથી દૂર છે. પરંતુ પોલીસને બાતમી મળી હતી કે ચોરી કરાયેલો બ્રાસ સ્ક્રેપ ભરેલો ટ્રક અમદાવાદ તરફ જઈ રહ્યો છે. આ ચોક્કસ બાતમીના આધારે હાઈવે પર વોચ ગોઠવીને પોલીસે ટ્રકને અટકાવ્યો હતો અને બે કરોડ એકવીસ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને બે આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. હાલ પોલીસ દ્વારા ફરાર મુખ્ય આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## ચાંદીપુરા વાયરસનો કહેર યથાવત રાજકોટમાં વધુ એક શંકાસ્પદ બાળકનું મોત

(એજન્સી) રાજકોટ । તા. 08

ગુજરાતમાં બાળભક્ષી તરીકે ઓળખાતા ચાંદીપુરા વાયરસનો હાહાકાર હજુ પણ યથાવત જોવા મળી રહ્યો છે. અગાઉ અનેક માસૂમ બાળકોનો ભોગ લેનાર આ ઘાતક રોગનો કોઈ ચોક્કસ તોડ હજુ સુધી સામે આવ્યો નથી, ત્યારે તાજેતરમાં વધુ એક બાળકનું સારવાર દરમિયાન કરૂણ મોત નીપજ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ધ્રોલ પંથકમાંથી સારવાર અર્થે રાજકોટ લાવવામાં આવેલા એક માસૂમ બાળકે હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા છે. આ ગંભીર બાબત એ છે કે જામનગર જિલ્લાના આ છઠ્ઠા બાળકે પણ ચાંદીપુરાનો સત્તાવાર રિપોર્ટ આવ્યા પહેલા જ પોતાનો જીવ ગુમાવ્યો છે, જેના કારણે આરોગ્ય તંત્રની કામગીરી સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે.

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના ડાંગરા સીમ વિસ્તારમાંથી ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો સાથે રાજકોટની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલા છ વર્ષીય બાળકનું મોત થતા પરિવારોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. અદ્યતન સ્વાસ્થ્ય સેવાઓ અને મોટા દાવાઓ વચ્ચે પણ સમયસર રિપોર્ટ ન મળવાને કારણે દર્દીઓની સારવારમાં મુશ્કેલીઓ સર્જાઈ રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ, ઝૂંપડાં કે કાચા મકાનોમાં રહેતા ગરીબ અને શ્રમિક વર્ગના નાના બાળકો જ આ વાયરસની મુખ્ય ઝપટમાં આવી રહ્યા છે, પરંતુ હજુ સુધી આ જીવલેણ રોગ સામેની વેક્સિન શોધવી તો દૂર રહી, સમયસર નિદાન રિપોર્ટ પણ મળી શકતા નથી.

તબીબી સૂત્રો દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, હાલ જામનગરની જી.જી. હોસ્પિટલમાં અનેક શંકાસ્પદ બાળદર્દીઓ સારવાર હેઠળ છે. જેમાં કાલાવડ પંથકમાંથી લાવવામાં આવેલા બે વર્ષીય માસૂમ બાળકનો પણ સમાવેશ થાય છે, જેમાંથી એક બાળક અત્યંત નાજુક સ્થિતિમાં વેન્ટિલેટર પર જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યું છે. આ ઉપરાંત રાજકોટ સિવિલ હોસ્પિટલના બાળરોગ વિભાગમાં પણ શંકાસ્પદ લક્ષણો ધરાવતા બાળકો સારવાર મેળવી રહ્યા છે.

## વડોદરા વડી કચેરીની તપાસ બાદ, જેતપુરમાં 80 લાખના વીજ કૌભાંડમાં ત્રણ ઈજનેર સહિત પાંચ સસ્પેન્ડ

(એજન્સી) જેતપુર । તા. 08

રાજકોટ જિલ્લાના જેતપુર પીજીવીસીએલ ડિવિઝનના સ્ટોરમાંથી અંદાજે રૂપિયા એંસી લાખની કિંમતનો સરકારી માલ-સામાન બારોબાર ખાનગી સોલાર કંપનીને વેચી મારવાના અત્યંત ચકચારી કૌભાંડમાં આખરે ઉચ્ચ કક્ષાએથી આકરાં પગલાં લેવામાં આવ્યા છે. અગાઉ આ ગંભીર ગેરરીતિ પ્રકરણમાં માત્ર બદલીઓ કરીને કૌભાંડીઓને છાવરવાનો અને મામલો રફેદફે કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, ભારે વિવાદ અને વડોદરાની વડી કચેરી દ્વારા હાથ ધરવામાં આવેલા તપાસના ધમધમાટ બાદ આખરે પાંચ જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવતા સમગ્ર વીજ વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

### કૌભાંડની વિગતો અને ગેરરીતિનો પર્દાફાશ

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત 27 ફેબ્રુઆરીના રોજ પીજીવીસીએલના સ્ટોરમાંથી ડિપાર્ટમેન્ટલ કામના બહાને મોટી માત્રામાં કિંમતી મટીરિયલ બહાર કાઢવામાં આવ્યું હતું. જેમાં બાર પૂર્ણાંક પાંચ કિલોમીટર જેટલો ઓલ એલ્યુમિનિયમ કંડક્ટર કેબલ, લોખંડના નવ મીટર ઊંચા ત્રીસ નંગ એમ.એસ. ગડર પોલ એટલે કે વીજ થાંભલા તથા ચારસો નંગ પીનનો સમાવેશ થાય છે. આ લાખો રૂપિયાનો સરકારી માલ સત્તાવાર કામમાં વાપરવાને બદલે અંદરખાને સેટિંગ કરીને ખાનગી સોલાર કંપનીઓને વેચી દેવામાં આવ્યો હતો. આ કૌભાંડને છુપાવવા માટે ગેટ પાસ અને રજિસ્ટરમાં ભારે હેરાફેરી કરવામાં આવી હતી અને માલ ખારચિયા ગામે હોવાનો ખોટો દાવો ઊભો કરાયો હતો. આ કૌભાંડ અંગે અગાઉ રાજકોટ વર્તુળ કચેરીના અધિકારીઓ દ્વારા પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી પરંતુ તેમાં કોઈ ગેરરીતિ ન મળી હોવાનો અહેવાલ આપીને ભીનું સંકેલવાનો પ્રયાસ કરાયો હતો. આટલા મોટા કૌભાંડ છતાં કસૂરવાર કર્મચારીઓને સસ્પેન્ડ કરવાના બદલે માત્ર બદલીના ઓર્ડર આપી દેવાયા હતા. જોકે, સ્થાનિક આરટીઆઈ એક્ટિવિસ્ટ દ્વારા સચોટ પુરાવાઓ સાથે લેખિત રજૂઆત કરી કડક તપાસની માંગ કરવામાં આવતા મામલો ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો.

## વડોદરામાં સાત હજારથી વધુ ખાડાનો સર્વે, છ હજાર નવસો પૂર્યા છતાં રસ્તા ઉબડખાબડ



વડોદરા | ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદના કારણે વડોદરા શહેરમાં માર્ગોની હાલત અત્યંત દયનીય બની ગઈ હતી અને સાત હજારથી વધુ ખાડાઓ પડી જવાથી સમગ્ર શહેરમાં ચંદ્રની ભૂમિ જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. વરસાદ વિરામ લીધા બાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા માર્ગો પર પડેલા ખાડા પૂરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે, પરંતુ અત્યાર સુધીમાં ચાર કરોડ રૂપિયા જેટલો તોતિંગ ખર્ચ કરવા છતાં હજુ પણ અનેક રસ્તાઓ ઉબડખાબડ હોવાથી વાહનચાલકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, શહેરમાં કુલ સાત હજારથી વધુ ખાડાઓનો સર્વે કરવામાં આવ્યો હતો, જેમાંથી આશરે છ હજાર નવસો જેટલા ખાડાઓમાં પેચવર્ક કરીને તેને પૂરવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. તેમ છતાં હજુ પાંચસોથી વધુ ખાડા પૂરવાના બાકી છે. રસ્તાઓ પર પડેલા આ મોટા ખાડાઓને કારણે વાહનોને નુકસાન થવાની સાથે અકસ્માતનો ભય સતત રહે છે. આ ઉપરાંત, ખાડાવાળા રસ્તાઓ પરથી પસાર થવાને કારણે નાગરિકોને કમરના દુખાવા સહિતની સ્વાસ્થ્ય સંબંધી ફરિયાદો પણ થઈ રહી છે.

## વિદેશ અભ્યાસનું સપનું થયું સાકાર

# માતાની મક્કમતા, પુત્રની મહેનત અને સરકારનો સાથ





(એજન્સી) રાજપીપળા । તા. 08

જીવનમાં ક્યારેક એવી કપરી પરિસ્થિતિઓ સર્જાય છે કે જ્યાં ચારેય બાજુ અંધકાર દેખાય, પરંતુ જો દ્રઢ મનોબળ, સંતાનની અવિરત મહેનત અને સરકારનો સમયસર સાથ મળી જાય, તો અશક્ય લાગતું સ્વપ્ન પણ હકીકતમાં ફેરવાઈ શકે છે. નર્મદા જિલ્લાના રાજપીપળા શહેરમાં રહેતા એક મધ્યમવર્ગીય પરિવારની આ પ્રેરણાદાયી ગાથા આજે અનેક યુવાનો માટે રાહ ચીંધનારી સાબિત થઈ રહી છે.

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના વિદ્યાર્થીઓ માટે અમલમાં મૂકવામાં આવેલી 'વિદેશ અભ્યાસ લોન યોજના' આ પરિવાર માટે ખરા અર્થમાં આશાનું કિરણ સાબિત થઈ છે. સરકાર તરફથી મળેલી રૂપિયા ૧૫ લાખની શિક્ષણ લોનના સહારે રાજપીપળાના પ્રતિભાશાળી યુવાન ઋતાંશુ રાકેશકુમાર પંચાલ આજે કેનેડામાં પોતાની કાબેલિયતના બળે એક સફળ કારકિર્દી બનાવી રહ્યા છે અને પરિવારનું નામ રોશન કરી રહ્યા છે.

વર્ષ ૨૦૧૯માં એક માર્ગ અકસ્માતમાં પરિવારના મુખ્ય આધારસ્તંભ સમાન પિતા રાકેશકુમારનું અકાળે અવસાન થતાં આખા પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. માતા પ્રીતલબેન પંચાલ સામે એક તરફ પતિને ગુમાવ્યાનું ગમ હતું અને બીજી તરફ બે પુત્રોના ભવિષ્યની મોટી જવાબદારી હતી. પરંતુ તેમણે હિંમત હારી નહીં. સ્વર્ગસ્થ પતિની ઈચ્છા હતી કે મોટો પુત્ર ઋતાંશુ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરે. ઋતાંશુ બાળપણથી જ તેજસ્વી હતો અને તેણે ધોરણ-૧૨ માં જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યા બાદ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરામાંથી મિકેનિકલ એન્જિનિયરિંગની ડિગ્રી ડિસ્ટિંક્શન સાથે મેળવી હતી.

### સરકારી સહાય અને વિદેશ પ્રવાસ

વિદેશમાં માસ્ટર્સ કરવા માટે લાખો રૂપિયાનો ખર્ચ પરિવાર માટે મોટો પડકાર હતો. ખાનગી બેંકોમાંથી પૂરતી ગેરંટીના અભાવે લોન ન મળી શકતા અંતે તેમને ગુજરાત સરકારની વિદેશ અભ્યાસ લોન યોજના વિશે માહિતી મળી. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરીનો સંપર્ક કરીને તમામ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ સરકાર દ્વારા માત્ર ચાર ટકાના નજીવા વ્યાજ દરે રૂપિયા ૧૫ લાખની લોન મંજૂર કરવામાં આવી. આ આર્થિક સહાય મળતા જ ઋતાંશુએ કેનેડાની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી ઓફ વિન્ડસરમાં માસ્ટર્સનો અભ્યાસ પૂર્ણ કર્યો અને આજે કેનેડામાં મિકેનિકલ એન્જિનિયર તરીકે સફળતાપૂર્વક કાર્યરત છે.

આ સફળતા બાદ પરિવારનો નાનો પુત્ર ઓમ પંચાલ પણ વડોદરાની જીએસએફસી યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહ્યો છે. પ્રીતલબેન પંચાલ અન્ય વાલીઓને પણ અપીલ કરે છે કે આર્થિક મુશ્કેલીઓથી હાર્યા વગર સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવો જોઈએ. આ ગાથા સાબિત કરે છે કે જ્યારે માતાની મક્કમતા અને સરકારની યોજનાઓ મળે ત્યારે સંજોગો નહીં, પરંતુ સંકલ્પ જ ભવિષ્ય નક્કી કરે છે.

## ડેમોમાં જળસ્તર ઘટતા તંત્ર ચિંતિત, પાણીની ગંભીર સમસ્યા

# રાજકોટમાં વરસાદ ખેંચાતા જળસંકટની ભીતિ

(એજન્સી) રાજકોટ । તા. 08

રાજકોટ શહેરમાં લાંબા સમયથી વરસાદ ખેંચાતાં ફરી એકવાર પીવાના પાણીનું ગંભીર સંકટ ઘેરાવાની દહેશત ઊભી થઈ છે. શહેરની જળ જરૂરિયાત સંતોષતા મુખ્ય જળાશયોમાં પાણીનો જથ્થો ઝડપથી ઓછો થઈ રહ્યો છે, જેના કારણે રાજકોટ મહાનગરપાલિકા (RMC) અને વહીવટી તંત્ર દ્વારા આગામી પરિસ્થિતિને પહોંચી વળવા માટે અત્યારથી જ સાવચેતીના પગલાં લેવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

હાલની સ્થિતિ મુજબ રાજકોટને પાણી પૂરું પાડતા મુખ્ય આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં ઉપલબ્ધ પાણી માત્ર ૧૦ સપ્ટેમ્બર સુધી જ ચાલે તેટલી જ સીમામાં બચ્યું છે. આજી-૧ ડેમમાં પાણીની સપાટી ૨૨.૨૩ ફૂટ અને ન્યારી-૧ ડેમમાં ૧૬.૨૦ ફૂટ જેટલી નોંધાઈ છે. જો આગામી દિવસોમાં સારો વરસાદ નહીં પડે, તો શહેરમાં પીવાના પાણીની વિતરણ વ્યવસ્થા પર



માઠી અસર પડી શકે છે અને નાગરિકો મુશ્કેલીમાં મુકાઈ શકે છે.

વરસાદના અભાવે ડેમો ખાલી થવાના આરે પહોંચતા મનપા તંત્રની ચિંતામાં સતત વધારો થઈ રહ્યો છે. અગાઉ નર્મદાના નીરથી ભરાયેલા આ ડેમોમાં જળસ્તર ઘટતા હવે વૈકલ્પિક વ્યવસ્થાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકાર સમક્ષ સત્તાવાર રીતે રજૂઆત કરવામાં આવી છે કે શહેરમાં પીવાના પાણીનો પુરવઠો નિયમિત અને અબાધિત જળવાઈ રહે તે માટે વહેલી તકે નર્મદાનું પાણી ફાળવવામાં આવે.

### વહીવટી તંત્રની તૈયારીઓ અને અપીલ

પ્રશાસન દ્વારા પરિસ્થિતિની ગંભીરતા સમજીને અગાઉથી જ આયોજન શરૂ કરી દેવામાં આવ્યું છે. જો આગામી સમયમાં મેઘરાજા મહેરબાન નહીં થાય, તો નર્મદા યોજના જ એકમાત્ર મોટો સહારો સાબિત થશે. સરકાર દ્વારા આ મામલે ક્યારે અને કેટલા પ્રમાણમાં પાણી છોડવામાં આવે છે તેના પર સમગ્ર શહેરની નજર ટકેલી છે, જ્યારે બીજી તરફ તંત્ર દ્વારા નાગરિકોને પણ પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા માટે અપીલ કરવામાં આવી રહી છે.

**ઉ.પ્રદેશમાંથી કુખ્યાત આરોપી પ્રમોદ લોદીને જિલ્લા પોલીસે દબોચ્યો**

## પાદરાના પેટ્રોલપંપ લૂંટ કેસમાં હથિયાર સપ્લાયર બાર વર્ષે ઝડપાયો

(એજન્સી) વડોદરા । તા. 08

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના અંધારીપુરા ગામ પાસે આવેલા પેટ્રોલપંપ પર વર્ષ 2014માં તમંચાની અણીએ લૂંટ ચલાવવાના ચકચારી કેસમાં લાંબા સમયથી ફરાર ચાલી રહેલા મુખ્ય હથિયાર સપ્લાયરને પોલીસ દ્વારા આખરે ઝડપી લેવામાં આવ્યો છે. ઉત્તર પ્રદેશના કુખ્યાત શખ્સ અને અનેક ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા આ આરોપીને વડોદરા જિલ્લા પોલીસની ટીમે ઉત્તર પ્રદેશ સ્થિત તેના મૂળ ગામમાંથી સફળતાપૂર્વક દબોચી લીધો છે અને તેને વડોદરા લાવીને કાયદેસરની વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વર્ષ 2014માં અંધારીપુરા ગામમાં આવેલા શ્રીધર પેટ્રોલપંપ પર મોડી રાત્રે એક બુકાનીધારી શખ્સ ઘૂસી આવ્યો હતો. તેણે ઊંઘતા કર્મચારીના લમણે તમંચો મૂકીને ધમકી આપી હતી અને રોકડ રકમ લૂંટીને ફરાર થઈ ગયો હતો. આ ગુનામાં અગાઉ લૂંટ કરનાર અનિલ ઉર્ફે કલ્લુ નામના શખ્સને પોલીસે ઝડપી પાડ્યો હતો અને તેને



ચાર વર્ષની સજા પણ થઈ ચૂકી છે. પોલીસ તપાસ દરમિયાન અનિલને ગેરકાયદેસર તમંચો પૂરો પાડનાર ઉત્તર પ્રદેશના કેથોરા ગામના પ્રમોદ કંડોરીલાલ લોદીનું નામ બહાર આવ્યું હતું, ત્યારથી તે સતત નાસતો ફરતો હતો.

આરોપી પ્રમોદ તેના વતન ઉત્તર પ્રદેશના મહોબા જિલ્લાના બોલતાલ તાબા હેઠળના કેથોરા ગામે છુપાયો હોવાની ચોક્કસ બાતમી જિલ્લા એસઓજી પોલીસને મળી હતી. જેના આધારે પોલીસની એક વિશેષ ટીમ ઉત્તર પ્રદેશ રવાના થઈ હતી.

**સુરતના લસકાણા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ ફરિયાદ, કોર્ટમાં રજૂ કરાઈ**

## સો.મીડિયા સ્ટાર કીર્તિ પટેલની ત્રીજા કેસમાં સુરત પોલીસ દ્વારા અટકાયત

(એજન્સી) સુરત । તા. 08

સોશિયલ મીડિયા પર અવારનવાર વિવાદોમાં ઘેરાયેલી રહેતી સ્ટાર કીર્તિ પટેલની મુશ્કેલીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સુરતના લસકાણા પોલીસ સ્ટેશન દ્વારા કીર્તિ પટેલની ત્રીજા કેસમાં અટકાયત કરવામાં આવી છે અને તેને કાનૂની પ્રક્રિયા અર્થે કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. કીર્તિ દ્વારા સોશિયલ મીડિયા પર લલિત ડોંડા નામના શખસ વિરુદ્ધ અભદ્ર અને અપશબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેને લઈને લલિત ડોંડાએ પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. પોલીસ કાર્યવાહી દરમિયાન કોર્ટ પરિસરમાં મીડિયાના કેમેરા જોઈને કીર્તિ દ્વારા બેફિકરાઈથી નિવેદનો આપવામાં આવ્યા હતા. કાનૂની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેને પુનઃ લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવી છે.



સુરત શહેરમાંથી અન્ય એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોન અંતર્ગત આવતા અશ્વિનીકુમાર એમ-થ્રી મલ્ટિલેવલ પાર્કિંગમાં કોન્ટ્રાક્ટ પૂર્ણ થઈ ગયા બાદ પણ દોઢ મહિના સુધી ગેરકાયદેસર રીતે પાર્કિંગ ચાર્જ વસૂલવામાં આવ્યો હોવાનો ગંભીર આક્ષેપ થયો છે. પૂર્વ વિપક્ષી કોર્પોરેટર દ્વારા શાસક પક્ષ અને મનપાના અધિકારીઓની મિલીભગત હોવાના આક્ષેપ સાથે મ્યુનિસિપલ કમિશનરને લેખિત ફરિયાદ કરવામાં આવી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો.

**વૃષભ : બ. વ. ઉ.**

લાગણીની દૃષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો.

**મિથુન : ક. છ. ઘ.**

એવો દિવસ જ્યારે તમારા ચહેરા પર નિરંતર સ્મિત રહેશે અને અજાણ્યા લોકો પણ ઓળખીતા લાગશે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે.

**કર્ક : ડ. હ.**

તમારો મિજાજ ફૂલફટાક હોવા છતાં આજે જે તમારી સાથે હાજર નથી રહી શક્યું તેની ખાય તમને સાલશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે.

**સિંહ : મ. ટ.**

તમારું મગજ સારી બાબતોને સ્વીકારશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

**કન્યા : પ. ઠ. ણ.**

પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે. પણ ગુસ્સે થવાની જરૂર નથી અન્યથા પરિસ્થિતિ હાથની બહાર જઈ શકે છે. યાદ રાખો તમે જે બાબતનો ઈલાજ કરી શકતા નથી તેને સહન કરવું રહ્યું. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે.

**તુલા : ર. ત.**

તમે આજે તમારા મનપસંદ કાર્યો કરવા નું મન બનાવશો, પરંતુ કાર્ય ની વિપુલતા ને કારણે તમે તે કરી શકશો નહીં. દિવસ દરમિયાન ભારે બોલાચાલી બાદતમારા જીવનસાથી સાથે સુંદર સાંજ માણો. તમને લાગે કે તમે તમારો દિવસ બરબાદ કરી રહ્યા છો. તેથી તમારા દિવસ ની યોજના વધુ સારી રીતે કરો.

**વૃશ્ચિક : ન. ય.**

તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે તમને તરત જરૂર ન હોય તેવી ચીજો પર જો તમે નાણાં ખર્ચશો તો તમે તમારા જીવનસાથીને નારાજ કરશો. ભૌતિક અસ્તિત્વનું હવે કોઈ મહત્વ નથી.

**મકર : ખ. જ.**

તમારો હકારાત્મક દૃષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારી હતાશાની લાગણીને તમારા પર કાબૂ મેળવવા દેતા નહીં. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય.

**મીન : દ. ચ. ઝ. થ.**

લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે.

### નખત્રાણામાં ભાજપની મહત્વપૂર્ણ બેઠક

# 'હર ઘર તિરંગા-હર દિલ તિરંગા' અભિયાનને જનજન સુધી પહોંચાડવા હાકલ

### તિરંગા યાત્રા અને સંત શ્રી રવિદાસજી મહારાજની 650મી જન્મજયંતિના કાર્યક્રમોના આયોજન અંગે મંથન

| જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

'હર ઘર તિરંગા-હર દિલ તિરંગા' અભિયાન અંતર્ગત તિરંગા યાત્રા તેમજ સંત શ્રી રવિદાસજી મહારાજની 650મી જન્મજયંતિ નિમિત્તે યોજાનાર વિવિધ કાર્યક્રમોના સફળ આયોજન અંગે નખત્રાણા તાલુકા ભારતીય જનતા પાર્ટીની મહત્વપૂર્ણ બેઠક નખત્રાણા ખાતે યોજાઈ હતી.બેઠકમાં જિલ્લા તથા તાલુકા સંગઠનના હોદ્દેદારો, જિલ્લા-તાલુકા પંચાયતના હોદ્દેદારો અને સદસ્યો, નગરપાલિકાના હોદ્દેદારો તથા સદસ્યો, કાર્યક્રમના ઈન્ચાર્જ-સહઈન્ચાર્જ, વિવિધ મોરચાના હોદ્દેદારો તેમજ શક્તિકેન્દ્ર સંયોજકો સહિત અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં તિરંગા યાત્રા સહિતના કાર્યક્રમો વધુમાં વધુ લોકો સુધી પહોંચે અને તેનું સફળ આયોજન થાય તે અંગે





વિસ્તૃત ચર્ચા કરી જવાબદારીઓ સોંપવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ 'હર ઘર તિરંગા-હર દિલ તિરંગા'ના રાષ્ટ્રભક્તિના સંદેશ સાથે તાલુકાના વધુમાં વધુ નાગરિકોને આ અભિયાનમાં જોડાવા અનુરોધ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે ભાજપ સંગઠન તાલુકા મહામંત્રી શ્રી હરીસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, "તિરંગો દેશની આન, બાન અને શાનનું પ્રતિક છે. 'હર ઘર તિરંગા-હર દિલ તિરંગા' અભિયાનને સફળ બનાવવા કાર્યકર્તાઓએ દરેક ઘર અને દરેક નાગરિક સુધી પહોંચી રાષ્ટ્રભક્તિનો સંદેશ પહોંચાડવો જોઈએ. સાથે સંત શ્રી રવિદાસજી મહારાજની 650મી જન્મજયંતિ નિમિત્તે યોજાનાર કાર્યક્રમોમાં પણ સૌના સહયોગથી ભવ્ય આયોજન કરવામાં આવશે."બેઠકમાં ઉપસ્થિત હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ બંને કાર્યક્રમોને સફળ બનાવવા સંગઠિત રીતે કામગીરી કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

### દીપડીએ મરઘા અને કુતરાનો શિકાર કર્યા બાદ

## પારડીના ડુમલાવ ગામે 3 દિવસ બાદ દીપડી પાંજરે પુરાઇ

(એજન્સી) પારડી | તા.08

પારડી તાલુકાના ડુમલાવ ગામે ભગત ફળિયામાં દીપડીએ મરઘા અને કુતરાનો શિકાર કરતા ગામલોકોમાં ભય ફેલાઇ ગયો હતો. વન વિભાગે પાંજરુ ગોઠવ્યા બાદ ગઈકાલે શુક્રવારે ત્રીજા દિવસે દીપડી પાંજરે પુરાતા લોકોએ રાહત અનુભવી છે. બે ત્રણ વર્ષ અગાઉ ગામમાંથી બે દીપડા પકડાયા હતા. અંબાચ અને ડુમલાવના સીમાડામાં બેથી ત્રણ દીપડા ફરતા હોવાનું લોકો જણાવી રહ્યા છે. પ્રાપ્ત માહિતિ અનુસાર પારડી તાલુકાના ડુમલાવ ગામે પાંચ દિવસ અગાઉ રહેણાંક વિસ્તાર દીપડી શિકારની શોધમાં આવી ભગત ફળિયામાં મરઘા અને કુતરાનો શિકાર



કર્યો હતા. આ વાત વાયુવેગે ફેલાઇ જતા લોકોમાં ભયનો માહોલ થઇ ગયો હતો. ગામના સરપંચ પ્રકાશ પટેલ અને લોકો પહોંચી ગયા હતા. પ્રકાશ પટેલે વન વિભાગને જાણ કરાતા ઘટના સ્થળ વિસ્તારમાં પાંજરુ ગોઠવ્યું હતું. ત્રણ દિવસ બાદ ગઈકાલે શુક્રવારે રાત્રે લગભગ 4 વર્ષિય દીપડી પાંજરે પુરાઈ હતી. લોકોનું ટોળુ એકત્રિત થઇ ગયું હતું.વન વિભાગે દીપડીનો કબજો લઇ પશુ ચિકિત્સકની મદદથી મેડિકલ ચેક કરાવ્યું હતું. વન વિભાગ પ્રક્રિયા પૂર્ણ થતા દીપડીના સુરક્ષિત જંગલમાં છોડી દેશે. દીપડી પાંજરે પુરાતા લોકોએ રાહત અનુભવી છે.

# યુપીઆઈ વપરાશકર્તાઓ માટે કોઈ ચાર્જ નહીં

અમદાવાદ | વેપારીઓ માટે નજીવો એમડીઆર (MDR): જ્યારે પણ એમડીઆર ચાર્જ રજૂ કરવામાં આવશે, ત્યારે તે ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડ એમડીઆર કરતાં ખૂબ જ ઓછા દરે, અમુક નિશ્ચિત મર્યાદા (threshold) થી ઉપરના માત્ર મર્યાદિત સમૂહના વેપારી વ્યવહારો પર જ લાગુ થશે. યુપીઆઈ પર વેપારીઓ માટે મોટાભાગના વ્યવહારો વિના મૂલ્યે રહેશે. એમડીઆર, જો રજૂ કરવામાં આવે તો, માત્ર મર્યાદા-આધારિત રહેશે અને સાર્વત્રિક રીતે તમામ પર લાદવામાં આવશે નહીં. એકવાર સંસદ દ્વારા ટેક્સેશન એન્ડ અધર લોઝ (એમેન્ડમેન્ટ) બિલ, 2026 પસાર થઈ જાય, જે પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, 2007ની કલમ 10Aમાં સુધારો કરવાનો પ્રસ્તાવ મૂકે છે, ત્યારબાદ NPCIના વડા હેઠળની 'UPI અને સર્વિસીસ સ્ટીયરીંગ કમિટી' એમડીઆર, જો કોઈ હોય તો, તેના પર નિર્ણય લેશે. પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટમાં સુધારો શા માટે? પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ (PSS Act) માં તાજેતરના સુધારાએ ચર્ચા જગાવી છે, જેમાં કેટલાક લોકો સામાન્ય વપરાશકર્તાઓ પર ચાર્જ લાદવાના પગલા તરીકે તેનો ગલત અર્થ કાઢી રહ્યા છે. વાસ્તવિકતામાં, આ સુધારો યુપીઆઈની લાંબા ગાળાની ટકાઉપણું, તકનીકી પ્રગતિ અને ઉભરતા જોખમો સામે સ્થિતિસ્થાપકતા સુનિશ્ચિત કરવા માટે રચાયેલ એક સક્ષમ જોગવાઈ છે. યુપીઆઈ નો વિકાસ: ઘાતાંકીય ટ્રાન્ઝેક્શન વોલ્યુમ સાથે, આ સિસ્ટમને સાયબર સુરક્ષા, છેતરપિંડી અટકાવવા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નોંધપાત્ર અને સતત અપગ્રેડેશનની જરૂર છે. બજારનો વિસ્તાર: વધુ કંપનીઓને તેમની કામગીરીનો વિસ્તાર કરવા માટે પ્રોત્સાહિત કરીને સ્પર્ધા વધારવી જરૂરી છે, જેના માટે સ્વ-ટકાઉ આવક મોડેલની જરૂર છે. સ્વ-ટકાઉપણું (Self-sustainability): વિકાસની આગામી લહેર માટે માત્ર સબસિડી પર નિર્ભર રહેવું શક્ય નથી. યુપીઆઈ મજબૂત, સમાવેશી અને ભવિષ્ય માટે તૈયાર રહે તે સુનિશ્ચિત કરવા માટે એક સંતુલિત માળખાની જરૂર છે. ખોટા નિવેદનો પર સ્પષ્ટતા કેટલાક મીડિયા અહેવાલોમાં એવો સંકેત આપવામાં આવ્યો છે કે બાહ્ય પ્રભાવો નીતિગત ફેરફારોને પ્રેરિત કરી રહ્યા હોઈ શકે છે. આ પાયાવિહોણું, સંપૂર્ણપણે ખોટું અને ગેરમાર્ગે દોરનારું છે. જો બાહ્ય દબાણ એક પરિબળ હોત, તો સરકારે 2016માં યુપીઆઈ રજૂ કર્યું ન હોત અથવા જાન્યુઆરી 2020થી તેને વેપારીઓ તેમજ નાગરિકો બંને માટે મફત બનાવ્યું ન હોત અને તે વિશ્વનું સૌથી મોટું રિયલ ટાઇમ ઈન્ટરઓપરેબલ પેમેન્ટ સિસ્ટમ બને તે સુનિશ્ચિત કર્યું ન હોત. તેથી આ સુધારાને સરકારના વ્યાપક ઉદ્દેશ્યના સંદર્ભમાં જોવો જોઈએ જે સુનિશ્ચિત કરે છે કે ભારતનું ડિજિટલ પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટકાઉ, સ્પર્ધાત્મક, નવીન અને દેશની ઝડપથી વિસ્તરતી ડિજિટલ અર્થવ્યવસ્થાની સેવા કરવા માટે સક્ષમ રહે. સત્ય સરળ છે: યુપીઆઈ એ ભારતની પોતાની નવીનતા છે, અને સરકાર નાગરિકો માટે તેને મફત રાખવાની સાથે સાથે આવનારા દાયકાઓ સુધી તેની ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે પ્રતિબંધિત છે.

### પોલીસે 4 આરોપીની ધરપકડ કરી

## ભિલાડ હાઈવે પર અર્ટિગા કારમાંથી 7.848 કિ.ગ્રા. ગાંજાનો જથ્થો પકડાયો



(એજન્સી) ભિલાડ | તા.08

ઉમરગામના ભિલાડ હાઈવે પર પોલીસે મુંબઈથી આવી રહેલી અર્ટિગા કારમાંથી રૂ.3.92 લાખની કિંમતના 7.848 કિ.ગ્રા. ગાંજાનો જથ્થો જપ્ત કર્યો હતો. જ્યારે ગાંજાનું વેચાણ કરતા શખ્સ સહિત ચાર આરોપીની ધરપકડ કરી હતી. જથ્થો ઓરિસ્સાથી ત્રણ આરોપી ટ્રેન મારફતે મુંબઈ લાવ્યા બાદ કારમાં વાપીના લવાછા જવા નિકળ્યા અને પોલીસે દબોચી લીધા હતા.ભિલાડ પોલીસ મથકના પી.આઇ. જી આર. ગઢવી અને ટીમે બાતમીના આધારે હાઈવે પર વોચ ગોઠવી હતી. તે દરમિયાન મુંબઈથી આવી રહેલી અર્ટિગા કાર નં. (એમએચ-05-જીએ-1698)ને અટકાવી હતી. કારમાં સવાર ચાર શખ્સોની પુછપરછ કરી તપાસ કરતા બેગ મળી આવી હતી. બેગમાં સફેદ કલરના વનસ્પતિજન્ય પાવડર ભરેલી કોથળીઓ મળી આવી હતી. પોલીસે એફએસએલની મદદથી પરિક્ષણ કરતા ગાંજો હોવાનું ફલિત થયું હતું.પોલીસે રૂ.3.92 લાખની કિંમતના 7.848 કિ.ગ્રા. જથ્થો અને ત્રણ મોબાઈલ જપ્ત કર્યા હતા. જયારે ચાર આરોપી વિનીત વિનાયક બેહરા (ઉં.વ.20), ગણેશ્વર સહદેવ મુગરી (ઉં.વ.30), જ્યોતિરંજન જેઠુ શાહુ (ઉં.વ.21) (તમામ રહે. બલાંગીર, ઓરિસ્સા) અને વિકાશ ઉર્ફે વિશ્વજીત ઉર્ફે વીસુ રાજેશ દુબે (ઉં.વ.24, રહે. લવાછા, વાપી)ની ધરપકડ કરી હતી. આરોપીઓની પુછપરછમાં ચાર પૈકી બે આરોપી ઓરિસ્સાથી ટ્રેન મારફતે મુંબઇ પહોંચ્યા હતા. બાદમાં કાર મારફતે વાપીના લવાછા જવા નિકળ્યા બાદ રસ્તામાં પોલીસે દબોચી લીધા હતા.ભીલાડમાં માદક પદાર્થની તસ્કરી પર પોલીસ ત્રાટકી : 7.848 કિલો ગાંજા સાથે 4 આરોપીઓ ઝડપાયા

### પોષણ, સ્વચ્છતા અને આરોગ્ય જાગૃતિ સાથે વિદ્યાર્થીઓને અપાયું માર્ગદર્શન

## વિગોડી પ્રાથમિક શાળામાં આનંદમેળા-બાળમેળાનું આયોજન

| જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

આયુષ્માન આરોગ્ય મંદિર, ઘડાની સેજા હેઠળ વિગોડી ગામની પ્રાથમિક શાળામાં આનંદમેળા તથા બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પૌષ્ટિક અને ઘરેલું વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી. આ વાનગીઓના માધ્યમથી પોષણ, સ્વચ્છતા, ડસ્ટબિનના યોગ્ય ઉપયોગ તથા ઘરેલું પૌષ્ટિક ખોરાકના મહત્વ અંગે વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી. બહારની બિનઆરોગ્યપ્રદ ખાદ્ય વસ્તુઓનો ત્યાગ કરી ઘરેલું વાનગીઓનું સેવન કરવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.માહિતી આપતા આરોગ્ય કર્મી શ્રી સુલેમાન એ.પી. પિંજારાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં નાની ઉંમરથી જ પોષણ, સ્વચ્છતા અને આરોગ્ય પ્રત્યે જાગૃતિ કેળવવી અત્યંત જરૂરી છે. બાળકોના સારા સ્વાસ્થ્ય માટે ઘરેલું અને પૌષ્ટિક




આહારનું સેવન મહત્વપૂર્ણ છે, જ્યારે બહારની બિનઆરોગ્યપ્રદ ખાદ્ય વસ્તુઓથી દૂર રહેવું જોઈએ. તેમણે પાણીજન્ય, વાહકજન્ય તથા દૂષિત ખોરાકથી ફેલાતા રોગોથી બચવાના ઉપાયો અંગે માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ કિશોર-કિશોરી આરોગ્ય, માસિક ધર્મ દરમિયાન જરૂરી સ્વચ્છતા તથા આંતરકૃમિ રોગથી બચવા માટે રાખવાની સાવચેતી અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત બેટી બચાવો, બેટી વધાવો, બેટી પઢાવો, પોષણ અને સ્વચ્છતા અંગે પણ જાગૃતિ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓના વજન, ઊંચાઈ અને હિમોગ્લોબિન સહિતની આરોગ્યલક્ષી બાબતો અંગે સમજ આપવામાં આવી હતી. તેમજ NIPPI કાર્યક્રમ અને તા. ૧૦ ઓગસ્ટથી શરૂ થનાર NDD કાર્યક્રમ અંતર્ગત આલ્બેન્ડાઝોલ ગોળીના ઉપયોગ અંગે માહિતી આપી આંતરકૃમિ રોગ અટકાવવાના ઉપાયો સમજાવવામાં આવ્યા હતા. ફર્સ્ટ-એઈડ બોક્સના યોગ્ય ઉપયોગ તથા દવાઓ લેતા પહેલાં તેની એક્સપાયરી તારીખ તપાસવી જરૂરી છે તે અંગે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું હતું.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્યશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે અંતે આશા બહેન શ્રીમતી રાનુબેન બામણિયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ, આરોગ્ય કર્મી, આશા બહેન તથા શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### જામનગર જિલ્લાના ધ્રોલ પંથકમાં એક્ટિવા આડે ગાય ઉતરતાં અકસ્માત : સારવાર દરમિયાન 60 વર્ષીય બુઝુર્ગનો ભોગ લેવાયો

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લૈયારા-જાબીડા ગામ વચ્ચેના રોડ પર એક્ટિવા આડે અચાનક ગાય ઉતરી આવતા સર્જાયેલા અકસ્માતમાં 60 વર્ષીય આધેડનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, લૈયારા ગામના માનસિંગભાઈ રઘુભાઈ વાઘેલા (ઉં.વ.60) તા.14 જુલાઈના રોજ સાંજના સમયે પોતાના ઘરેથી દૂધ લેવા માટે એક્ટિવા નં. જીજે-10-ઈબી-9685 લઈને નીકળ્યા હતા. દરમિયાન લૈયારા ગામથી જાબીડા ગામ તરફ જવાના રોડ પર સજુભા જટુભા જાડેજાની વાડી સામે અચાનક ગાય આડી ઉતરી આવતા તેમની એક્ટિવા સ્લીપ થઈ ગઈ હતી.અકસ્મતમાં માનસિંગભાઇને માથા તથા છાતીના ભાગે તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## જામનગરમાં બ્રાસ ઉદ્યોગની 12 પેઢીઓનો રૂ.2.37 કરોડનો બ્રાસ સ્કેપ ઓળવી જનાર ડ્રાઈવર-ક્લીનર આખરે પોલીસ સકંજામાં

(એજન્સી) જામનગર | તા.08

જામનગરના બ્રાસ ઉદ્યોગના 12 વેપારીઓ સાથે 2.37 કરોડની છેતરપિંડીનો રાજકોટ પોલીસે પર્દાફાશ કર્યો છે. દિલ્હીથી 25.5 ટન પિત્તળનો ભંગાર રાજકોટથી જામનગર પહોંચે તે પહેલાં જ ડ્રાઈવર મનોહરસિંગ અને ક્લીનર પ્રતાપસિંગે રસ્તામાં સગેવગે કરી નાખ્યો હતો. ભક્તિનગર પોલીસે બંને આરોપીઓને ઝડપી પાડી, ગુમ થયેલો માલ રિકવર કરવા તપાસ હાથ ધરી છે. જામનગરના વિશ્વવિખ્યાત બ્રાસ ઉદ્યોગ સાથે જોડાયેલા વેપારીઓને રાતોરાત કરોડો રૂપિયાનો ચૂનો લગાવવાના એક આયોજનબદ્ધ કાવતરાનો રાજકોટ પોલીસે પર્દાફાશ કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, જામનગર જીઆઈડીસી વિસ્તારમાં આવેલી એલાયન્સ મેટલ કંપની સહિતની 12 જેટલી નામાંકિત બ્રાસ પેઢીઓ દ્વારા દિલ્હીથી કુલ 25,441.35 કિલોગ્રામ (અંદાજે 25.5 ટન) બ્રાસ સ્ક્રેપ (પિત્તળનો ભંગાર) મંગાવવામાં આવ્યો હતો. જેની અંદાજિત કિંમત રૂ.2,37,33,134 થવા જાય છે. ગત 31મી જુલાઈના રોજ દિલ્હી સ્થિત શ્રી શ્યામ ટ્રાન્સપોર્ટની મુખ્ય ઓફિસેથી ટ્રક (RJ-19-GF-4413) મારફતે આ કિંમતી માલ જામનગર આવવા રવાના થયો હતો. પરંતુ, આ માલ જામનગર પહોંચે તે પહેલાં જ રસ્તામાં જ ગાયબ થઈ જતાં જામનગરના બ્રાસ ઉદ્યોગ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. ગત 5મી ઓગસ્ટના રોજ નિયત સમયે માલની ડિલિવરી ન મળતા જામનગરના વેપારીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું અને તાત્કાલિક ટ્રાન્સપોર્ટ કંપનીનો સંપર્ક સાધતા આ મસમોટા કૌભાંડનો પર્દાફાશ થયો હતો.આ સમગ્ર કૌભાંડને રાજસ્થાનના જોધપુરના વતની એવા ડ્રાઈવર મનોહરસિંગ કરણસિંગ અને ક્લીનર પ્રતાપસિંગે અંજામ આપ્યો હતો. ગત 4થી ઓગસ્ટના રોજ બપોરના સમયે આ ટ્રક રાજકોટના ઢેબર રોડ પર આવેલી શ્યામ ટ્રાન્સપોર્ટની પેઢી પર પહોંચ્યો હતો. કુલ 27 ટન માલમાંથી રાજકોટની સ્થાનિક પાર્ટીઓનો 2 ટન માલ ઓફિસે ઉતારી લીધા.

### બે ચેક અને બાઇક પડાવી લીધી

## જામનગરમાં 13 લાખના વ્યાજ સામે 22 લાખ ચૂકવ્યા છતાં વ્યાજખોરોની ઉઘરાણી

(એજન્સી) જામનગર | તા.08


બે શખ્સો પાસેથી રૂ.13 લાખ જેટલી રકમ માસિક 20 ટકા વ્યાજે લીધા બાદ રૂ.22 લાખ જેટલી રકમ ચૂકવી હોવા છતાં વધુ વ્યાજ અને મુદ્દલની ઉઘરાણી કરી ધમકી આપવાના બનાવમાં પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધ્યો છે. વ્યાજખોરોની ધમકીથી કંટાળેલા યુવાને ફિનાઇલ પી લેતાં તેને જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.કાલાવડ નાકા બહાર એસ.ટી. ડિવિઝન પાસે ગ્રીન પાર્ક શેરી નં.1માં રહેતા અને મજૂરી કામ કરતા અમન યુનુશભાઈ મલેકે ફરિયાદ નોંધાવી છે કે, વર્ષ 2025માં ઘરની આર્થિક સ્થિતિ નબળી હોવાથી પૈસાની જરૂર પડતાં તેના મિત્ર અનીશ યુસુફભાઈ મીનાણી તથા તેના ભાઈ તોફીક યુસુફભાઈ મીનાણી પાસેથી અલગ-અલગ સમયે કટકે-કટકે રૂ.13 લાખ જેટલી રકમ માસિક 20 ટકા વ્યાજે લીધી હતી.ફરિયાદ મુજબ, અત્યાર સુધીમાં અમને બંને આરોપીઓને ગુગલ પે તથા રોકડ મારફતે અંદાજે રૂ.22 લાખ જેટલી રકમ ચૂકવી આપી હતી. તેમ છતાં બંને શખ્સો વધુ વ્યાજ તથા મુદ્દલની ઉઘરાણી કરતા હતા. આશરે એક મહિના પહેલાં બંને આરોપીઓ ફરિયાદીના ઘરે આવી વ્યાજના પૈસા નહીં આપે તો બંને પગ કાઢી નાખવાની ધમકી આપી ગાળો ભાંડી હતી અને ફરિયાદી પાસેથી આઈ.ડી.એફ.સી. બેંક તથા કોટક મહિન્દ્રા બેંકના તેની સહીવાળા કોરા ચેક બળજબરીથી લઈ ગયા હતા.આ ઉપરાંત આશરે પંદર દિવસ પહેલાં ફરિયાદીની એક્સેસ મોટરસાઈકલ, જેનો રજિસ્ટ્રેશન નંબર જીજે- 10-ડીક્યુ-1230 છે, તે પણ બંને શખ્સો બળજબરીથી લઈ ગયા હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.દરમિયાન તા.1 ઓગસ્ટના રોજ સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં અનીશનો ફોન આવ્યો હતો અને બે દિવસથી ફોન કરતો હોવાનું કહી વ્યાજના પૈસા નહીં આપે તો મકાન વેચી નાખવા તેમજ પૈસા નહીં આપે તો રાત્રે ઘરેથી ઉઠાવી જવાની ધમકી આપી હતી.

# ગાંઠ્યનું ગોપીચંદન ખર્ચીને સુવાસ પ્રસરાવતાં આચાર્યા જ્યોત્સનાબેન બારોટ

| તખુભાઈ | સાંડસુર

શિક્ષકો જન્મજાત હોય છે, જે ખરેખર પોતાના માટે નહીં, પણ બાળકના પરમ કલ્યાણાર્થે અવતરિત થઈને મથતાં હોય! જ્યાં પોતાનો વિચાર નહીં, પણ પોતાના વિદ્યાર્થીઓની ચિંતા વધુ હોય. 24+7 બાળકો માટે ઉપલબ્ધ હોય તેવા શિક્ષક ગુરુકુળમાં ન હોવા છતાં ઋષિતુલ્ય જ છે. આ વ્યાખ્યામાં બંધ બેસતા શિક્ષક હવે આજે દીવો લઈને શોધવા કઠિન તો છે જ, પણ ક્યાંક આજે પણ કોઈ ઘોર અંધકારમાં મીણબત્તી પ્રગટાવીને ઊભું છે. ભરૂચ જિલ્લાના આદિજાતિ વિસ્તારમાં ધૂણી ધખાવીને બેઠેલાં દરિયાદિલ આચાર્યા જ્યોત્સનાબેન બારોટની વાત આજે કરવી છે.પેલી મીન પિયાસીની કહેણી છે કે, 'સમતાનો જ્યાં સમય થયો, ત્યાં ઊંચું શું ને નીચું શું?' આજ રફતારને પકડીને જ્યોત્સનાબેને આદિજાતિ વિસ્તારનાં બાળકો માટે પોતાની જાત સમર્પિત કરી છે. 'બાલ દેવો ભવ' સૂત્રને સાકાર કરતાં જ્યોત્સનાબેન નવેઠા ગામ જ નહીં, પરંતુ તે પહેલાંની ગંધાર, કરવટ અને ત્રાંકલ–ત્રણેય શાળાઓમાં બાળકો સાથે દૂધમાં સાકરની જેમ ભળી ગયેલાં. પછી વિદ્યાર્થીઓ





પોતાની માને નહીં, પરંતુ આ માસ્તરને પહેલાં માંના સ્તર પર મૂકે. અને જ્યારે તેઓ કોઈ પણ શાળા બદલે ત્યારે આખું નિશાળનું ફળિયું રડતું અનેક લોકોએ જોયું છે. જ્યારે તેઓ પોતાની સેવાકાળની બદલી કરી રહ્યા હોય ત્યારે સમગ્ર ગામ તેમને પાછા વાળવા માટે તલપાપડ હતું. કારણ કે જ્યોત્સનાબેન માત્ર શિક્ષિકા નહોતાં, પરંતુ ગરીબ, વંચિત અને પીડિત બાળકોનાં આંસુ લૂછનાર એક સંવેદનશીલ વ્યક્તિત્વ અને હમદર્દ હતાં.પોતાનો નાનકડો પગાર હોવા છતાં તેમણે બાળકોના શિક્ષણને લગતી કોઈપણ જરૂરિયાત માટે પોતાના પર્સમાં હાથ નાખ્યો હોય, તો તે હાથ કદી પાછો ફર્યો નથી. તેઓ જિંદગીને ખરા અર્થમાં શિક્ષક તરીકે જીવવા માંગે છે તેનું આ તામ્રપત્રમાં લખેલું આ પ્રમાણપત્ર ગણાય!સને 1999થી શરૂ કરી 25 વર્ષ સુધી ત્રણ શાળાઓમાં તેમણે કામ કરીને TLM કોઈ ગ્રાન્ટમાંથી નહીં, પરંતુ જાતે પૈસા ખર્ચીને બનાવ્યાં. વિદ્યાર્થીઓના ચહેરા ઉપર હંમેશાં મુસ્કુરાહટ જોવાનો તેમણે પ્રયત્ન કર્યો. તેમણે ગમ્મત સાથે જ્ઞાનના વર્ગોમાં વિદ્યાર્થીઓને શીખવવામાં પડતી અગવડતાઓ ધ્યાનમાં લઈને વેસ્ટમાંથી બેસ્ટ બને તેવા શૈક્ષણિક સાધનો વિકસાવ્યાં છે.ભરૂચ જિલ્લાના નવેઠાની શાળાના બાળકોને ગુજરાતનાં તમામ સ્થળોનો પોતાના ખર્ચે પ્રવાસ કરાવ્યો છે. એટલું જ નહીં, વિદ્યાર્થીઓને કમ્પ્યુટર શિક્ષણ માટે સરકારી કોઈ વ્યવસ્થા ન હતી, તો પોતાના ખર્ચે શિક્ષક રોકીને બાળકોને નવી સદી સાથે તાલ મિલાવવા દ્રઢતા બતાવી! દાતાઓ પાસેથી શાળાની જરૂરિયાતો, વિદ્યાર્થીઓની જરૂરિયાતો વગેરેને ધ્યાનમાં લેતાં તેમણે મોટું દાન એકઠું કર્યું છે. તેથી આ નવેઠા શાળા આજે આંખે ઊડીને વળગે તેવી થઈ છે.

રિસોર્સ પર્સન કે માસ્ટર ટ્રેનર તરીકે તેમણે કદી સમયને જોયો નથી. ઓફિસ અવર્સને ડસ્ટબિનમાં નાખીને તેઓ મોડે સુધી કાર્યરત રહ્યાં છે. તેથી તેઓ વહીવટી તંત્ર, વિદ્યાર્થી સમુદાય અને સાથી શિક્ષક સમુદાયમાં એટલાં જ લોકપ્રિય રહ્યાં છે.

### ઘટનાસ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રક્શન કરાવ્યું

## જામનગરમાં પોલીસ પર હુમલો કરનાર બે શખસોની ધરપકડ

(એજન્સી) જામનગર | તા.08

શહેરના સીટી એ-ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં ૧૧૨ જનરક્ષક ટીમના પોલીસ કોન્સ્ટેબલ પર હુમલો કરી સરકારી ફરજમાં રુકાવટ કરવાના બનાવમાં પોલીસે ત્વરિત કાર્યવાહી કરી બંને આરોપીઓની ધરપકડ કરી છે. શુક્રવારે (સાતમી ઓગસ્ટ) પોલીસે બંને આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ બનાવનું રિકન્સ્ટ્રક્શન પણ કરાવ્યું હતું.પોલીસમાં નોંધાયેલી વિગત અનુસાર, 112 જનરક્ષક ટીમના પોલીસ કોન્સ્ટેબલ નીલેશ અધેરા અને ડ્રાઈવર અજયસિંહ સોઢા એક મારામારીની ફરિયાદના અનુસંધાને કાલાવડ નાકા બહાર આવેલા બુરહાની પાર્ક વિસ્તારમાં પહોંચ્યા હતા. આ દરમિયાન મુસ્તુફા મોહમદ વજુગરા અને હાજી વજુગરા નામના બે શખસોએ પોલીસ સાથે જીભાજોડી કરી સરકારી કામગીરીમાં અવરોધ ઊભો કર્યો હતો. આ સાથે જ પોલીસ કોન્સ્ટેબલને ઝાપટ મારી ધમકી આપી ફરજમાં રુકાવટ કરી હતી.આ બનાવ અંગે સીટી એ-ડિવિઝન પોલીસ મથકે બંને આરોપીઓ વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. સીટી એ-ડિવિઝનના પીઆઈ વિપુલસિંહ ડોડિયા, પીએસઆઈ વસંત ગામેતી તથા તેમની ટીમે ગુનાની તપાસ હાથ ધરીને બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા.ધરપકડ બાદ પોલીસે આરોપીઓને બનાવના સ્થળે લઈ જઈ સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું અને ત્યારબાદ તેઓને દરબારગઢ પોલીસ ચોકી ખાતે લાવવામાં આવ્યા હતા.

## દેશમાં મૂડીપ્રવાહ વધારવા સરકારની એફપીઆઈ સાથે બેઠક

# વિદેશી રોકાણકારોની STT, LTCG દૂર કરવા રજૂઆત

(એજન્સી) મુંબઈ | તા 08

મુંબઈમાં સરકારે દેશમાં મૂડીપ્રવાહ વધારવા ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ (FPI) સાથે બેઠક યોજી હતી. FPIsએ KYC ધોરણો અને ટેક્સ રિફંડ પ્રક્રિયા સરળ બનાવવા રજૂઆત કરી. વિદેશી ફંડોએ લોન્ગ ટર્મ કેપિટલ ગેઈન (LTCG) ટેક્સ અને સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (STT) નાબૂદ કરવાની માંગ કરી. રાહતના પગલે બોન્ડ બજારમાં નવું રોકાણ જોવા મળી રહ્યું છે.વિદેશી ફન્ડોએ નો યોર ક્લાયન્ટસ (કેવાયસી) ધોરણોને અને ટેક્સ રિફન્ડ પ્રક્રિયાને સરળ બનાવવા કરેલી રજૂઆત : રાહતના પગલે બોન્ડ બજારમાં નવું રોકાણ ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા તથા ક્રુડ તેલના ઊંચા ભાવને પરિણામે રૂપિયા પર આવેલા દબાણને ધ્યાનમાં રાખી ભારત સરકાર વિદેશમાંથી ડોલર પ્રવાહ વધારવા વિવિધ ઉપાયો કરી રહી છે. આ ઉપાયોના ભાગરૂપ સરકારે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ (એફપીઆઈ) સાથે ચર્ચાસત્ર શરૂ કર્યું છે. ભારતમાં સક્રિય એફપીઆઈઝમાંથી કેટલાક એફપીઆઈઝના પ્રતિનિધિઓ સાથે સરકારી અધિકારીઓએ વર્તમાન સપ્તાહમાં બેઠક કરી હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

વર્તમાન સપ્તાહમાં યોજાઈ ગયેલી બેઠકમાં વિદેશી રોકાણકારોની વિવિધ માગોમાં મુખ્ય માગ વેરામાં કપાત સંદર્ભની હતી એમ બેઠકમાં હાજર સરકારી સુત્રોએ જણાવ્યું હતું. વેરા કપાતમાં લોન્ગ ટર્મ કેપિટલ ગેઈન (એલટીસીજી) ટેક્સ તથા સિક્યુરિટીઝ ટ્રાન્ઝકશન ટેક્સ (એસટીટી) નાબૂદ થાય તેમ વિદેશી રોકાણકારો ઈચ્છી રહ્યા છે.




૨૦૧૭ સુધી લિસ્ટેડ સિક્યુરિટીઝને એલટીસીજી ટેકસમાંથી મુક્તિ અપાયેલ હતી. જો કે ૨૦૧૭થી તેને ફરી લાગુ કરાયો છે અને તેનો દર પણ ૧૦ ટકાથી વધારી ૨૦૨૪ના બજેટમાં ૧૨.૫૦ ટકા કરાયો છે. વર્તમાન નાણાં વર્ષના બજેટમાં સરકારે એફએન્ડઓ પરના એસટીટી દરમાં જોરદાર વધારો કર્યો છે. ફ્યુચર્સ પરનો એસટીટી ૦.૦૨ ટકા પરથી ૧૫૦ ટકા વધારી ૦.૦૫ ટકા કર્યો છે.સરકારે તાજેતરમાં ડેબ્ટ સિક્યુરિટીઝમાં વિદેશી ફન્ડોને નફા પર ટેક્સની ચૂકવણીમાંથી મુક્તિ આપી છે. આ નિર્ણયને કારણે બોન્ડ બજારમાં નવા ઈન્વેસ્ટમેન્ટમાં વધારો જોવા મળી રહ્યો છે, એમ સદર બેઠકમાં વિદેશી રોકાણકારો વતિ રજૂઆત કરાઈ હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. આવોજ નિર્ણય જો ઈક્વિટીસ માટે લેવાશે તો તેમાં જંગી ઈન્ફલોસ આવશે એવી પણ ખાતરી ઉચ્ચારવામાં આવી હતી.

વિદેશી ફન્ડોએ નો યોર ક્લાયન્ટસ (કેવાયસી) ધોરણોને સરળ બનાવવા સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ને સૂચન કર્યું હતું. એક ફન્ડના રજિસ્ટ્રેશન વખતે ડિજિટલ દસ્તાવેજો સ્વીકારવા સેબીને વિનંતી કરવામાં આવી હોવાનું પણ સુત્રોએ વધુમાં જણાવ્યું હતું. એફપીઆઈ માટે ટેક્સ રિફન્ડ પ્રક્રિયાને સરળ બનાવવા પણ સરકારને અનુરોધ કરાયો હતો.

### મોર્ગન સ્ટેન્લીના અહેવાલમાં ખુલાસો સામૂહિક બુદ્ધિમત્તાના મુખ્ય આધાર

નવી દિલ્હી: કોઈપણ સમૂહ દ્વારા લેવાયેલા નિર્ણયો ત્યારે જ સચોટ અને અસરકારક સાબિત થઈ શકે છે જ્યારે તેમાં કેટલાક વિશિષ્ટ પરિબળોનું પાલન કરવામાં આવે. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા એક વિશેષ અહેવાલ અનુસાર, સામૂહિક બુદ્ધિમત્તાના માધ્યમથી શ્રેષ્ઠ પરિણામો મેળવવા માટે મુખ્યત્વે ત્રણ બાબતો અત્યંત આવશ્યક છે. આ અહેવાલમાં નાણાકીય બજારો અને અનુમાન બજારોની કાર્યપ્રનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવ્યો છે, જેમાં સ્પષ્ટ થાય છે કે યોગ્ય પરિસ્થિતિઓમાં સમૂહ ખૂબ જ ચોક્કસ નિર્ણયો લઈ શકે છે, જ્યારે નિયમોના અભાવે પરિણામો વિપરીત પણ આવી શકે છે.પ્રથમ મહત્વનું પરિબળ જ્ઞાનાત્મક વિવિધતા છે, જેનો અર્થ માત્ર સામાજિક વિભિન્નતા નથી પરંતુ સહભાગીઓ પાસે રહેલી અલગ-અલગ પ્રકારની માહિતી, જ્ઞાન અને વિચારવાની પદ્ધતિઓ છે. જ્યારે જૂથમાં વિવિધ પ્રકારના દ્રષ્ટિકોણ હોય છે, ત્યારે સામુદાયિક ભૂલોની શક્યતા ઘટી જાય છે. આ ઉપરાંત, માત્ર વિવિધ માહિતી હોવી પૂરતી નથી, પરંતુ તેનું યોગ્ય એકત્રીકરણ થવું પણ એટલું જ અનિવાર્ય છે. બજારો વિવિધ પદ્ધતિઓ દ્વારા માહિતીને જોડીને ચોક્કસ પરિણામો સુધી પહોંચે છે, જ્યાં સરળ સરેરાશ પદ્ધતિઓ પણ સચોટતા વધારવામાં મદદરૂપ બને છે.

## News Brief

### ઈન્શ્યોરન્સ ક્લેમમાં વિલંબ હવે કંપનીઓને મોંઘો પડશે, વધારાનું વ્યાજ ચૂકવવા આદેશ




અમદાવાદ : કેન્દ્ર સરકારે ઈન્શ્યોરન્સ ક્લેમના સમાધાનમાં વિલંબ અંગે કડક વલણ અપનાવ્યું છે. સરકારે વીમાના દાવાની પ્રક્રિયાને વધુ પારદર્શક, જવાબદાર અનેગ્રાહક-મૈત્રીપૂર્ણ બનાવવા માટે ઘણા મહત્વપૂર્ણ ફેરફારો કર્યા છે. નવી જોગવાઈઓ હેઠળ, જો કોઈ વીમા કંપની નિર્ધારિત સમયમર્યાદામાં ક્લેમ ચૂકવવામાં નિષ્ફળ જાય છે તો તેણે બેંક દર કરતાં બે ટકા વધુ વ્યાજ સાથે રકમ ચૂકવવાની રહેશે. રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં, નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું કે સરકાર, વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળ (આરડીએઆઈ) સાથે મળીને ઈન્શ્યોરન્સ ક્લેમના સમાધાન પર સતત દેખરેખ રાખી રહી છે. આ માટે, ગ્રાહકોની ફરિયાદો અને દાવા સંબંધિત બાબતોનું નિરીક્ષણ વિવિધ ચેનલો દ્વારા કરવામાં આવે છે, જેમાં વીમા ભરોસા પોર્ટલનો પણ સમાવેશ થાય છે.સરકારે દાવા અસ્વીકાર પ્રક્રિયાને પણ વાૃધુ પારદર્શક બનાવી છે. મનસ્વી અસ્વીકારને રોકવા માટે, વીમા દાવાને નકારી કાઢતા પહેલા સંબંધત સમિતિની મંજૂરી મેળવવી હવે ફરજિયાત રહેશે. વીમા કંપનીઓએ તેમની પોલિસીમાં સમગ્ર ઈન્શ્યોરન્સ ક્લેમ પ્રોસેસ અને જરૂરી દસ્તાવેજોની યાદી સ્પષ્ટ રીતે જણાવવાની રહેશે. ગ્રાહકો ઓનલાઈન પોર્ટેલ, કોલ સેન્ટર અથવા અન્ય અધિકૃત ચેનલો દ્વારા સરળતાથી ક્લેમ કરી શકશે. વીમા કંપનીઓએ આ પ્રક્રિયામાં સંપૂર્ણ સહયોગ આપવાનો રહેશે.આ સિવાય સૌથી મહત્વનું જો ચૂકવણી નિર્ધારિત સમયમર્યાદામાં કરવામાં નહીં આવે તો કંપનીઓએ બેંક દર કરતાં બે ટકા વાૃધુ વ્યાજ સાથે ક્લેમની રકમ ચૂકવવાની રહેશે. વીમા કંપનીઓએ દાવાઓનું ઝડપી અને વાજબી સમાધાન સુનિશ્ચિત કરવાની જરૂર પડશે. કંપનીના ટોચના અધિકારીઓએ જવાબદારી સુનિશ્ચિત કરવા માટે નિયમિત દેખરેખ જરૂરી છે. સરકારના મતે આ ફેરફારો પોલિસીધારકોના અધિકારોને મજબૂત બનાવશે, ઈન્શ્યોરન્સ ક્લેમ પ્રોસેસમાં પારદર્શિતા વધારશે અને ગ્રાહકોને સમયસર ચુકવણી સુનિશ્ચિત કરશે.

### એકધારી વેચવાલી બાદ FIIની જુલાઈ માસમાં ઈક્વિટીમાં નવી ખરીદી



મુંબઈ : સતત બે મહિના સુધી ભારતીય ઈક્વિટીસમાં વેચવાલીનો મારો ચલાવ્યા બાદ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈસ) જુલાઈમાં નેટ ખરીદદાર રહ્યા હતા. વિદેશી રોકાણકારોએ જુલાઈમાં રૂપિયા ૨૦૧૯૯ કરોડની નેટ ખરીદી કરી હતી જે જૂનમાં રૂપિયા ૪૯૩૪૧ કરોડનો નેટ આઉટફલોસ રહ્યો હતો.ભારતીય ઈક્વિટીસમાં વિદેશી રોકાણકારોનું મુખ્ય આકર્ષણ કન્ઝયૂમર સર્વિસીઝ, હેલ્થકેર તથા કન્ઝયૂમર ડયૂરેબલ્સમાં રહ્યું છે. બીજી બાજુ વિદેશી રોકાણકારોએ કેપિટલ ગુડસ, ટેલિકોમ તથા ઓટોમોબાઈલ્સમાંથી રોકાણ પાછા ખેંચવાનો વ્યૂહ બનાવ્યો હોવાનું પ્રાપ્ત ડેટા પરથી જણાય છે.ભારતીય ઈક્વિટીસ સંદર્ભમાં વિદેશી રોકાણકારો આક્રમક ખરીદી કરવાને બદલે સાવચેતીપૂર્ણ રીતે આગળ વધી રહ્યા હોવાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું. ભારતમાં રિટેલ માગ મજબૂત જોવા મળી રહી છે જેને પરિણામે એફઆઈઆઈ કન્ઝયૂમર ડયૂરેબલ્સ તથા કન્ઝયૂમર સર્વિસીઝમાં રોકાણ વધારી રહી છે.ગ્રામ્ય માગના ટેકા સાથે ભારતની ફાસ્ટ મુવિંગ કન્ઝયૂમર ગુડસ (એફએમસીજી) માર્કેટમાં જૂન ત્રિમાસિક ગાળામાં મૂલ્યની દ્રષ્ટિએ ૬.૮૦ ટકા વધારો થયો છે જે માર્ચ ત્રિમાસિકમાં ૩.૬૦ ટકા જોવા મળ્યો હતો.આરોગ્ય બાબતે લોકોમાં આવી રહેલી જાગૃતિને પરિણામે આરોગ્ય સંભાળ પાછળ ઉપભોગતાના ખર્ચમાં પણ વધારો થયો છે જેનો લાભ હેલ્થકેર ક્ષેત્રને થઈ રહ્યો હોવાની ગણતરીએ એફઆઈઆઈ તેમાં નાણાં ઠાલવી રહી છે. હાલની ભૌગોલિકરાજકીય અનિશ્ચિતતા વચ્ચે કંપનીઓ ખાસ કરીને માળખાકીય તથા કેપિટલ ગુડસ ક્ષેત્રની કંપનીઓ મૂડીખર્ચ કરવાનું ટાળી રહી છે, અથવા તેમાં ધીમી ગતિએ આગળ વધી રહી છે. બીજી બાજુ ઉપભોગતા રોજબરોજના વપરાશની ચીજવસ્તુઓ પાછળ સતત નાણાં ખર્ચી રહ્યા હોવાથી વિદેશી રોકાણકારો દ્વારા રોકાણ વ્યૂહમાં બદલાવ જોવાઈ રહ્યો હોવાનું રિપોર્ટમાં નોધવામાં આવ્યું છે.

### ક્રૂડ ઓઈલની આયાત પ્રભાવિત થવાથી વધશે

## અમેરિકાના રશિયન પ્રતિબંધોના કાયદાથી ભારત સાથે વ્યાપારી સમજૂતી અનિવાર્ય બની

નવી દિલ્હી:કોઈપણ સમૂહ દ્વારા લેવાયેલા નિર્ણયો ત્યારે જ સચોટ અને અસરકારક સાબિત થઈ શકે છે જ્યારે તેમાં કેટલાક વિશિષ્ટ પરિબળોનું પાલન કરવામાં આવે. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા એક વિશેષ અહેવાલ અનુસાર, સામૂહિક બુદ્ધિમત્તાના માધ્યમથી શ્રેષ્ઠ પરિણામો મેળવવા માટે મુખ્યત્વે ત્રણ બાબતો અત્યંત આવશ્યક છે. આ અહેવાલમાં નાણાકીય બજારો અને અનુમાન બજારોની કાર્યપ્રનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવ્યો છે, જેમાં સ્પષ્ટ થાય છે કે યોગ્ય પરિસ્થિતિઓમાં સમૂહ ખૂબ જ ચોક્કસ નિર્ણયો લઈ શકે છે, જ્યારે નિયમોના અભાવે પરિણામો વિપરીત પણ આવી શકે છે.

જેનો અર્થ માત્ર સામાજિક વિભિન્નતા નથી પરંતુ સહભાગીઓ પાસે રહેલી અલગ-અલગ પ્રકારની માહિતી, જ્ઞાન અને વિચારવાની પદ્ધતિઓ છે. જ્યારે જૂથમાં વિવિધ પ્રકારના દ્રષ્ટિકોણ હોય છે, ત્યારે સામુદાયિક ભૂલોની શક્યતા ઘટી જાય છે. આ ઉપરાંત, માત્ર વિવિધ માહિતી હોવી પૂરતી નથી, પરંતુ તેનું યોગ્ય એકત્રીકરણ થવું પણ એટલું જ અનિવાર્ય છે. બજારો વિવિધ પદ્ધતિઓ દ્વારા માહિતીને જોડીને ચોક્કસ પરિણામો સુધી પહોંચે છે, જ્યાં સરળ સરેરાશ પદ્ધતિઓ પણ સચોટતા વધારવામાં મદદરૂપ બને છે. ત્રીજી મહત્વની શરત સહભાગીઓ માટેના પ્રોત્સાહનો સાથે જોડાયેલી છે. નવી દિલ્હી:અમેરિકા દ્વારા રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી કરનારા દેશોને ધ્યાનમાં રાખીને પ્રસ્તાવિત કરવામાં આવેલા નવા પ્રતિબંધોના કાયદા બાદ ભારત માટે અમેરિકા સાથે વ્યાપારી સમજૂતી કરવી વધુ અનિવાર્ય બની ગઈ છે. એક અગ્રણી બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી દ્વારા આપવામાં આવેલા નિવેદન અનુસાર, જો ક્રૂડ ઓઈલના પુરવઠામાં કોઈપણ પ્રકારનો વિક્ષેપ ઊભો થાય તો તેનાથી ભારતનું આયાત બિલ વધી શકે છે અને સ્થાનિક ચલણ રૂપિયા પર પણ દબાણ સર્જાઈ શકે છે.

### ગત મહિને વીજ વાહનોમાં સૌથી વધુ વેચાણ ટુ વ્હીલર્સનું રહ્યું

## ડીઝલનો માર : જુલાઈમાં ઈ ટ્રકસના વેચાણમાં 12 ગણો વધારો નોંધાયો

મુંબઈ : મુંબઈમાં જુલાઈમાં ઈ-ટ્રકનું વેચાણ 12 ગણું વધ્યું છે. પશ્ચિમ એશિયા યુદ્ધને કારણે ઈંધણના ભાવ વધતાં તેની માંગમાં ઉછાળો આવ્યો છે. ગયા મહિને કુલ 208 ઈ-ટ્રકનું રજિસ્ટ્રેશન થયું. કુલ વીજ વાહન વેચાણ 66% વધીને 3,27,901 થયું, જેમાં 2,04,362 ઈ-ટુ વ્હીલર્સનું વેચાણ સૌથી વધુ રહ્યું.ડીઝલથી ચાલતા ટ્રકસની સરખામણીએ લગભગ બમણી કિંમત ધરાવતા ઈ-ટ્રકસનું વેચાણ જુલાઈમાં ૧૨ ગણુ ઊંચુ રહ્યું હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે. પશ્ચિમ એશિયા યુદ્ધને કારણે ઈંધણના ભાવમાં આવેલા ઉછાળા બાદ ઈ-ટ્રકસની માગમાં વધારો જોવા મળ્યો છે એમ વાહનના ડેટા પરથી કહી શકાય એમ છે. જુલાઈમાં ૨૦૮ ઈલેકટ્રીક ટ્રકનું રજિસ્ટ્રેશન થયું છે જે ગયા વર્ષના જુલાઈમાં થયેલા ૧૭ રજિસ્ટ્રેશનની સરખામણીએ ૧૨ ગણું છે. વર્તમાન વર્ષના જાન્યુઆરીથી જુલાઈના ગાળામાં કુલ ૮૨૧ ઈ-ટ્રકસનું રજિસ્ટ્રેશન થયું છે. ૨૦૨૫ના સમાન ગાળામાં ૧૫૬ ઈ- ટ્રકસ રજિસ્ટર્ડ થયા હતા.ખર્ચાળ બેટરી પેકસ ઉપરાંત જાળવણી ખર્ચ પ્રમાણમાં નીચો રહેતો હોવાથી ઈ-ટ્રકસની કિંમત ઊંચી રહે છે.ગત મહિને વીજ સંચાલિત



વાહનોનું એકંદર વેચાણ વાર્ષિક ધોરણે ૬૬ ટકા વધી ૩,૨૭,૯૦૧ રહ્યું હતું. વીજ વાહનમાં ૨,૦૪,૩૬૨ સાથે સૌથી વધુ વેચાણ ઈ-ટુ વ્હીલર્સનું રહ્યું છે. ઈ- ટુ વ્હીલર્સના વેચાણમાં ૮૮.૩૦ ટકા વધારો થયાનું ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા)ના ડેટામાં જણાવાયું છે.

### ફાર્માસ્યુટિકલ સંશોધન અને વિકાસ ક્ષેત્રે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ બની રહ્યું છે મુખ્ય પાયો

નવી દિલ્હી:આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હવે માત્ર એક પ્રાયોગિક ટેકનોલોજી રહી નથી, પરંતુ ફાર્માસ્યુટિકલ ક્ષેત્રના સંશોધન અને વિકાસ માટે તે એક મુખ્ય પાયો બની રહી છે. એક તાજા અહેવાલ અનુસાર, આ તકનીક કંપનીઓને નવી દવાઓની શોધ ઝડપી બનાવવા, સંશોધનની ઉત્પાદકતામાં સુધારો કરવા અને વધુ સચોટ વૈજ્ઞાનિક નિર્ણયો લેવામાં વ્યાપક મદદ કરી રહી છે. બાયોફાર્માસ્યુટિકલ કંપનીઓ હવે સંભવિત દવાના લક્ષ્યોને ઓળખવા, નવા અણુઓની રચના કરવા અને પ્રી-ક્લિનિકલ તેમજ ક્લિનિકલ પરીક્ષણો માટે કયા ઉમેદવારોને આગળ વધારવા તે નક્કી કરવા માટે આ ડિજિટલ પ્લેટફોર્મનો વ્યાપક ઉપયોગ કરી રહી છે. અહેવાલમાં જણાવ્યા અનુસાર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હવે રોકાણની વ્યુહરચના, વિકાસના સમયગાળા અને સંગઠનાત્મક નિર્ણયોને સીધી રીતે પ્રભાવિત કરી રહી છે. બજારના ઉપલબ્ધ આંકડાઓ દર્શાવે છે કે વૈશ્વિક સ્તરે દવાઓની શોધમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું બજાર સતત વધી રહ્યું છે અને આગામી સમયમાં તેમાં નોંધપાત્ર જંપલાવવાની અપેક્ષા છે.

### સરકાર પાસે માંગ્યો જવાબ નાના કરદાતાઓને મળશે મોટી રાહત

## ITR વગર TDS રિફંડ મેળવવાની નવી માંગ દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી પૂછ્યો ખુલાસો

નવી દિલ્હી: જો કોઈ પણ નાગરિકની આવક પર કર કપાત થતી હોય પરંતુ વાસ્તવિક રીતે તેની કોઈ કર જવાબદારી બનતી ન હોય, તો શું તેને રિટર્ન દાખલ કર્યા વગર પણ નાણા પાછા મળવા જોઈએ? આ એક મોટો સવાલ હાલમાં ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. દેશની રાજધાની દિલ્હી ખાતે આ મહત્વપૂર્ણ વિષય પર અદાલતે ગંભીર નોંધ લીધી છે અને સંબંધિત સત્તાવાળાઓને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ મામલે આગામી સમયમાં વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે, જેના પર લાખો કરદાતાઓની નજર ટકેલી છે.વર્તમાન સમયના નિયમો અનુસાર, કોઈપણ નાગરિકે કપાત થયેલી રકમ પાછી મેળવવા માટે આવકવેરા રિટર્ન ભરવું અનિવાર્ય છે. પરંતુ અદાલતમાં દાખલ કરવામાં આવેલી એક જનહિત અરજીમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે જે વર્ગને રિટર્ન ભરવામાંથી મુક્તિ મળેલી છે અથવા જેની કર જવાબદારી શૂન્ય છે, તેમને માત્ર નાણા પરત મેળવવા માટે લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. મીડિયા અહેવાલ મુજબ, આ અરજીમાં કાયદાની એક વિશેષ જોગવાઈને પડકારવામાં આવી છે, જેમાં કર કપાત પરત મેળવવા માટે રિટર્ન ફાઈલ કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

આ સમગ્ર વ્યવસ્થાઓની સૌથી વધુ અસર સમાજના સંવેદનશીલ વર્ગ પર પડે છે. જેમાં મુખ્યત્વે વરિષ્ઠ નાગરિકો, ઓછી આવક ધરાવતા કર્મચારીઓ અને નાના શ્રમિકોનો સમાવેશ થાય છે. અનેક લોકોની કર જવાબદારી નહિવત્ હોવા છતાં તેમની કપાત થઈ જાય છે, પરંતુ માત્ર થોડીક રકમ પાછી મેળવવા માટે તેઓ પૂરતી જાણકારી કે અન્ય કારણોસર રિટર્ન ભરી શકતા નથી. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને, અરજદાર દ્વારા એવી માંગ કરવામાં આવી છે કે સરકારી તંત્ર પાસે કરદાતાઓની તમામ માહિતી પહેલેથી જ ઉપલબ્ધ હોય છે, જેથી આખી પ્રક્રિયા સ્વયંસંચાલિત રીતે થવી જોઈએ.

### ઈ-કોમર્સ નિકાસ વધારવા અને નાના વ્યવસાયો માટે એફડીઆઈ નિયમોમાં સુધારો

જયપુર:ભારતમાં ઈ-કોમર્સ વેપારને મોટા પાયે પ્રોત્સાહન આપવા અને નાના વ્યવસાયો, હસ્તકલાના કારીગરો, ખેડૂતો તેમજ મચ્છીમારોને વિશાળ વૈશ્વિક બજારો સુધી પહોંચાડવા માટે વિદેશી રોકાણના નિયમોમાં મહત્વપૂર્ણ સંશોધનો કરવામાં આવ્યા છે. દેશની રાજધાની જયપુર ખાતે યોજાયેલી બ્રિક્સ વ્યાપાર અને ઉદ્યોગ મંત્રીઓની બેઠક બાદ મીડિયા સાથે વાતચીત કરતા કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે. આ નવા નિયમોના અમલીકરણથી હાથશાળ, હસ્તકલા, વસ્ત્રો, ફૂટવેર અને ખાદ્ય ચીજવસ્તુઓ જેવા અનેક ઉત્પાદનોના ઈ-કોમર્સ વેપારને સીધો વેગ મળશે.મીડિયા અહેવાલ મુજબ, ભારત આ વર્ષે બ્રિક્સનું પ્રમુખપદ સંભાળી રહ્યું છે, જેના અંતર્ગત યોજાયેલી આ બેઠકમાં સભ્ય દેશો વચ્ચે વેપાર, રોકાણ, માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝ માટે નાણાકીય સહાય તેમજ ડિજિટલ વાણિજ્યને મજબૂત બનાવવાના ઉપાયો પર વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી.

### ગ્રાહકો અને નાના વેપારીઓ માટે UPI રહેશે ફ્રી

## UPI પેમેન્ટ પર ચાર્જ અંગે સૌથી મોટો ભ્રમ દૂર! ગ્રાહકો અને નાના વેપારીઓને મોટી રાહત

(એજન્સી) નવી દિલ્હી | તા 08

યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) પર ચાર્જ લાગુ થવાની અફવાઓ વચ્ચે, પેમેન્ટ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (PCI) એ સ્પષ્ટતા કરી છે. PCI એ જણાવ્યું છે કે, સામાન્ય ગ્રાહકો અને નાના વેપારીઓ માટે UPI ચૂકવણી સંપૂર્ણપણે મફત રહેશે. સિસ્ટમને મજબૂત અને ટકાઉ બનાવવા માટે ચર્ચાઓ ચાલી રહી છે, પરંતુ ગ્રાહકો કે નાના વેપારીઓ પર કોઈ બોજ નહીં પડે. મોટા વેપારીઓ પર ભવિષ્યમાં ચાર્જ લાગી શકે છે, જે તેમનો અને સર્વિસ પ્રોવાઈડર વચ્ચેનો કરાર હશે.

UPI Charges Clarification: યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) પર ચાર્જ વસૂલવામાં આવશે તેવી વિવિધ ચર્ચાઓ વચ્ચે પેમેન્ટ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (PCI)એ સ્પષ્ટતા કરી છે. PCIએ




જણાવ્યું છે કે સામાન્ય ગ્રાહકો અને નાના વેપારીઓ માટે UPI ચૂકવણી પહેલાની જેમ જ સંપૂર્ણપણે મફત રહેશે. હવે મૂળ મુદ્દો એ છે કે ઝડપથી વધી રહેલા આ ડિજિટલ પેમેન્ટ નેટવર્કને લાંબા સમય સુધી કેવી રીતે મજબૂત અને ટકાઉ બનાવી શકાય, જેને ધ્યાનમાં રાખીને કેટલાક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે.PCIએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, વર્ષ 2016માં UPIની શરૂઆત થઈ ત્યારથી જ સરકાર અને પેમેન્ટ ક્ષેત્રે ગ્રાહકો પાસેથી કોઈ પણ પ્રકારનો ટ્રાન્ઝેક્શન ચાર્જ લીધો નથી અને ભવિષ્યમાં પણ ગ્રાહકો કોઈ પણ ચાર્જ વગર UPIનો ઉપયોગ કરી શકશે. આ ઉપરાંત નાના દુકાનદારો અને કરિયાણા વેપારીઓ પાસેથી પણ UPI પેમેન્ટ સ્વીકારવા પર કોઈ મર્ચેન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લેવામાં આવશે નહીં. UPIને નાના કારોબારીઓ સુધી ડિજિટલ પેમેન્ટની સુવિધા પહોંચાડવાના હેતુથી બનાવવામાં આવ્યું હતું અને તેમની સુવિધા હંમેશા પ્રાથમિકતા રહેશે.UPI આજે વિશ્વની સૌથી મોટી રિયલ-ટાઈમ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ બની ચૂકી છે. દર મહિને અબજોના ટ્રાન્ઝેક્શન થતા હોવાને કારણે આ સિસ્ટમને સુરક્ષિત, મજબૂત અને ટકાઉ બનાવી રાખવા માટે જરૂરી રોકાણ અને માળખા પર ચર્ચા થઈ રહી છે. જોકે, તેનાથી ગ્રાહકો કે નાના વેપારીઓ પર કોઈ વધારાનો બોજ પડશે નહીં.

## ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) દ્વારા E20 પેટ્રોલમાં ભેજ અને ક્લોરાઇડની હાજરીની તપાસ: 500 ppm ક્લોરાઇડ અને ભેજ હોવાના દાવા અમાન્ય ઠર્યા

(એજન્સી) નવી દિલ્હી | તા 08

EBMS (E20 પેટ્રોલ) માં ભેજ અને ક્લોરાઇડ હોવાના તાજેતરના મીડિયા અહેવાલો વચ્ચે, OMCs દ્વારા સમગ્ર EBMS સપ્લાય ચેઈનને આવરી લેતી વધારાની સઘન ચકાસણી કરવામાં આવી હતી. આ તપાસના પરિણામો પુષ્ટિ કરે છે કે બળતણની ગુણવત્તા સતત નિર્ધારિત મર્યાદામાં જળવાઈ રહી છે. કરવામાં આવી રહેલા ચોક્કસ દાવાઓથી વિપરીત, વૈજ્ઞાનિક રીતે ડિઝાઈન કરાયેલા પરીક્ષણો દ્વારા કરવામાં આવેલા વ્યાપક રેન્ડમ ટેસ્ટિંગના આધારે પુરાવા દર્શાવે છે કે બળતણમાં દૂષણ (contamination) અંગે ચિંતા કરવાનું કોઈ કારણ નથી.OMCs અમારા તમામ આદરણીય ગ્રાહકોને આશ્વાસન આપવા માંગે છે કે અમે બળતણની ગુણવત્તાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીએ છીએ અને વાહનની કામગીરી અથવા ગ્રાહકના વિશ્વાસને સંભવિતપણે અસર કરી શકે તેવા કોઈપણ મુદ્દાને વૈજ્ઞાનિક તપાસ અને સુધારાત્મક પગલાં દ્વારા તાત્કાલિક ઉકેલવામાં આવે છે.ભારત સરકારે પેટ્રોલમાં બ્લેન્ડિંગ માટે વપરાતા ઈથેનોલ માટે કડક ક્લોરાઇડ સ્પેસિફિકેશન નિર્ધારિત કર્યા છે અને સમગ્ર સપ્લાય ચેઈનમાં પાલન સુનિશ્ચિત કરવા માટે હાઈ-ફ્રિકવન્સી મોનિટરિંગ મિકેનિઝમ સ્થાપિત કર્યું છે. દેશભરમાં રિફાઈનરીઓ, ડિસ્ટિલરીઓ, ડેપો/ટર્મિનલ્સ અને રિટેલ આઉટલેટ્સ સહિત સપ્લાય ચેઈનના બહુવિધ પોઈન્ટ્સ પર ક્લોરાઇડનું મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે, જે પુષ્ટિ કરે છે કે સમગ્ર સપ્લાય ચેઈન દરમિયાન ગુણવત્તા સતત જાળવવામાં આવે છે.પહેલેથી જ સ્થાપિત ગુણવત્તા આશ્વાસન પ્રોટોકોલ્સ ઉપરાંત, ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ દરેક રિટેલ આઉટલેટ પર દરરોજ 8-12 વખત વોટર-ઈનગ્રેસ (પાણીનું પ્રવેશવું) અને ડેન્સિટી (ઘનતા) પરીક્ષણો કરીને સર્વેલન્સને વધુ મજબૂત બનાવ્યું છે. વિવિધ સ્થળોએ મોબાઈલ ફ્યુઅલ ક્વોલિટી ટેસ્ટિંગ લેબોરેટરીઓ પણ તૈનાત કરવામાં આવી છે, જ્યારે ગુણવત્તા આશ્વાસનના ઉચ્ચતમ ધોરણો સુનિશ્ચિત કરવા ફ્યુઅલ લેબોરેટરીઝ દ્વારા પરીક્ષણ પરિણામોનું સ્વતંત્ર રીતે વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે.સપ્લાય ચેઈનમાં આ બહુવિધ પગલાંઓ ધરાવતા ટેસ્ટિંગ પ્રોટોકોલ્સે અમારા ઉચ્ચતમ બળતણ ગુણવત્તા ધોરણોને માન્ય કર્યા છે.1. રિફાઈનરીમાંથી MS (પેટ્રોલ): પેટ્રોલમાં વાસ્તવિક ક્લોરાઇડનું સ્તર 1 ppm ની અંદર જ છે : વિવિધ રિફાઈનરીઓમાંથી રેન્ડમ રીતે પસંદ કરાયેલા 100 થી વધુ વધારાના પેટ્રોલ સેમ્પલના પરીક્ષણથી પુષ્ટિ મળે છે કે ક્લોરાઇડનું પ્રમાણ સતત ઓછું રહે છે, જેમાં તમામ સેમ્પલ 1 ppm અથવા તેનાથી નીચે નોંધાયા છે. આ ભારતની મજબૂત રિફાઈનિંગ અને ડિસ્પેચ પ્રક્રિયામાં વણાયેલી ગુણવત્તા તપાસની સતત અસરકારકતા દર્શાવે છે.2. ડિસ્ટિલરીમાંથી શુદ્ધ ઈથેનોલ: ડિસ્ટિલરીઓ દ્વારા સપ્લાય કરાયેલ ઈથેનોલ – જે મુખ્ય બ્લેન્ડિંગ ઘટક છે – તેણે પણ સતત નિર્ધારિત સ્પેસિફિકેશન કરતાં નોંધપાત્ર રીતે નીચે ક્લોરાઇડ સ્તર નોંધાવ્યું છે, જે ઉત્પાદન તબક્કે મજબૂત ગુણવત્તા નિયંત્રણ પદ્ધતિ દર્શાવે છે. OMCs અને CHT ના સભ્યો ધરાવતી એક સમર્પિત ટાસ્ક ફોર્સે છેલ્લા 10 દિવસમાં દેશભરની 80 ડિસ્ટિલરીઓમાંથી ઈથેનોલના સેમ્પલ તપાસ્યા છે અને તમામ સેમ્પલમાં ક્લોરાઇડનું પ્રમાણ 3 ppm કરતાં ઓછું હતું.3. OMCs ના માર્કેટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા વિતરિત ઈથેનોલ બ્લેન્ડેડ MS (E20): ડેપો / ટેન્ક ટ્રક: ડેપો અને ટર્મિનલ પર પરીક્ષણ કરાયેલા ઈથેનોલ અને E20 સેમ્પલ નિર્ધારિત ક્લોરાઇડ મર્યાદાઓને પૂર્ણ કરવાનું ચાલુ રાખે છે. આ તબક્કે નિયમિત મોનિટરિંગ સુનિશ્ચિત કરે છે કે બળતણ સ્ટોરેજ અને વિતરણ નેટવર્ક દ્વારા આગળ વધે ત્યારે ગુણવત્તા જળવાઈ રહે. દેશભરના વિવિધ OMC ટર્મિનલ્સમાંથી એકત્રિત કરાયેલા 80 થી વધુ સેમ્પલમાં ક્લોરાઇડનું પ્રમાણ 3 ppm થી ઓછું જોવા મળ્યું હતું.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, અષાઢ વદ - 11

# મોહન ભાગવતના નિવેદન પછી દિપકેનો વળતો ઘા

કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપકેએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતના વિદ્યાર્થી આંદોલન અંગેના નિવેદનનો આકરતી રીતે જવાબ આપ્યો છે. દિપકેએ X પર લખ્યું, ‘ટુ હુમ ઇટ મે કંસર્ન...’ સાથે ભાગવતના નિવેદનની પોસ્ટ મૂકી. તેમનો ટોણો ભાજપના નેતાઓ માટે હતો, જેમણે વિદ્યાર્થીઓના આંદોલનને રાષ્ટ્રવિરોધી ગણાવ્યું હતું.રાષ્ટ્રીય સ્વય સેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે વિદ્યાર્થી આંદોલન બાબતે જે નિવેદન આપ્યું છે એનો જવાબ કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપકેએ આકરતી રીતે આપ્યો છે. દિપકેએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે ‘ટુ હુમ ઇટ મે કંસર્ન (જેમણે સમજવું હોય, એ સમજી જાય) આટલા લખાણની સાથે ભાગવતના નિવેદનની પોસ્ટ દિપકેએ મૂકી છે. ખરેખર તો દિપકેનો ટોણો ભાજપના નેતાઓ માટે છે જેમણે વિદ્યાર્થીઓના આંદોલનને રાષ્ટ્ર વિરોધી ગણાવ્યું હતું. કોકરોચ જનતા પાર્ટીના નેતાઓ વચ્ચે ભાગવતના નિવેદનની ચર્ચા થઈ હતી. દિપકે સહિતના બીજા નેતાઓએ પણ માન્યું છે કે મોહન ભાગવતના આ નિવેદનને ભાજપના પગ નીચે રેલો આવ્યો હોવાથી હવે તેઓ યુવા વર્ગને આકર્ષિત કરવા નાટક રચી રહ્યા છે. જોકે જેન ઝી ભાગવતની વાત પર વિશ્વાસ કરે એ શક્ય નથી.‘પંજાબ વિધાનસભાની ચૂંટણીને હવે થોડા મહિના બાકી રહ્યા છે. સીરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલએ દિલ્હી જઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી છે. લાંબા સમય પછી બંને પાર્લામેન્ટ હાઉસમાં મળ્યા હતા. બંને નેતાઓની આ મુલાકાત પછી રાજકારણમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. અકાલી દળ સાથે ભાજપ ફરીથી ગઠબંધન કરી રહ્યું હોવાની વાતો શરૂ થઈ ગઈ છે. મોદી - સુખબીરની મુલાકાત પછી આપના સુપ્રિમો અરવિંદ કેજરીવાલે ટોણો મારતા લખ્યું હતું કે, ‘ના ના કરતે પ્યાર તુમહી સે કર બેઠે તો શું હવે ચંદા ચોર પાર્ટી અને અનાદર પાર્ટી વચ્ચે ગઠબંધન થઈ રહ્યું છે?’ કેજરીવાલના આ ટોણાનો જવાબ સુખબીર બાદલે આપ્યો હતો અને કહ્યું હતું કે શું તમને તમારૂ વચન યાદ છે કે પંજાબમાં ૨૦ હજાર કરોડનો ગેરકાયદેસર ખનન તમે બંધ કરાવશો? તમારી બધી ગેરંટી ગટરમાં ફેંકવા લાયક છે.જનસુરાજ પાર્ટી (જેએસપી)ના સ્થાપક પ્રશાંત કિશોર અને એનસીપી (અજીત પવાર)ના પ્રમુખ તેમજ મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી સુનેત્રા પવાર વચ્ચે મીટીંગ થઈ હતી. ત્રણ મહિનામાં પ્રશાંત કિશોરે સુનેત્રા સાથે આ બીજી વખત મીટીંગ કરી હતી. આ મીટીંગથી મહારાષ્ટ્ર સરકારની એનસીપી (અજીત પવાર) સાથે જોડાયેલો સાથી પક્ષ ભાજપ નારાજ થયો છે. ભાજપનું માનવું છે કે, એનસીપી (અજીત પવાર) મહાયુતિ સરકારનો હિસ્સો છે અને એટલે પ્રશાંત કિશોર સાથે વાતચીત કરવી યોગ્ય નથી. છઠ્ઠી ઓગસ્ટે મુંબઈમાં સુનેત્રા પવારના સરકારી રહેઠાણ ‘દેવગીરી’ ખાતે પ્રશાંત કિશોર અને પવાર વચ્ચે પાંચ કલાક સુધી મીટીંગ ચાલી હતી. આ મીટીંગમાં પવારના પુત્ર પાર્થ પવાર પણ હાજર રહ્યા હતા. રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે કે, એનસીપી (અજીત પવાર) પ્રશાંત કિશોરને રાજકીય સલાહકાર બનાવવા માંગે છે.ઝારખંડમાં જેપીએસસી - જેએસએસસીના વિદ્યાર્થીઓ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. હવે આ વિરોધ પ્રદર્શનને ભાજપના અલીનગર વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય મૈથીલી ઠાકુરે ટેકો જાહેર કર્યો છે. મૈથીલી ઠાકુરનું કહેવું છે કે હેમંત સરકારે વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવી જોઈએ અને એમની ફરિયાદ સાંભળવી જોઈએ. વિદ્યાર્થીઓનો વિરોધ અહિંસક છે. હું વિદ્યાર્થીઓથી પ્રભાવિત થઈ છું. છેલ્લા કેટલાક દિવસોથી ઝારખંડના વિદ્યાર્થીઓના આંદોલનનો વ્યાપ વધી રહ્યો છે. મૈથીલી ઠાકુરનું માનવું છે કે, સોશ્યલ મીડિયા પર જોવા મળતા વીડિયો, ભાષણો અને પોસ્ટથી જાણવા મળે છે કે, વિદ્યાર્થીઓનો વ્યવહાર પ્રશંસનીય છે. મને આશા છે કે સરકાર જલ્દી એમની વાત સાંભળશે. મૈથીલી ઠાકુર સોશ્યલ મીડિયા પર ખૂબ જ લોકપ્રિય છે.કરોડો રૂપિયાની સળગી ગયેલી રોકડ રકમથી ચર્ચામાં આવેલા દિલ્હી હાઇકોર્ટના ભૂતપૂર્વ જજ યશવંત વર્મા વિરુદ્ધની અરજી સાંભળવાનો સુપ્રિમ કોર્ટે ઇન્કાર કરી દીધો છે. એ વખતે સુપ્રિમ કોર્ટે અરજી કરનારની ટીકા પણ કરી હતી. અરજી ફગાવી દેતા સુપ્રિમ કોર્ટે કહ્યું હતું કે, આ અરજી ફક્ત સસ્તી પ્રસિદ્ધ માટે દાખલ કરવામાં આવી છે. અરજી કરનારે યશવંત વર્મા વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવા અને કોર્ટને દેખરેખ હેઠળ એસઆઈટીની તપાસ માંગી હતી.

## રાષ્ટ્રીય હાથશાળ (હેન્ડલૂમ) દિવસ નિમિત્તે ભાજપ દ્વારા સ્વદેશી હાથ વણાટની વસ્તુઓની સામૂહિક ખરીદી

નરેન્દ્ર દવે | જૂનાગઢ

ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરના સુરેશ પાનસુરીયાની યાદી જણાવે છે કે રાષ્ટ્રીય હાથશાળ (હેન્ડલૂમ) દિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી, જૂનાગઢ મહાનગર દ્વારા આજે બપોરે ખાદી ગ્રામ ઉદ્યોગ ભંડાર, સહયોગ ચેમ્બર, તળાવ દરવાજા, જૂનાગઢ ખાતે સ્વદેશી હાથ વણાટની વસ્તુઓની સામૂહિક ખરીદી નો કાર્યક્રમ યોજાયો હતો. ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા આપવામાં આવેલા ‘Local for Vocal‘ ના આહ્વાનને વધુ સશક્ત બનાવવા તેમજ સ્વદેશી અપનાવવાના સંકલ્પને જનજન સુધી પહોંચાડવાના હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સ્થાનિક વણકરો દ્વારા તૈયાર કરવામાં આવેલી હાથ વણાટની વિવિધ વસ્તુઓની ખરીદી કરીને તેમને પ્રોત્સાહન આપવામાં આવેલ, આ પ્રસંગે જૂનાગઢના શ્રી સંજયભાઈ કોરડીયા, શ્રી ગૌરવભાઈ રૂપારેલિયા, શ્રી ધર્મેશભાઈ પોશીયા, જેઠાભાઈ પાનેરા, શ્રી આકાશભાઈ કટારા, શ્રી મનનભાઈ અભાણી, શ્રી મુન્નાભાઈ ઓડેદરા,તેમજ ભાજપના વિવિધ મોરચાના હોદ્દેદારો, મહિલા મોરચાની બહેનો, કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે રાષ્ટ્રીય હાથશાળ દિવસ માત્ર ઉજવણી પૂરતો મર્યાદિત નથી, પરંતુ દેશના પરંપરાગત વણકરોના શ્રમને સન્માન આપવાનો, તેમના જીવનનિર્વાહને મજબૂત બનાવવાનો અને ‘આત્મનિર્ભર ભારત‘ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ અવસર છે. આવા કાર્યક્રમો દ્વારા સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન મળે છે તેમજ દેશની સમૃદ્ધ હાથશાળ પરંપરાનું જતન અને સંવર્ધન થાય છે.

## જૂનાગઢ જિલ્લામાં "હર ઘર તિરંગા" અને "વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ"ની ઉજવણીના આયોજન સંદર્ભે કલેક્ટરશ્રી યોગેશ ચૌધરીની અધ્યક્ષતામાં યોજાઇ બેઠક

નરેન્દ્ર દવે જૂનાગઢ

સમગ્ર રાજ્યની સાથે જૂનાગઢ જિલ્લામાં હર ઘર તિરંગા અભિયાન તથા વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. જેના સુચારૂ આયોજન સંદર્ભે આજ રોજ કલેક્ટર શ્રી યોગેશ ચૌધરીની અધ્યક્ષતામાં યોજાઈ બેઠક યોજાઈ હતી. હર ઘર તિરંગા અભિયાન અન્વ્યે જૂનાગઢ શહેરમાંઆગામી તા.૧૪ ઓગસ્ટના રોજ સવારે ૮ કલાકથી ત્રિરંગા યાત્રા યોજાશે. જે શહેરના નરસિંહ મહેતા તળાવ થી સરદાર પટેલ ચોક સુધી યોજાશે.તેમજ તા.૧૪ ઓગસ્ટના રોજ ’વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ’ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. જેમાં પ્રદર્શન, લઘુ ફિલ્મોનું સ્ક્રીનિંગ, નાટ્ય પ્રસ્તુતિઓ તેમજ વિભાજનની શોકભરી યાદમાં બે મિનિટનું મૌન પાળીને કેન્ડલ લાઈટ માર્ચનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત તા.૧૦ થી ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન સમગ્ર જિલ્લામાં ’હર ઘર તિરંગા’ અભિયાનની ઉજવણી કરવામાં આવશે.જેમા રેલી, શાળા-કોલેજો માં સ્પર્ધાઓ,સરકારી કચેરીઓમાં ત્રિરંગા લહેરાવવામાં આવશે અને વિવિધ દેશ ભક્તિ સભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ હર ઘર તિરંગા અભિયાન અને’વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ ના સુચારુ આયોજન માટે જરુરી સૂચનાઓ અને દિશાદર્શન કર્યુ હતુ. તેમણે રાષ્ટ્રધ્વજની ગરિમા જળવાઈ રહે તેની ખાસ કાળજી લેવા માટે પણ સૂચનાઓ આપી હતી આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી બી.એસ. બારડ, ડીવાયએસપીશ્રી પટ્ટણી, ડીવાયએસપીશ્રી પરમાર,જૂનાગઢ જિલ્લા યુવા વિકાસ અધિકારી સુશ્રી નીતાબેન વાળા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.


# મહીસાગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકાથી ધોરણ ૫ માં નિપુણ ગુજરાત અભિયાનનું અમલીકરણ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત દેશભરમાં પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન(FLN) માં પારંગતતા પ્રાપ્ત કરવા માટે નિપુણ ભારત મિશન કાર્યરત છે.જેની સંરેખિત દિશામાં ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા નિપુણ ગુજરાત અભિયાનની શરૂઆત કરવામાં આવી છે.જેમાં બાલવાટિકાથી ધોરણ ૫ સુધીના તમામ વિદ્યાર્થીઓ વાંચન, લેખન અને સંખ્યાજ્ઞાનની ક્ષમતાઓમાં નિપુણતા કેળવે તે માટેનાં વિશેષ પગલાં લેવા માટે ઠરાવ બહાર



મહીસાગર જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કૃપાબેન જહા મેડમ દ્વારા શાળાની મુલાકાત



મહીસાગર જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિદ્ધાર્થ સાહેબ દ્વારા શાળા મુલાકાત અને માર્ગદર્શન



મહીસાગર જિલ્લાના કલેક્ટર સુશ્રી અર્પિત સાગર મેડમ દ્વારા શાળાની મુલાકાત

પાડવામાં આવ્યો છે.જે અંતર્ગત મહીસાગર જિલ્લાના કલેક્ટર સુશ્રી અર્પિત સાગર મેડમ તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિદ્ધાર્થ સાહેબ તથા ત્રિલોકસિંઘ સાહેબ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કૃપાબેન જહા મેડમ તથા પ્રદીપભાઈ કલાલ સાહેબ તથા ડાયટ સંતરામપુરના લેકચરર આર.કે.પટેલ સાહેબ અને ડાયટ વ્યાખ્યાતા અને બી.આર.સી.,સી. આર.સી.,ટી.પી.ઈ.ઓ. ટીમ દ્વારા શાળાઓમાં મુલાકાત લઈને માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા તથા નિપુણ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત જિલ્લાની શાળાઓમાં બે દિવસ દરમ્યાન ગુજરાતી અને ગણિત વિષયનું બેઝલાઈન સર્વેક્ષણ શાળાઓમાં કરવામાં આવ્યું છે તથા દરેક વિદ્યાર્થીની સ્થિતિની ટ્રેકસૅમાં નોંધ કરવામાં આવે છે તથા ગુજરાતી અને ગણિત વિષયની માર્ગદર્શિકામાં દર્શાવ્યા મુજબ ઉપચારાત્મક શિક્ષણ કાર્ય જિલ્લાના શિક્ષકો ખુબ જ સુંદર રીતે કરી રહ્યા છે.તમામ મુખ્ય શિક્ષકોને તથા શિક્ષકોને ઓનલાઈન બાયસેગ મારફતે નિપુણ ગુજરાત અંતર્ગત તાલીમ આપવામાં આવી છે.આ અભિયાન અંતર્ગત બાલવાટિકા થી ધોરણ ૫ સુધીના તમામ વિદ્યાર્થીઓ પાયાગત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનના કૌશલ્યોમાં નિર્ધારીત કરેલ લક્ષ્યાંકો સિદ્ધ કરી દરેક બાળક નિપુણ બાળક બને તે માટે શાળાઓમાં કાર્ય કરવામાં આવી રહ્યું છે.

## લુણાવાડામાં ટ્યુશન ક્લાસીસના સંચાલક સામે POCSO એક્ટ હેઠળ ગંભીર ગુનો દાખલ...

જગદીશ ત્રિવેદી | મહીસાગર

લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ’આઈસ્ટાર ટ્યુશન ક્લાસીસ’ના સંચાલક સામે 17 વર્ષિય સગીરાની છેડતી અને અશ્લીલ વિડીયો બતાવવાના ગંભીર આરોપસર પોલીસ ફરિયાદ નોંધાઈ છે, જેના પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. લુણાવાડાની ગણેશ સોસાયટીમાં રહેતા અને ’આઈસ્ટાર ટ્યુશન



ક્લાસીસ’ ચલાવતા સિધ્ધરાજસિંહ રાઠોડ સામે આ ગંભીર ગુનો નોંધવામાં આવ્યો છે. સંચાલક દ્વારા ટ્યુશનમાં અભ્યાસ માટે આવતી સગીર વિદ્યાર્થિની સાથે અડપલાં કરવામાં આવતા હતા. એટલું જ નહીં, તેના મોબાઈલ ફોનમાં અશ્લીલ વિડીયો બતાવીને અવારનવાર હેરાન-પરેશાન કરવામાં આવતી હતી અને આ અંગે કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવતી હતી. શરૂઆતમાં સામાજિક બદનામી અને ડરના કારણે સગીરાના પરિવારજનોએ પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. પરંતુ, આરોપી સંચાલકની સતત હેરાનગતિ અને ત્રાસ વધી જતાં આખરે પરિવારજનો હિંમત દાખવીને પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને ન્યાયની ગુહાર લગાવી હતી. પરિવારજનોની ફરિયાદને આધારે લુણાવાડા પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી છે. આરોપી સામે ભારતીય ન્યાય સંહિત પોક્સો (POCSO) એક્ટની કલમ 12 હેઠળ ગુનો નોંધીને વધુ કાયદેસરની તપાસ હાથ ધરી છે. સગીરાની સુરક્ષા અને ન્યાય સુનિશ્ચિત કરવા પોલીસ દ્વારા સઘન તપાસ કરવામાં આવી રહી છે.

## જૂનાગઢ જિલ્લાની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના માર્ગદર્શન હેઠળ રાજ્યભરની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત જૂનાગઢ જિલ્લાની નોડલ સંસ્થા સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જૂનાગઢ તેમજ મહિલા આઈ.ટી.આઈ. જૂનાગઢ, કેશોદ, માણાવદર, વંથલી, વિસાવદર, માળિયા- હાટીના, ભેસાણ અને મેંદરડા સહિત જિલ્લાની તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે અધિકારીઓ, સ્ટાફગણ અને તાલીમાર્થીઓની ઉપસ્થિતિ માં ઉત્સાહભેર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જિલ્લાની નોડલ સંસ્થા સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જૂનાગઢ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી મયંક ભદોરિયા તથા વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર શ્રીમતી પિન્ટુબેન ગુજરાતી ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ગુજરાતના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ બાદ ધારાસભ્યશ્રીએ સંસ્થાના વિવિધ ટ્રેડની મુલાકાત લઈ તાલીમ વ્યવસ્થા, ઉપલબ્ધ સુવિધાઓ તેમજ તાલીમાર્થીઓને આપવામાં આવતી વ્યવસાયલક્ષી તાલીમ અંગે માહિતી મેળવી હતી. આ પ્રસંગે છેલ્લા બે વર્ષ દરમિયાન સંસ્થા દ્વારા તાલીમની ગુણવત્તા, ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ, ઓન-ધ-જોબ ટ્રેનિંગ (OJT), એપ્રેન્ટિસશિપ એન્ગેજમેન્ટ તથા કેમ્પસ પ્લેસમેન્ટ જેવી થયેલી નોંધપાત્ર કામગીરી અંગે વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી. ધારાસભ્યશ્રીએ સંસ્થાના આચાર્યશ્રી ભગીરથસિંહ બી.જાળીયા તેમજ સમગ્ર સ્ટાફની કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા અને ભાવિ સમય માં પણ કૌશલ્ય વિકાસ અને રોજગારલક્ષી પ્રવૃત્તિઓને વધુ ગતિ આપવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત ધારાસભ્યશ્રીએ સંસ્થાના નવા નિર્માણાધીન બિલ્ડિંગની મુલાકાત લઈ બાંધકામની કામગીરીની સમીક્ષા કરી, બાંધકામની ગુણવત્તા જળવાય, કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તેમજ તાલીમાર્થી ઓને ભવિષ્યમાં આધુનિક અને સુવિધા સભર શૈક્ષણિક માળખું ઉપલબ્ધ થાય તે માટે જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું. આ તકે માર્ગ અને મકાન વિભાગ (R&B) ના સેક્શન ઓફિસર તથા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી વિવેક ગોસ્વામી ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢ જિલ્લામાં તા.૧૯ ઓગસ્ટ સુધી મંજુરી વગર સભાસરઘસ યોજી શકાશે નહીં

નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર વગર પરવાનગીએ કઈ સભા સરઘસ કાઢી શકાશે નહીં તે માટે જાહેરનામુ પ્રસિદ્ધ થવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત રજૂ થતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી. એસ.બારડે તેમને મળેલ સત્તાની રૂઈએ કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિની જાળવણી સારું મંજુરી વગર જૂનાગઢ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં સભા સરઘસ યોજી શકાશે નહીં તેવુ મનાઈ હુકમ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં તાત્કાલીક અસરથી તા.૧૯/૮/૨૦૨૬ સુધી પરવાનગી વગર કોઈપણ સભા સરઘસ યોજી શકાશે નહીં. આ જાહેરનામુ ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક મંડળીઓ, સરકારી નોકરીએ જતા કે અવર-જવર કરતા વ્યક્તિઓ, કોઈ લગ્નના વરઘોડો, સ્મશાન યાત્રા કે તેમાં જોડાનાર વ્યક્તિઓને, કે સક્ષમ અધિકારીએ કાયદેસર પરવાનગી આપી હોય તેવા વ્યક્તિઓને આ પ્રતિબંધાત્મક આદેશ લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ખંડનો કોઈપણ ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૯૫૧ ની કલમ ૧૩૫(૩) મુજબ દંડને પાત્ર થશે.

## જૂનાગઢ આઈ.ટી.આઈ. (મહિલા) ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

પર્યાવરણની જાળવણી અને સંવર્ધનના શુભ આશય સાથે જૂનાગઢ આઈ. ટી.આઈ. (મહિલા) ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા, RFO સુશ્રી પિન્ટુબેન ગુજરાતી તેમજ ડિસ્ટ્રીકટ સ્કીલ ઓફીસરશ્રી ભદોરીયા દ્વારા ઉપસ્થિત સૌને વૃક્ષોનું પર્યાવરણીય મહત્વ સમજાવવામાં આવ્યું હતું. તેમણે વૃક્ષોના વાવેતર સાથે તેની યોગ્ય જાળવણી અને ઉછેર કરવા અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું તથા વધુને વધુ વૃક્ષો વાવીને પર્યાવરણને હરિયાળું બનાવવા પ્રોત્સાહિત કર્યા હતા.આ કાર્યક્રમમાં આઈ.ટી.આઈ. જૂનાગઢના પ્રિન્સિપાલશ્રી ભગીરથસિંહ જાળીયા તેમજ મહિલા આઈ.ટી.આઈ.ના અધિકારીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો અને કર્મચારીઓ દ્વારા સંસ્થાના ગાર્ડનમાં વિવિધ ઉપયોગી છોડ/વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

## જૂનાગઢમાં મહાનગરપાલિકાની ફૂડ શાખા અને જિલ્લા એફડીસીએ ટીમ દ્વારા ચેકીંગ દરમ્યાન ૫૮૪.૫ કિલો પ્રતિબંધિત પનીર અને ચીઝ એનાલોગનો જથ્થો જપ્ત કરી નાશ કરાયો



નરેન્દ્ર દવે | જૂનાગઢ

સરકારશ્રીના ગેઝેટ નોટિફિકેશન અનુસાર ’ એનાલોગ પનીર’ તથા ’ચીઝ એનાલોગ’ના વેચાણ પર મૂકાયેલા પ્રતિબંધના કડક અમલીકરણ અર્થે જૂનાગઢ મહાનગરપાલિકાની ફૂડ શાખા અને જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ ટીમ દ્વારા સંયુક્ત રીતે જૂનાગઢ શહેરના વિવિધ વિસ્તારોમાં એક ખાસ સઘન ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આ વિશેષ કામગીરી દરમિયાન ટીમો દ્વારા શહેરની કુલ ૧૪ વેપારી પેઢીઓની સ્થળ તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ગિરિરાજ મેઈન રોડ પર આવેલ ’યશ ટ્રેડિંગ’માંથી ૨૪ કિલો, ખામધ્રોળ ચોકડી સ્થિત ’ગામઠી રેસ્ટોરન્ટ’માંથી ૧૪.૫ કિલો, ઝાંઝરડા ચોકડી સ્થિત ’શ્રીજી ફેન્સી ઢોંસા’માંથી ૫૦ કિલો તેમજ તળાવ દરવાજા વિસ્તારમાં આવેલ ’અમન સેલ્સ’માંથી ૪૯૬ કિલો મળી કુલ ૫૮૪.૫ કિલોગ્રામ જેટલો પ્રતિબંધિત પનીર તેમજ ચીઝ એનાલોગનો જથ્થો મળી આવતા તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. નાશ કરાયેલા આ જથ્થાની અંદાજિત કિંમત રૂ. ૨,૦૪,૫૭૫/- થાય છે. નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા વેપારીઓ સામે તંત્ર દ્વારા આગામી સમયમાં પણ આવી કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે તેમ એક યાદીમાં જણાવ્યું છે.

## નારી વંદન ઉત્સવ અંતર્ગત માંગરોળ ખાતે “મહિલા કલ્યાણ દિવસ” ની ઉજવણી

નરેન્દ્ર દવે| જૂનાગઢ

નારી વંદના ઉત્સવના ભાગરૂપે આજ રોજ ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગર અને મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા “મહિલા કલ્યાણ દિવસ” ની ઉજવણી શ્રી એસ.ડી.બી.હાઈસ્કુલ, લોએજ,માંગરોળ ખાતે કરવામાં આવી હતી. કાર્યક્રમમાં દીકરીઓને સરકારશ્રીની સ્વરોજગારલક્ષી યોજનાઓ,તાલીમો અને બેન્કની સ્વ-રોજગારલક્ષી સબસીડી પાત્ર લોન તથા રોજગાર તેમજ કૌશલ્યલક્ષી અને ITI દ્વારા ચાલતા કોર્ષ અંગે સમજૂતી આપી હતી. આ ઉપરાંત મહિલા અને બાળ અધિકારીની કચેરીના કર્મચારી દ્વારા મહિલા અને બાળવિકાસ વિભાગની મહિલાલક્ષી વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્યશ્રી,શિક્ષકો તેમજ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના કર્મચારી DHEW અને OSCની ટીમ તેમજ વિધાર્થીનીઓ હાજર રહી હતી.

# રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ: ખાદી મંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોરે થરાદના શિવનગરની મુલાકાત લઈ કારીગરો સાથે કર્યો સંવાદ

માહિતી બ્યુરો, થરાદ | વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે નેશનલ હેન્ડલૂમ ડે અવસરે દેશવાસીઓને હેન્ડલૂમ ઉત્પાદનો ખરીદીને ગ્રામીણ કારીગરોની આવક વૃદ્ધિમાં સહભાગી બનવા સાથે આપણા સમૃદ્ધ હાથવણાટ વારસાને પ્રોત્સાહન આપવા અપીલ કરી છે. આપણી સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતના પ્રતીક અને કલાત્મકતા સાથે ગ્રામીણ અર્થતંત્રનો આધાર બની રહેલા હાથવણાટ- હાથસાળ ઉત્પાદનોને ’વોકલ ફોર લોકલ’ થકી વિશ્વ બજાર સુધી પહોંચાડવાની વડાપ્રધાનશ્રીની નેમ છે.આ જ શૃંખલામાં ‘વોકલ ફોર લોકલ’ના સંકલ્પને સાકાર કરવા રાજ્યના ખાદી, ગ્રામોદ્યોગ અને લઘુ ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોર થરાદના શિવનગરની મુલાકાતે પહોંચ્યા હતા. રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ નિમિત્તે તેમણે ખાદી, હસ્તકલા અને



ગ્રામોદ્યોગ સાથે સંકળાયેલા કારીગરો તથા સ્વસહાય જૂથોની કામગીરીનું નિરીક્ષણ કરી તેમની સાથે સંવાદ સાધ્યો હતો.આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ’વોકલ ફોર લોકલ’ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત સરકાર સતત કાર્યરત છે. રાજ્યના કારીગરો દ્વારા તૈયાર થતા ખાદી અને હસ્તકલાના ઉત્પાદનો રોજગારીની સાથે ગુજરાતની સાંસ્કૃતિક ઓળખનું પણ પ્રતિક છે. તેમણે નાગરિકોને અપીલ કરી હતી કે, તહેવારો અને શુભ પ્રસંગોમાં સ્થાનિક કારીગરો દ્વારા તૈયાર કરાયેલા ઉત્પાદનોને પ્રાથમિકતા આપી તેની ખરીદી કરવી, જેથી સ્થાનિક કારીગરોનું જીવનધોરણ વધુ મજબૂત બને.આ પ્રસંગે મંત્રીશ્રીએ ’વોકલ ફોર લોકલ’ના સંદેશને વ્યવહારમાં પણ ઉતાર્યો હતો. તેમણે શિવનગર ખાતે સ્થાનિક કારીગરો દ્વારા તૈયાર કરાયેલ ખાદીનું એક શર્ટ પોતાના માટે ખરીદી કરીને કારીગરોનું પ્રોત્સાહન વધાર્યું હતું. મંત્રીશ્રીના આ લોકભોગ્ય પગલાને ઉપસ્થિત કારીગરો અને આગેવાનો દ્વારા વધાવવામાં આવ્યું હતું.મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા કારીગરોને તાલીમ, માર્કેટિંગ, નાણાકીય સહાય તેમજ વિવિધ સરકારી યોજનાઓનો લાભ સમયસર પહોંચે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને વાવ-થરાદ જેવા સરહદી વિસ્તારોમાં ખાદી અને હસ્તકલા ક્ષેત્ર રોજગારીનું મહત્વનું સાધન બની શકે છે. સ્થાનિક મેળાઓ, પ્રદર્શનો તેમજ ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે કારીગરોને વિશાળ બજાર ઉપલબ્ધ કરાવવા સરકાર કટિબદ્ધ છે.આ કાર્યક્રમ દરમિયાન અગ્રણી શ્રી જયમીનભાઈ પ્રજાપતિ, શ્રી પ્રકાશભાઈ વ્યાસ, શ્રીમતી કલાવતીબેન રાઠોડ સહિત કારીગરો તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્ય સરકારના સર્વસમાવેશક પ્રયાસોથી બનાસકાંઠાના કેંગોરા ગામમાં ૩૫ વર્ષ બાદ પ્રાથમિક શિક્ષણનો પુનઃ પ્રારંભ કરાયો

માહિતી બ્યુરો, પાલનપુર | રાજ્ય સરકાર દ્વારા છેવાડાના અને અંતરિયાળ વિસ્તારના દરેક બાળક સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચાડવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ પ્રયાસોના પરિણામે બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના આદિવાસી વસ્તી ધરાવતા કેંગોરા ગામમાં લગભગ ૩૫ વર્ષ બાદ ફરી શાળાની ઘંટડી ગુંજી છે. વિદ્યાર્થીઓની અછતને કારણે વર્ષો અગાઉ બંધ થયેલી પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા પુનઃ શરૂ થતાં ગામમાં શિક્ષણના નવા અધ્યાયનો પ્રારંભ થયો છે.અમીરગઢ તાલુકાના કેંગોરા ગામમાં પ્રાથમિક શાળા કાર્યરત ન હોવાથી ગામના આશરે ૭૦ જેટલા બાળકોને અભ્યાસ માટે લગભગ ૩ કિલોમીટર દૂર આવેલા ભાયલા ગામ સુધી જવું પડતું હતું. આવન- જાવનની મુશ્કેલી અને અન્ય પરિસ્થિતિઓના કારણે ૬ થી ૧૪ વર્ષની વયના અનેક બાળકોનો અભ્યાસ અધવચ્ચે છૂટી જતો હતો. છેલ્લા કેટલાક વર્ષોમાં ૫૦થી વધુ બાળકો અભ્યાસથી વંચિત રહ્યા હોવાની બાબત સામે આવી હતી.આ પરિસ્થિતિ બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી વસંતભાઈ પુરોહિતના ધ્યાને આવતાં તેમણે બાળકોના શિક્ષણના હિતમાં તાત્કાલિક પ્રયાસો હાથ ધર્યા હતા. રાજ્ય સરકારની સર્વસમાવેશક શિક્ષણની ભાવના અને જિલ્લા વહીવટી તંત્રના સંકલનથી કેંગોરા ગામ ખાતે ધોરણ ૧ થી ૫ સુધીના પેટા વર્ગનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી વસંતભાઈ પુરોહિતના હસ્તે આ શૈક્ષણિક વ્યવસ્થાનો પ્રારંભ થતાં ગ્રામજનો અને બાળકોમાં આનંદની લાગણી છવાઈ હતી.નવી શૈક્ષણિક વ્યવસ્થા શરૂ થતાં જ અગાઉ અભ્યાસ છોડી ચૂકેલા ૩૮ જેટલા બાળકોએ ઉત્સાહપૂર્વક ફરી શાળામાં પ્રવેશ મેળવ્યો છે. પેટા શાળાના પ્રારંભથી કેંગોરા ગામના ૧૦૦થી વધુ બાળકો માટે ઘર આંગણે પ્રાથમિક શિક્ષણ મેળવવાનો માર્ગ સરળ બનશે. ખાસ કરીને અંતર અને આવન-જાવનની મુશ્કેલીના કારણે શિક્ષણથી વંચિત રહેતા બાળકો માટે આ નિર્ણય આશાનું નવું કિરણ બન્યું છે.રાજ્ય સરકાર દ્વારા અંતરિયાળ અને આદિવાસી વિસ્તારોમાં શૈક્ષણિક સુવિધાઓ વધુ સુદ્ઢ બનાવવાની દિશામાં કરવામાં આવી રહેલા પ્રયાસોના ભાગરૂપે કેંગોરા ગામમાં આગામી સમયમાં શાળાનું નવું મકાન તૈયાર કરી પૂર્ણ કક્ષાની નિયમિત પ્રાથમિક શાળા કાર્યરત કરવાની દિશામાં પણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.લગભગ સાડા ત્રણ દાયકા બાદ કેંગોરા ગામમાં ફરી શાળાની ઘંટડી વાગી છે ત્યારે બાળકોના ચહેરા પર ભણવાની ખુશી અને વાલીઓમાં પોતાના સંતાનોના ઉજ્જવળ ભવિષ્યની નવી આશા જોવા મળી રહી છે. રાજ્ય સરકારના શિક્ષણને સર્વસુલભ બનાવવાના સંકલ્પ સાથે શરૂ થયેલી આ શાળા કેંગોરાના બાળકો માટે તેમના સપનાઓને નવી ઉડાન આપતું શિક્ષણનું નવું કેન્દ્ર બની રહેશે.

## ચાણસ્મા હાઈવે સર્કલથી હારીજ અને મહેસાણા તરફના હાઈવે રોડની લાઈટો ક્યારે અજવાળશે

નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા હાઈવે સર્કલથી હારીજ મહેસાણા તરફ જતા રોડ પર લગાવાયેલી સ્ટ્રીટલાઈટો તેમજ સર્કલની પાસે લગાવવામાં આવેલા બે ઊંચા ટાવર



લાઈટો અંદાજે છેલ્લા માસથી બંધ હાલતમાં હોવાથી રાત્રી દરમિયાન સર્કલ નજીક પસાર થતા વાહનો મોટી ગોળાઈવાળું સર્કલ હોવાની સર્કલનો વળાંક લેતાં અકસ્માત થવાની દહેશત વ્યક્ત કરી રહ્યા છે જવાબદાર તંત્ર દ્વારા સર્કલથી હારીજ મહેસાણા રોડ બાજુની બંધ લાઈટો શરૂ કર્ય સાથે સર્કલ પાસે લગાવાયેલા ટાવર લાઈટો ચાલુ કરાવાય તેવી વાહનચાલકોની માંગ ઉઠવા પામી છે.

## જેટકો દ્વારા આમંત્રણ પત્રિકા છાપવામાં આવેલ જેમાં મોટી ક્ષતિ જણાતા સમગ્ર કાર્યક્રમ રાજકીય ચર્ચાનો વિષય બન્યો..


ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ
"લોકાર્પણ"

જગદીશ ત્રિવેદી | મહીસાગર

સંતરામપુર તાલુકાના આંબા ગામે રાજ્યકક્ષાના મંત્રી કૌશિક વેકરીયા ની ઉપસ્થિતિમા 66 કેવી સબ સ્ટેશન નું ઉદઘાટન હોય તેની પત્રિકા છપાયેલ હતી જેમા મોટી ક્ષતિને લઈ રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. સંતરામપુર તાલુકાના આંબા ગામે રૂપિયા 12.66 કરોડ ના ખર્ચે તૈયાર થયેલ 66KV સબ સ્ટેશનનું આજે રાજ્યકક્ષાના મંત્રી કૌશિક વેકરીયાના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું આ 66KV સબ સ્ટેશનથી સંતરામપુર તેમજ ગોધર તાલુકાના મળી કુલ 16 ગામોના 5000 થી વધુ ગ્રાહકોને 24 કલાક વીજળી નો લાભ મળશે. આ કાર્યકમમાં જેટકો દ્વારા છપાયેલ આમંત્રણ પત્રિકામાં મહીસાગર જિલ્લાના પ્રથમ નાગરિક એવા જિલ્લા પંચાયતના પ્રમુખ, સંતરામપુર તાલુકાના પ્રથમ નાગરિક એવા તાલુકા પંચાયતના પ્રમુખ તેમજ સંતરામપુર 123 વિધાનસભાના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી ડૉ કુબેરભાઈ ડીંડોરનું તથા આ વિસ્તાર ના સાંસદ સભ્ય જસવંતસિંહ ભાભોર ના નામો આમંત્રણ પત્રિકામાં ન છપાતા એક પણ મહાનુભાવો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા ન હતા જેથી આ કાર્યક્રમ રાજકીય ચર્ચાનો વિષય બન્યો હતો જોકે આ ભૂલ હતી કે એક સુનિયોજિત કાવતરું તેને લઈ ને પણ સમર્થકોમાં શંકા કુશંકાઓ તથાં અનેક તર્ક વિતર્ક જોવા મળી રહ્યા છે.

## નારી વંદન ઉત્સવ-૨૦૨૬: દાંતા તાલુકાના ભેમાળ ગામે ‘કિશોરી મેળો’ યોજાયો



માહિતી બ્યુરો, પાલનપુર | રાજ્ય સરકાર દ્વારા મહિલાઓ અને દીકરીઓના આરોગ્ય, પોષણ, સુરક્ષા, શિક્ષણ અને સશક્તિકરણને પ્રાધાન્ય આપીને રાજ્યભરમાં ‘નારી વંદન ઉત્સવ-૨૦૨૬’ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લામાં ‘મહિલા અને બાળ આરોગ્ય દિવસ’ અંતર્ગત જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તથા આઈ.સી.ડી. એસ. વિભાગના સંયુક્ત ઉપક્રમે દાંતા તાલુકાના ભેમાળ ગામે ‘કિશોરી મેળા’નું આયોજન કરવામાં આવ્યું હતું. કિશોરીઓમાં આરોગ્ય, પોષણ અને વ્યક્તિગત સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવાના હેતુથી આયોજિત કિશોરી મેળામાં કિશોરી સ્વાસ્થ્ય અંગે માર્ગદર્શન સાથે બી.એમ.આઈ. ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત પોષણયુક્ત અને આરોગ્યપ્રદ વાનગીઓનું પ્રદર્શન યોજીને કિશોરીઓને સંતુલિત આહાર અને પોષણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા કિશોરીઓને સ્વાસ્થ્યની કાળજી, વ્યક્તિગત સ્વચ્છતા તથા પોષણ અંગે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કિશોરીઓમાં સ્વચ્છતા અને વ્યક્તિગત હાઈજીન અંગે જાગૃતિ વધે તે હેતુથી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, બનાસકાંઠા દ્વારા કિશોરીઓને કુલ ૭૦ હાઈજીન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કિશોરીઓને સ્વચ્છતા જાળવવા સાથે પોતાના આરોગ્ય પ્રત્યે સજાગ અને જવાબદાર બનવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી.આ પ્રસંગે પૂર્ણા કન્સલ્ટન્ટ શ્રીમતી અરુણાબેન દ્વારા રાજ્ય સરકારની ‘પૂર્ણા યોજના’ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કિશોરીઓના પોષણ, આરોગ્ય, શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે યોજનાના માધ્યમથી કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ અને ઉપલબ્ધ સેવાઓ અંગે જાણકારી આપવામાં આવી હતી. સ્ટેટ કન્સલ્ટન્ટ ફોર વુમન શ્રી દીપુ યાદવે મહિલાઓ અને કિશોરીઓના સશક્તિકરણ માટે ઉપલબ્ધ વિવિધ સેવાઓ અને યોજનાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

## રવાપર આયુષ્માન આરોગ્ય મંદિરે નારી વંદન ઉત્સવ અંતર્ગત સ્ત્રી રોગ નિદાન કેમ્પ યોજાયો

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નારી વંદન ઉત્સવ અંતર્ગત આયુષ્માન આરોગ્ય મંદિર, રવાપર ખાતે સ્ત્રી રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં મહિલાઓ અને કિશોરીઓની વિવિધ આરોગ્યલક્ષી તપાસ કરી આરોગ્ય તથા પોષણ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કેમ્પ દરમિયાન મહિલાઓના વજન, ઊંચાઈ તથા BMIની તપાસ કરવામાં આવી હતી. તેમજ *હિમોગ્લોબિન (Hb) અને રૅન્ડમ



બ્લડ શુગર (RBS)*ની તપાસ કરી જરૂરી આરોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહિલાઓને IFA (આયર્ન-ફોલિક એસિડ) ટેબ્લેટના મહત્વ અંગે સમજ આપવામાં આવી હતી અને IFA ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખાસ કરીને કિશોરીઓને માસિક સ્વચ્છતા (Menstrual Hygiene) અંગે વિસ્તૃત માહિતી આપી માસિક ધર્મ દરમિયાન રાખવાની સ્વચ્છતા તથા આયર્નની ગોળીના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ કેમ્પમાં CHO, FHW, આંગણવાડી સુપરવાઈઝર તથા આશા બહેનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો. નારી વંદન ઉત્સવ અંતર્ગત યોજાયેલ આ કેમ્પ મહિલાઓ અને કિશોરીઓમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ કેળવવામાં મહત્વપૂર્ણ બન્યો હતો.

### ઉત્કૃષ્ટ કાર્ય માટે 3 અધિકારીઓ અને 32 કર્મચારીઓને કર્યા સન્માનિત

# પશ્ચિમ રેલવેના પ્રધાન મુખ્ય વાણિજ્ય પ્રબંધકે વાણિજ્ય વિભાગના કર્મચારીઓ સાથે સંવાદ કર્યો

અમદાવાદ | પશ્ચિમ રેલવેના વાણિજ્ય વિભાગમાં કાર્યરત રેલ કર્મચારીઓ સાથે "સંવાદ" કાર્યક્રમનું આયોજન 08 ઓગસ્ટ 2026ના રોજ મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું નેતૃત્વ પશ્ચિમ રેલવેના પ્રધાન મુખ્ય વાણિજ્ય પ્રબંધક શ્રી તરુણ જૈન દ્વારા કરવામાં આવ્યું હતું. આ સંવાદ કાર્યક્રમમાં પશ્ચિમ રેલવેના વિવિધ મંડળોમાંથી વાણિજ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો.સંવાદ દરમિયાન પેસેન્જર માર્કેટિંગ, ટિકિટ બુકિંગ, આરક્ષણ, ટિકિટ ચેકિંગ, કેટરિંગ તેમજ આવકમાં વૃદ્ધિ સાથે સંબંધિત વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ, ફિલ્ડ સ્તરે નીતિઓના અસરકારક અમલીકરણ તેમજ કાર્યક્ષમતા વધારવા પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં બુકિંગ ક્લાર્ક, રિઝર્વેશન ક્લાર્ક, કોમર્શિયલ સુપરવાઇઝર, કોમર્શિયલ ઈન્સ્પેક્ટર, ટિકિટ ચેકિંગ સ્ટાફ, કેટરિંગ સ્ટાફ સહિત વાણિજ્ય વિભાગના વિવિધ કર્મચારીઓને પોતાની સમસ્યાઓ, સૂચનો તેમજ કાર્યઅનુભવો સીધા જ વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ રજૂ કરવાની તક મળી.કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મુખ્યાલય સ્તરના વરિષ્ઠ અધિકારીઓ અને મંડળ સ્તરે કાર્યરત કર્મચારીઓ વચ્ચે સીધો અને અસરકારક સંવાદ સ્થાપિત કરવાનો, કાર્યસ્થળ પર આવતી વ્યવહારિક પડકારોને સમજવાનો તેમજ મુસાફર સેવાઓ અને વાણિજ્યિક કામગીરીમાં વધુ સુધારા માટે સૂચનો મેળવવાનો હતો.કાર્યક્રમ દરમિયાન વાણિજ્ય વિભાગમાં ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરી કરનાર 3 અધિકારીઓ અને 32 કર્મચારીઓને પશ્ચિમ રેલવેના પ્રધાન મુખ્ય વાણિજ્ય પ્રબંધક શ્રી તરુણ જૈન દ્વારા 'મેરિટ સર્ટિફિકેટ' એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. પશ્ચિમ રેલવેના વિવિધ મંડળોમાંથી પસંદ કરાયેલા અધિકારીઓ અને કર્મચારીઓને તેમની નોંધપાત્ર કામગીરી, સમર્પણ અને ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.સન્માનિત અધિકારીઓમાં શ્રીમતી નીલા દેવી ઝાલા, ડીસીએમ-ભાવનગર, શ્રી હાફિઝ ખાન, એ.સી.એમ.-અમદાવાદ તથા શ્રી ગૌરવ જૈન, એ.સી.એમ.-વડોદરાનો સમાવેશ થાય છે.અમદાવાદ મંડળના કર્મચારીઓમાં શ્રી રાહુલ ગ્રોવર, શ્રી ગિરીશ રાવલ, શ્રી મયૂર સિંહ રાજપૂત, શ્રી વિજય દત્ત, શ્રીમતી શીતલ જૈન, શ્રી નિલેશ જાની, શ્રી કુણાલ માવતા, શ્રી સુરેન્દ્ર સિંહ તથા શ્રી જોગારામને તેમની ઉત્કૃષ્ટ કાર્ય માટે 'મેરિટ સર્ટિફિકેટ' એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા.આ "સંવાદ" કાર્યક્રમ વરિષ્ઠ અધિકારીઓ અને જમીની સ્તરે કાર્યરત કર્મચારીઓ વચ્ચે વધુ સારો સમન્વય સ્થાપિત કરવા, કર્મચારીઓના કાર્યસંબંધિત પડકારોને સમજવા તેમજ મુસાફર સેવાઓ અને વાણિજ્યિક કામગીરીને વધુ સુદ્રઢ બનાવવાની દિશામાં એક



મહત્વપૂર્ણ પહેલ સાબિત થયો.આ પ્રસંગે મંડળ વાણિજ્ય પ્રબંધક ડૉ. અંકુર દેસાઈ, સહાયક વાણિજ્ય પ્રબંધક શ્રી સંજય યાદવ, સહાયક વાણિજ્ય પ્રબંધક શ્રી યજુષ આચાર્ય સહિત પશ્ચિમ રેલવેના વિવિધ મંડળોમાંથી ઉપસ્થિત વાણિજ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા.

# વિંધ્ય આઈકોનિક બિઝનેસ એવોર્ડ્સ - સીઝન 2 એક ભવ્ય સમારોહ સાથે સમાપ્ત થયું

**બોલીવુડ સ્ટાર અમીષા પટેલ અને સામાજિક કાર્યકર ડૉ. મંજુ મંગલ પ્રભાત લોઢાએ વિવિધ ક્ષેત્રોની અગ્રણી હસ્તીઓને સન્માનિત કર્યા.**





મુંબઈ | સ્નેહા ઈવેન્ટ્સ એન્ડ મેનેજમેન્ટ, મુંબઈ અને દેશની અગ્રણી સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થા મા કાલિકા ધામ ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા સંયુક્ત રીતે આયોજિત વિંધ્ય આઈકોનિક બિઝનેસ એવોર્ડ્સ - સીઝન ૨, શુક્રવાર, ૭ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સાંજે સફળતાપૂર્વક પૂર્ણ થયું.

મુંબઈના લોઅર પરેલ સ્થિત લોધા એડ્રિયાના ઓડિટોરિયમ ખાતે આયોજિત, ઉદ્યોગ, વ્યવસાય, સમાજ સેવા, શિક્ષણ, સંશોધન, પેટન્ટ, કલા, સિનેમા, મીડિયા મેનેજમેન્ટ, જનસંપર્ક, કાયદો, રિયલ એસ્ટેટ, યોગ અને જાહેર સેવા સહિત વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનાર આશરે ૨૭ પ્રખ્યાત હસ્તીઓને લોકપ્રિય બોલીવુડ અભિનેત્રી અને સેલિબ્રિટી મહેમાન અમીષા પટેલ અને લોધા ફાઉન્ડેશનના પ્રમુખ અને સમારંભના મુખ્ય અતિથિ ડૉ. મંજુ મંગલ પ્રભાત લોઢા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. સમારંભની શરૂઆત મુખ્ય આયોજક વિષ્ણુ મિશ્રા દ્વારા પ્રતિષ્ઠિત મહેમાનોના સ્વાગત સાથે થઈ. ઉદ્યોગ, સામાજિક ક્ષેત્ર, કલા, સિનેમા, મીડિયા, શિક્ષણ અને વિવિધ વ્યવસાય ક્ષેત્રોના મહાનુભાવોની હાજરીએ કાર્યક્રમની ભવ્યતામાં વધારો કર્યો. 'વિંધ્ય આઈકોનિક બિઝનેસ એવોર્ડ્સ - સીઝન 2' માં સન્માનિત થયેલા લોકોમાં વરિષ્ઠ ગીતકાર અને મીડિયા અને જનસંપર્ક સલાહકાર ગજાનન મહતપુરકર અને સહાયક પોલીસ કમિશનર સંજય પાટીલ, કમલેશ મિશ્રા, જિતેન્દ્ર કુમાર સિંહ, કે.કે. ચતુર્વેદી, સંદીપ કુમાર સિંહ, ડૉ. બી.કે. સરકાર, ડૉ. રીના સિંહ, પ્રકાશ તરિહાલકર, શ્યામ સુંદર ટાક, બીના પંડ્યા, સોહિત યોગી, સંજય શુક્લા, હરેશ મહેતા, રમેશ નાગર, આનંદ ત્રિપાઠી, અંકુલ ત્રિપાઠી, રાજ કુમાર ચંદન, એસઆઈ પાંડે, પૂનમ શુક્લા, આર્તાલી નદીમ ખાન, ડૉ. અજય એલ. દુબે, ચંદ્રકાંત દ્વિવેદી, નીલુ સિંહ, વિવેક ત્રિપાઠી, દીપક કુમાર સોની અને અવિનાશ ત્રિપાઠીનો સમાવેશ થાય છે. જાહેર સેવા અને કાયદા અમલીકરણમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ એસીપી સંજય પાટીલને 'જાહેર સેવા અને કાયદા અમલીકરણમાં ઉત્કૃષ્ટ શ્રેષ્ઠતા' ના વિશેષ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. અંતમાં, સ્નેહા ઈવેન્ટ્સ એન્ડ મેનેજમેન્ટના સ્થાપક અને ડિરેક્ટર વિષ્ણુ મિશ્રાએ આ કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપવા બદલ તમામ પ્રતિષ્ઠિત મહેમાનો, મહાનુભાવો, ભાગીદાર સંસ્થાઓ, મીડિયા પ્રતિનિધિઓ અને સમગ્ર આયોજન ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે મુખ્ય મહેમાન ડૉ. મંજુ મંગલ પ્રભાત લોઢા અને સેલિબ્રિટી મહેમાન અમીષા પટેલે કાર્યક્રમનું ગૌરવ વધારવા માટે પોતાનો કિંમતી સમય ફાળવ્યો અને પ્રતિભાઓને પોતાના હાથે સન્માનિત કર્યા, જેના માટે સમગ્ર આયોજન ટીમ તેમનો આભારી છે. તેમણે કહ્યું કે આ કાર્યક્રમનો હેતુ ફક્ત પુરસ્કારો આપવાનો જ નથી, પરંતુ તે લોકોના કાર્યને ઓળખવાનો અને સન્માન કરવાનો પણ છે જેઓ તેમના ક્ષેત્રમાં સતત મહેનત કરી રહ્યા છે અને સમાજ અને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. આ કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રખ્યાત સ્ટેજ ડિરેક્ટર અને સાહિત્યકાર અવિનાશ ત્રિપાઠી દ્વારા કરવામાં આવ્યું હતું.

# વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન ખાતે ઊર્જા મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયાની શુભેચ્છા મુલાકાત



ખેડા | ગળતેશ્વર તાલુકાના વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન (GSECL) ખાતે રાજ્ય સરકારના ઊર્જા મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા સાહેબે મુલાકાત લીધી હતી આ પ્રસંગે ગળતેશ્વર તાલુકા પંચાયતના પ્રમુખશ્રી સોનલબેન પટેલ, તા.પં. કારોબારી સદસ્ય શ્રીમતી રીટાબેન ઓઝા,પૂર્વ તા.પં. પ્રમુખ તથા તા.પં.સદસ્ય નમ્રતાબેન પટેલ તેમજ તાલુકા પંચાયત ગળતેશ્વરના અન્ય સદસ્ય શ્રી ઓ ઈશ્વરસિંહ ઠાકોર,મેહુલસિંહ પરમાર,કિરીટસિંહ ચાવડા, ધ્રુવ વસાવા,તરુણ પરમાર, શાહિદ શેખ,સહિત ભાજપના તાલુકા સંગઠનમાંથી રીપલ પટેલ,અશેષ વ્યાસ,શબુર સિંહ ખાંટ,ઈન્દ્રસિંહ ચૌહાણ સહિત અનેક મહાનુભાવો દ્વારા મંત્રીશ્રી સાથે શુભેચ્છા મુલાકાત કરવામાં આવી હતી.આ મુલાકાત દરમિયાન ગળતેશ્વર તાલુકાના વિવિધ પ્રશ્નો, પ્રાથમિક જરૂરિયાતો તેમજ વિકાસલક્ષી મુદ્દાઓ અંગે મંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. માનનીય મંત્રીશ્રીએ તમામ રજૂઆતોને હકારાત્મક અભિગમ સાથે સાંભળી હતી તથા જરૂરી સહકાર અને યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.આ ઉપરાંત ઊર્જા મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયા દ્વારા વણાકબોરી થર્મલ પાવર સ્ટેશનના ઉચ્ચ અધિકારીઓ તથા યુનિયનના આગેવાનો શ્રી આર.જી. પટેલ,એમ.આર. પટેલ,ડી.એસ.પટેલ, એચ.આર.પટેલ સહિત અનેક યુનિયન આગેવાનો સાથે કર્મચારીઓના વિવિધ પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.આ પ્રસંગે ગળતેશ્વરના મામલતદાર શ્રી જોષી સાહેબ,પીએસઆઈશ્રી તથા પોલીસ સ્ટાફ તેમજ સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.વણાકબોરી થર્મલના એજીએમ શ્રી થોમસ સાહેબ તથા અન્ય કર્મચારીઓના સહયોગથી સમગ્ર મુલાકાત સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

# રાજુલામાં નારી વંદન સપ્તાહની ઉજવણી અંતર્ગત "મહિલા કલ્યાણ દિવસ" ની ઉજવણી થઈ





કિશોર આર. સોલંકી જાફરાબાદ

અમરેલી, તા. ૭ ઓગસ્ટ, ૨૦૨૬ -નારી વંદન સપ્તાહની ઉજવણી અંતર્ગત આજે રાજુલા ખાતે મહિલા કલ્યાણ દિવસ નિમિત્તે ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ દ્વારા મહિલા જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી શૈલેષભાઈ કણજરીયાના માર્ગદર્શન હેઠળ જી.એસ.સી.એલ. ફાઉન્ડેશનના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં મહિલાઓને વિવિધ સરકારી યોજનાઓ અને મહિલા સશક્તિકરણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં રાજુલા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી મધુબેન હિંમતભાઈ બલધારિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી શૈલેષભાઈ કણજરીયા, જી.એસ.સી.એલ.ના સીએસઆર હેડ રમેશભાઈ મકવાણા, સિનિયર મેનેજર રવિભાઈ સોલંકી, પ્રોજેક્ટ મેનેજર હર્ષિકભાઈ કાલાવતર, જીવાભાઈ મોરી, ભરતભાઈ, એડવોકેટ વિદ્યાબેન લાલવાણી, ફિમેલ હેલ્થ વર્કર રીટાબેન ગોસ્વામી, મુખ્ય સેવિકા ભગવતીબેન, કિર્તી બહેન અમરેલીયા, વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિવિધ વિભાગોના અધિકારીઓએ મહિલા જાગૃતિ, મહિલા કલ્યાણ અને સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વ્હાલી દીકરી યોજના મંજૂરી હુકમ તથા દીકરી વધામણા કિટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

નારી સશક્તિકરણ અને મહિલાઓના સર્વાંગી વિકાસના ઉદ્દેશ સાથે યોજાયેલ આ જાગૃતિ શિબિરે ઉપસ્થિત મહિલાઓમાં સરકારી યોજનાઓ પ્રત્યે જાગૃતિ લાવવા તેમજ તેમના અધિકારો અંગે માહિતગાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

# દ્રૌપદી ભગવાન શ્રીકૃષ્ણના અવતાર કાર્યમાં ખાસ સખી હતા

હસ્તિનાપુર ની સભા :

"હે!!કૃષ્ણ,મને બચાવો,ગોવિંદ મારી લાજ રાખ.."

એક જ વસ્ત્ર ધારણ કરેલ દ્રૌપદી ના વસ્ત્ર ભરી સભામાં દુઃશાસન ખેંચવા લાગ્યો ત્યારે નગ્ન થઈ જવાના ભયે નિસહાય દ્રૌપદી એ મનોમન એના સખા શ્રી કૃષ્ણ ને પ્રાર્થના કરી હતી.જ્યારે દ્રૌપદી ના પાત્રને કૃષ્ણ પ્રિયા કે પાંચાલી વગેરે નામ થી વર્ણવી ને એના ચરિત્ર વિશે રિસર્ચ કર્યા વગર લખીએ છીએ ને ત્યારે ભૂલીએ છીએ કે એ અગ્નિ પુત્રી અજન્મા શક્તિ સ્વરૂપા હતા.દ્રૌપદી એ ભગવાન શ્રી કૃષ્ણ ના અવતાર કાર્ય માં ખાસ સખી હતા પ્રિયા નહતા,ભગવાન શ્રી કૃષ્ણ ના પ્રિયા લક્ષ્મીજી નહિ સદાય રાધાજી છે.પુત્રવધુ ઉતરા લગ્ન બાદ સાસરે આવી ત્યારે દ્રૌપદી એ એની વહુ ને કહ્યું હતું કે બેટા,મનુષ્ય ના આશીર્વાદ લેવા કરતા સર્વ સમર્થ શ્રી કૃષ્ણ ના પગે પડીને આશીર્વાદ લેજે.મુશ્કેલી ના સમય માં માણસ લાચાર થઈ જશે પણ ભગવાન મદદ માટે તત્પર રહેશે" મહાભારત ની દ્રૌપદી એ ડગલે ને પગલે શ્રી કૃષ્ણ ની સલાહ નું પાલન કર્યું છે.કર્ણ ને સ્વયંવર ના સભામંડપ માં જોતાજ દ્રૌપદી ઈચ્છતા હતા કે કાશ, કર્ણ ને માછલી ની આંખ વીંધી શકે પણ ભગવાન શ્રી કૃષ્ણ એ દ્રૌપદી ને કહ્યું હતું કે સખી,માછલી ની આંખ તો પાંડુ પુત્ર અર્જુન જ વીંધશે.

રાજસૂય યજ્ઞ માં પધારેલા રાજાઓ રાજા ધૃતરાષ્ટ્ર ની અતિ સુંદર પટરાણી દ્રૌપદી નું સૌંદર્ય ના દર્શન કરતા હતા ત્યારે દુર્યોધન સહિત ના બધા અભિમાની રાજાઓ ને ઘાયલ થઈ જતા હતા. દ્રુપદ રાજા એ દ્રૌપદીના સ્વયંવર માં દેશ વિદેશના રાજાઓ ને આમંત્રણ આપ્યું હતું પરંતુ રાજા ની પ્રતિજ્ઞા અનુસાર માછલી ની આંખ સંન્યાસી વેશ માં સ્વયંવર માં પધારેલ પાંડુ પુત્ર અર્જુન એ વીંધી ત્યારે ઉપસ્થિત રાજાઓના મુખ માંથી અફસોસ શબ્દ સાથે 'દુનિયાની સૌથી સૌંદર્યવાન સ્ત્રી નું નસીબ તો જુવો કેવું છે? ચક્રવર્તીય રાજા ની રાણી બનવા લાયક સૌંદર્યવાન દ્રૌપદી એ ચાર ઘરે માંગી ને ખાતા અર્જુન ને મળી..રે..રે..રે..વિધાતા તે દ્રૌપદી સાથે આટલો મોટો અન્યાય કેમ કર્યો?' વાક્યો નિકળ્યા.

ખરેખર બાણ વીર પરાક્રમી અર્જુન ને પતિ સ્વરૂપે પ્રાપ્ત કર્યા બાદ દ્રૌપદી ખુદને ખૂબ ભાગ્યશાળી સમજી રહી હતી.પરંતુ જ્યારે માતા કુંતી ના આદેશ અનુસાર અર્જુન ની સાથે અન્ય ચાર પાંડવો ની પત્ની બનવું પડ્યું ત્યારે પ્રથમ વખત દ્રૌપદી નિઃસહાય બની ને દર્દમાં ખૂબ રડી પડી હતી.એક પુરુષ ને ચાર પાંચ પતિ હોય એ સામન્ય છે પણ એક સ્ત્રી ને પાંચ પતિ સાંભળી ને સમાજ હાંસી ઉડાવશે.આ કારણોસર તો દુર્યોધન 'પંચાલી' શબ્દ નો ઉપયોગ દ્રૌપદી માટે કર્યા કરતો હતો. નિઃસહાય દ્રૌપદી ને પાંચ પાંડવો ની પત્ની બનવું પડ્યું ત્યારે એણે ભાગ્ય ને દોષ આપી ને ઈચ્છા અનિચ્છા એ દાંપત્ય જીવન સ્વીકાર્યું હતું.

પાંચ પાંડવો ની પત્ની ઈન્દ્રપ્રસ્થ ની પટરાણી બની ત્યારે એના મનમાં 'પાંચ બાહુબળ અને પ્રક્રમી પતિઓ ની પટરાણી છું' નું મદ આવતા વિચારતી હતી કે પોતે પાંચ પતિઓના સુરક્ષા કવચની અંદર સુરક્ષિત છે. હસ્તિનાપુર થી કૌરવો નું જુગાર રમવાનું આમંત્રણ દૂત લઈને આવ્યો ત્યારે દ્રૌપદી ના જમણા અંગો ફરક્યા હતા. ભવિષ્ય ના સંકટ ના આગોતરા સંદેશ વિશે એણે એના પાંચ પતિઓ ને જાણકારી આપી હતી. રાજસૂય યજ્ઞ બાદ રાજા ધૃતરાષ્ટ્ર ચક્રવર્તિ રાજા બની જતા પાંચેય પાંડવો ને ધન સંપતિ અને બળ નું અભિમાન આવી જતા એણે દ્રૌપદી ની વાત ને હસી મજાક માં ઉડાવતા કહ્યું હતું કે દેવી, નિશ્ચિંત રહો આપણા સાથે ભાગ્ય છે એટલે શકુની મામા ના પાસા ની રમત ઊલટી પડશે.



દ્રૌપદી ના જીવન ના રંગો

- રુપાલી દવે

ઈન્દ્ર પ્રસ્થ થી હસ્તિનાપુર રવાના થતી વખતે પણ દ્રૌપદી ના જમણા અંગ ફરકતા એણે ત્રિકાળ જ્ઞાન ધરાવતા સહદેવ ને સૂચવ્યું હતું કે દ્રૌપદી ને સલાહ આપી હતી કે એ હસ્તિનાપુર ના જાય.પતિ આજ્ઞાનું પરાણે પાલન કરવું પડતા માસિક ધર્મ માં હોવા છતાંય દ્રૌપદી ને હસ્તિનાપુર જેવું પડ્યું હતું. કૌરવો ની છળ કપટ માં પ્રેમ પૂર્વક ની આગતા સ્વાગતા ને માનસન્માન પામી ને નિર્દોષ ભોળા પાંડવો એની જાળ માં ખુદ જઈને ફસાઈ ગયા. પાંડવો ને જુગારની રમત ની લત એવી લાગી ગઈ હતી ને કે પાંચ સાત વખત મામા શકુની એ ફેંકેલા પાસા ની જાદુઈ કરામત ને લીધે દુર્યોધન ના હાથે ઈન્દ્રપ્રસ્થ,ભાઈઓ, ધન ધાન્ય, વૈભવ વગેરે વગેરે સર્વે હારી ગયા બાદ પણ છેલ્લો દાવ લગાવવા તૈયાર થઈ ગયા હતા.મામા શકુની,દુર્યોધન અને કર્ણ ને ખબર હતી કે પાંડવો પાસે જુગાર ના દાવ માં મૂકવા માટે કશુંય નથી. સ્વયંવર માં દ્રૌપદી મેળવ્યા બાદ પાંડવોનું વિજયી સ્મિત દુર્યોધનના હ્રદય માં ખંજર બની ને એને ઘાયલ કર્યા કરતું.

પાંડવોની દયનીય સ્થિતિ દુર્યોધન થી છૂપી નહતી ને એને મામા શકુનિ ના પાસા પર વિશ્વાસ હતો. છેલ્લા દાવ પહેલા પાંડવો ના મુખ પર "હાર્યો જુગારી જીતે બમણું" ની આશા નિહાળતા દુર્યોધનને હસવું આવતું પણ એ હસ્યો નહી.દુર્યોધનને ખબર હતી કે પાંડવો ને મન દ્રૌપદી એક કોમળ રમવાનું રમકડું છે જે અર્જુન માસૂમ કોમળ સૌંદર્યવાન દ્રૌપદી ને માતા ના કહેવાથી પાંચ સરખે ભાગે વેંચી શકતો હોય તો એનો મોટો ભાઈ યુધિષ્ઠિર છેલ્લા દાવ માં ગુમાવેલ બધું જીતવા ની આશા એ દ્રૌપદી ને દાવ માં મૂકી પણ શકે. છેલ્લા દાવ માં પાસા ફેંકતા પહેલા મામા શકુની એ કૌરવો તરફથી હસ્તિનાપુર દાવ માં મૂકતા પાંડવો ને પૂછ્યું કે તમે શું દાવમાં મુકશો? સર્વ સ્વ જુગાર માં હારી ચૂકેલ યુધિષ્ઠિર એ નીચી નજર કરતા "દ્રૌપદી" ને દાવ માં મૂકી..આ બેશરમ નાલેશી પૂર્વક ની ઘટના એ સભાખંડ માં હા હા કાર મચાવી દીધો હતો. પાંડવો ને ખબર હતી કે જો એ છેલ્લો દાવ હારી જશે તો વિકૃત માનસ ધરાવતો અપમાન ની આગમાં સળગતો દુર્યોધન એની દ્રૌપદી સાથે કઈ પણ કરશે.છેલ્લા જુગાર નો દાવ હાર્યા એ ભેગા દુર્યોધન એ ક્રૂર અટ હાસ્ય કરતા સૈનિકો ને હુકમ કર્યો કે તાત્કાલિક બંદી બનાવી લ્યો પાંચ ગુલામ પાંડવો ને.વાસના થી ભરેલ વિકૃત આંખ નચાવતાં દુર્યોધન એ નાના ભાઈ દુઃશાસન તરફ સહેજ સ્મિત કરતા કહ્યું હતું કે પંચાલી ને ભરી સભા માં કેશ પકડી ને લઈ આવ આજે એને ભર સભા માં પાંચ પાંડવો ની સામે મારી જાંઘા પર બેસાડી ને અપમાન નો બદલો લઈશ. શૂરવીર પાંચ પતિઓની લાચાર પત્ની દ્રૌપદી એ દુર્યોધન ની વિકૃતિ થી બચવા માતા ગાંધારી, ધૃતરાષ્ટ્ર,ભીષ્મ પિતામહ સહિત બધા વડીલો આગળ ખૂબ આજીજી કરી હતી પણ ત્યારે પાંચ પાંડવોની માફક એ બધા પણ નત મસ્તક મૌન હતા. જ્યારે "ભરી સભામાં પંચાલી ને નગ્ન કરવાના" દુર્યોધન નું ફરમાન સાંભળતા જ દ્રૌપદી ના કપડા ક્રૂરતા પૂર્વક દુઃશાસન ખેંચવા લાગ્યો ત્યારે..ત્યારે..નિર્દોષ માસિક ધર્મ પાળી રહેલ દ્રૌપદીની દશા શું થઈ હશે? વિચાર્યું છે ક્યારેય..દ્રૌપદી ના જીવન ના રંગો અગ્નિ જેવા લાલ રંગ ના હોવા જોઈએ પણ અફસોસ!!દ્રૌપદી ના જીવન નો આ રંગ અતિ ડરામણો અને ક્રૂર અમાસ ની રાત જેવો કાળો ડીબાંગ છે. આજે પણ મહાભારત ના પાત્ર "દ્રૌપદી" ની માફક અસંખ્ય સ્ત્રીઓ યુવતીઓનું જીવન નર્ક સમાન છે પણ માબાપ અને સમાજ ના લીધે લગ્ન બાદ સ્ત્રીઓ યુવતીઓ ચૂપચાપ અંત સુધી સહન કર્યા કરતી હોય છે. જો એ દ્રૌપદી ની જેમ આબરૂ બચાવવા "શ્રી કૃષ્ણ" ને પ્રાર્થના કરે તો એની પણ દ્રૌપદી ની માફક લગ્નેતર સબંધ ની મન ઘડત અપરિપક્વ લેખકો નવલ કથા લખી નાખશે. મહાભારતનું પાત્ર એટલે કે પાંચાલીનું જીવન અને સંઘર્ષ હંમેશાંથી ચર્ચાનો વિષય રહ્યો છે. હસ્તિનાપુરની ભરી સભામાં બનેલી ઘટના માત્ર એક સ્ત્રીનું અપમાન નહોતું, પરંતુ તે સમગ્ર માનવતા અને મર્યાદાના ચીથરેહાલ થવાની કહાની હતી. દ્રૌપદીના પાત્રને માત્ર એક રાણી કે સાધારણ સ્ત્રી તરીકે જોવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે તે અગ્નિપુત્રી અને અજન્મા શક્તિ સ્વરૂપા હતી. ભગવાન શ્રીકૃષ્ણના જીવન અને તેમના કાર્યમાં દ્રૌપદી એક ખાસ સખીની ભૂમિકામાં હતા, જેમણે ડગલેને પગલે ઈશ્વરીય માર્ગદર્શનનું પાલન કર્યું હતું.દ્રુપદ રાજાની પુત્રી દ્રૌપદીનો સ્વયંવર ઈતિહાસમાં અનોખો હતો, જ્યાં દેશ-વિદેશના રાજાઓ ઉપસ્થિત રહ્યા હતા. સંન્યાસીના વેશમાં રહેલા અર્જુન દ્વારા માછલીની આંખ વીંધ્યા બાદ દ્રૌપદીએ અર્જુનને પોતાના પતિ તરીકે સ્વીકાર્યા હતા. અર્જુન જેવા પરાક્રમી યોદ્ધાને પામીને દ્રૌપદી અત્યંત ખુશ હતી, પરંતુ માતા કુંતીના આદેશ અનુસાર પાંચેય પાંડવોની પત્ની બનવાની પરિસ્થિતિએ તેને ઊંડોઘાત આપ્યો હતો. એક સ્ત્રી માટે પાંચ પતિ હોવા એ સમાજમાં હાંસીનું પાત્ર બનવા સમાન હતું. છતાં, સમય જતાં ઈન્દ્રપ્રસ્થની પટરાણી બન્યા બાદ તે પોતાના પતિઓના બાહુબળ પર ગર્વ અનુભવવા લાગી હતી. ઈન્દ્રપ્રસ્થથી હસ્તિનાપુર તરફ જતી વખતે દ્રૌપદીના જમણા અંગો ફરક્યા હતા અને તેણે આશંકા વ્યક્ત કરી હતી કે કોઈ મોટું સંકટ આવી રહ્યું છે. પરંતુ પાંડવોને પોતાના ભાઈઓ અને ધન-વૈભવનું અભિમાન હોવાથી તેમણે આ ચેતવણીને હસી કાઢી હતી. મામા શકુનીના કપટી પાસાઓની જાળમાં ફસાઈને યુધિષ્ઠિરે સર્વસ્વ ગુમાવી દીધું અને અંતે પોતાની પત્ની દ્રૌપદીને પણ દાવ પર લગાવી દીધી. આ ઘટનાએ હસ્તિનાપુરના રાજદરબારમાં હાહાકાર મચાવી દીધો હતો. જ્યારે દુર્યોધનના આદેશથી દુઃશાસને ભરી સભામાં દ્રૌપદીના વસ્ત્ર ખેંચવાનું શરૂ કર્યું, ત્યારે માસિક ધર્મની સ્થિતિમાં રહેલી નિર્દોષ દ્રૌપદી એકદમ અસહાય બની ગઈ હતી.

# Gen-Z પર કંગના રનૌતનું મોટું યુટર્ન!

## ગટર છાપ' કહેનાર ભાજપ સાંસદે યુવાનોને દેશની સૌથી મોટી તાકાત ગણાવ્યા, કહ્યું- 'જેન-ઝીના લીધે જ અમારી સરકાર છે'



(એજન્સી) મુંબઈ | તા.08

ભાજપની સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌત તેના વિવાદિત નિવેદનોના લીધે ચર્ચામાં રહે છે. થોડા દિવસ પહેલાં તેણે Gen-Z ને 'ગટર છાપ' કહ્યું હતું. જોકે, હવે અચાનક કંગનાના સૂર બદલાયા છે. કંગનાએ Gen-Zને દેશની તાકાત અને દેશની સંસ્કૃતિને ઓળખ અપાવનારા ગણાવ્યા છે.

સંસદના ચોમાસુ સત્ર દરમિયાન ન્યૂઝ એજન્સી પીટીઆઈ સાથેની વાતચીતમાં કંગનાએ કહ્યું કે, 'જેન-ઝી આપણા દેશની તાકાત છે. તે આપણા દેશની ખૂબ મોટી ધરોહર છે. આપણા જે યુવા બાળકો છે, તેણે પણ મોહન ભાગવતજીના જ્ઞાન અને તકોનો લાભ મળી રહ્યો છે.' તેણે વધુમાં કહ્યું કે, 'આપણા યુવાનો પણ આપણી સંસ્કૃતિના એમ્બેસેડર તરીકે ઝડપથી આગળ વધી રહ્યા છે. તે ખૂબ જ ખુશીની વાત છે.'

સંસદ સત્ર દરમિયાન કંગનાનો અન્ય એક વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં તે જેન-ઝીના વખાણ કરતી જોવા મળી રહી છે. કંગનાએ કહ્યું કે, 'જેન-ઝી સરકારનો જ ભાગ છે. તેમના જ મેન્ડેટને કારણે આટલા વર્ષોથી અમારી સરકાર છે. એવું નથી કે પ્રોટેસ્ટમાં 10-15 લોકો, જેમણે ગાળો આપી એ જ જેન-ઝી છે. આજે ઝારખંડમાં જે બાળકો બેઠા છે અને આટલી સરસ રીતે પ્રોટેસ્ટ કરી રહ્યા છે, એ યુવાઓ જે દેશ માટે આટલા બધા મેડલ લઈને આવ્યા, પ્રધાનમંત્રીજીને સમર્પિત કર્યા, તે પણ જેન-ઝી છે.' તેણે આગળ કેટલાક લોકો પર નિશાન સાધતા કહ્યું કે, 'આ બ્રિગેડ જે પર્યાવરણ દિવસે વૃક્ષો વાવવાની વાત કરે છે, તો આજે હેન્ડલુમ દિવસ છે, મારે જોવું છે કે જે લોકો જ્ઞાન આપતા ફરે છે, તે હેન્ડલુમ ખરીદે છે. કેટલાક લોકો નામ ખરાબ કરી રહ્યા છે. જેન-ઝી આપણી સૌથી મોટી તાકાત છે. અમને જેન-ઝી પર ગર્વ છે.'

નોંધનીય છે કે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) વડા મોહન ભાગવતના જેન-ઝી અને જેન-આલ્ફા સાથેના સંવાદ બાદ કંગના રનૌતની આ પ્રતિક્રિયા સામે આવી છે. સંઘ પ્રમુખે કહ્યું હતું કે, જેન-ઝી અને જેન-આલ્ફા, જૂની પેઢી કરતાં પણ વધુ દેશભક્ત અને પ્રામાણિક છે. તેમણે કહ્યું- 'આપણે તેમની વાત સાંભળવી જોઈએ. તેમની સાથે વાતચીતમાં અભાવ હતો, એટલા માટે દિલ્હીના જંતર-મંતર પર આંદોલન થયું.'

દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીની આગેવાનીમાં યોજાયેલા સ્ટુડન્ટ પ્રોટેસ્ટ દરમિયાન કંગના રનૌતે ઈન્સ્ટાગ્રામ પર પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. તેણે લખ્યું કે, 'પ્રદર્શનકારીઓની બોલવાની રીત અને ભાષા ખૂબ જ ખરાબ છે. મેં મારા જીવનમાં એકસાથે કોઈ ફ્રેમમાં આટલું અશ્લીલ કન્ટેન્ટ જોયું નથી. તેમને કોણ જન્મ આપી રહ્યું છે અને કેવું પાલનપોષણ આપી રહ્યું છે?' કંગનાએ આગળ કહ્યું કે, 'આ રીલ્સ જોયા પછી હું ખૂબ જ પરેશાન થઈ ગઈ છું અને તેના મન પર તેની ખૂબ જ ખરાબ અસર પડી છે.' 'કોકરોચની જેમ વર્તીને દુનિયાને ગંદકી બતાવી રહ્યા છો'

આંદોલનના પ્રતીક તરીકે ઉપયોગમાં લેવાઈ રહેલા 'કોકરોચ' શબ્દ પર પણ કંગનાએ તીખો હુમલો કર્યો હતો. તેણે લખ્યું, 'તમે પોતાને કોકરોચ કહો છો અને તેમની જેમ જ વર્તન પણ કરી રહ્યા છો. આમાં કોઈ આશ્ચર્યની વાત નથી. તમે લોકો તમારી આ ગંદકી, કચરા અને અસભ્યતાને આખી દુનિયા સામે પીરસી રહ્યા છો.' કંગનાનું આ નિવેદન સોશિયલ મીડિયા પર ઝડપથી શેર કરવામાં આવી રહ્યું છે. કંગના રનૌતે નવી પેઢીની ભારતીય મહિલાઓને 'ગટર છાપ' કહી. કંગનાનું કહેવું છે કે, 'આ મહિલાઓ સ્વતંત્ર મહિલાઓનો વાદ કરી નશો કરવો, દારૂ પીવો અને અસંખ્ય પુરુષો સાથે યૌન સંબંધ બાંધવાને સ્વતંત્રતા કહે છે.'

કંગનાએ સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના સ્ટોરીમાં લખ્યું હતું કે, 'સૌથી શરમજનક વાત એ યુવા હિંદુ મહિલાઓનું વર્તન છે, જે સ્વતંત્ર અને કારકિર્દી બનાવતી મહિલાઓના જીવનની નકલ કરવા માંગે છે, પરંતુ તે આઝાદી સાથે આવતી જવાબદારીઓને નિભાવવા માંગતી નથી. સ્વતંત્ર મહિલાઓ વિદ્રોહી નિર્ણયો લે છે, સ્પષ્ટ અભિપ્રાય રાખે છે, પરંપરાઓથી હટીને કારકિર્દી પસંદ કરે છે અને પોતાના દરેક નિર્ણયની સંપૂર્ણ જવાબદારી પણ ઉઠાવે છે. તેમને પોતાના કર્મોની કિંમત પોતે જ ચૂકવવી પડે છે. તે પોતાના માતા-પિતા કે પરિવારના ભોગે આવું કરતી નથી.'

કંગનાએ આગળ લખ્યું, 'આજે કહેવાતી પશ્ચિમી વિચારસરણીથી પ્રભાવિત ભારતીય મહિલાઓની એક નવી પેઢી સામે આવી છે. હું તેમને 'ગટર છાપ જનરેશન' કહું છું. આમાંથી કેટલીક પાસે સમાજને આપવા માટે કંઈ નથી. તે ભણવામાં સારી નથી, ઉપરાંત એટલી ખરાબ વિચારસરણી અને ભ્રષ્ટ માનસિકતા ધરાવે છે કે સારી ગૃહિણી પણ બની શકતી નથી.' 'તેમ છતાં તેઓ પોતાની કહેવાતી આઝાદીનો દેખાડો કરે છે, નશો, દારૂ અને અસંખ્ય જાતીય સંબંધોને પોતાની આઝાદી ગણાવે છે. શરમ વિના પોતાના માતા-પિતાની કમાણી પર જીવે છે અને સતત સ્વતંત્ર જીવન જીવવાની વાતો કરે છે, જ્યારે વાસ્તવમાં તેઓ આત્મનિર્ભર હોતી જ નથી. એક નાની યાદ અપાવી દઉં, આઝાદ જીવન કમાવવું પડે છે. જો જવાબદારી ઉઠાવ્યા વિના સ્વતંત્ર બનવાનો પ્રયાસ કરશો, તો તમે ફક્ત એક વિકૃત માનસિકતાવાળા માણસ છો, 'ગટર છાપ'. '



# સલમાનના ગેલેક્સી એપાર્ટમેન્ટ બહાર પોલીસકર્મીનું મોત

## લોરેન્સ ગેંગથી સુરક્ષા માટે તૈનાત હતા, ઓન ડ્યુટી ઢળી પડ્યા, ડોક્ટરોએ મૃત જાહેર કર્યા

(એજન્સી) મુંબઈ | તા.08

બોલિવૂડ સ્ટાર સલમાન ખાનના ઘરની બહાર તૈનાત પોલીસકર્મીનું મૃત્યુ થયું છે. રિપોર્ટમાં તેનું કારણ હાર્ટ એટેક જણાવવામાં આવી રહ્યું છે.

IANSના રિપોર્ટ અનુસાર, મુંબઈ પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે કોન્સ્ટેબલ ગણેશ સલમાન ખાનના ઘરની બહાર તૈનાત હતા. તેમની ઉંમર 41 વર્ષ હતી. તેઓ તે પોલીસકર્મીઓમાં સામેલ હતા, જેઓ લોરેન્સ બિશ્નોઈથી સલમાનની સુરક્ષા માટે તૈનાત કરવામાં આવ્યા હતા.

કોન્સ્ટેબલ ગણેશ અચાનક બીમાર પડીને નીચે પડી ગયા. ઘટનાસ્થળે હાજર અન્ય પોલીસકર્મીઓ તેમને નજીકની હોસ્પિટલ લઈ ગયા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. પોલીસે જણાવ્યું કે તેમનું મૃત્યુ હાર્ટ એટેકથી થયું. સલમાન ખાનના ઘર પર હજુ પણ નજર રાખવામાં આવી રહી છે અને તેમને પોલીસ સુરક્ષા આપવામાં આવી છે.

2023માં લોરેન્સ ગેંગ તરફથી ધમકી મળ્યા બાદ જ સલમાનની સુરક્ષા વધારી દેવામાં આવી હતી. તેમને મહારાષ્ટ્ર સરકાર તરફથી Y+ કેટેગરીની સુરક્ષા મળી છે. 11 જવાન હંમેશા સાથે રહે છે, જેમાં એક કે બે કમાન્ડો અને 2 PSO પણ સામેલ હોય છે.

સલમાનની ગાડીની આગળ અને પાછળ એસ્કોર્ટ કરવા માટે હંમેશા બે ગાડીઓ રહે છે. આ ઉપરાંત, સલમાનની ગાડી પણ સંપૂર્ણપણે બુલેટપ્રૂફ છે.

ગેલેક્સી એપાર્ટમેન્ટ પર થયેલી ફાયરિંગ બાદ જાન્યુઆરીમાં સલમાનના એપાર્ટમેન્ટની બાલ્કની બુલેટપ્રૂફ કરી દેવામાં આવી છે. સાથે જ, હાઈ રિઝોલ્યુશન કેમેરા પણ ચારેય બાજુ લગાવવામાં આવ્યા છે. પછીની તપાસમાં સામે આવ્યું કે ફાયરિંગનો હેતુ સલમાન ખાનને ડરાવવાનો હતો. આ હુમલો લોરેન્સ ગેંગના કહેવા પર કરવામાં આવ્યો હતો.

લોરેન્સ 2022માં પંજાબી સ્ટાર સિદ્ધુ મૂસેવાલાની હત્યા બાદ ચર્ચામાં આવ્યો હતો. તેણે 'હમ સાથ-સાથ હૈં'ના શૂટિંગ દરમિયાન કાળિયારના શિકાર કેસમાં કથિત રીતે સામેલ હોવા બદલ સલમાનને જાહેરમાં જાનથી મારી નાખવાની ધમકી આપી છે. 14 એપ્રિલ 2024ના રોજ બે બાઈક સવાર લોકોએ બાંદ્રા સ્થિત ગેલેક્સી એપાર્ટમેન્ટની બહાર ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગ સમયે સલમાન પોતાના ઘરમાં જ હતા. ઘટના બાદ સલમાનના ઘરની બહાર સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

### જેટલી ઉંમર લખી છે તેટલી લખી છે

ગયા વર્ષે સલમાન ખાને મુંબઈના બાંદ્રા વિસ્તારની એક ફાઈવ સ્ટાર હોટલમાં મીડિયા સાથે વાત કરી હતી. તેમણે સ્વીકાર્યું હતું કે ક્યારેક ક્યારેક સુરક્ષાકર્મીઓ સાથે ફરવું તેમના માટે મુશ્કેલીનું કારણ બની જાય છે.

અભિનેતાએ એમ પણ કહ્યું હતું કે તેમને ધમકીઓથી ડર નથી લાગતો. તેમણે પોતાની સુરક્ષા અને સંભાળ ભગવાન પર છોડી દીધી છે.

સલમાને મીડિયાને કહ્યું હતું કે, 'ભગવાન, અલ્લાહ બધું તેમના પર છે. જેટલી ઉંમર લખી છે, તેટલી લખી છે. બસ આટલું જ છે. ક્યારેક ક્યારેક આટલા બધા લોકો સાથે ફરવું મુશ્કેલીનું કારણ બની જાય છે.'



# સૈફ અલી ખાન બહેનના પર્સમાંથી પૈસા કાઢતા હતા

## સબા પટૌડીએ જણાવ્યું- રક્ષાબંધન પર તે જ રકમ ભેટમાં આપી દેતા હતા



(એજન્સી) મુંબઈ | તા.08

સૈફ અલી ખાનની બહેન સબા પટૌડીએ તાજેતરમાં જણાવ્યું કે સૈફ ઘણીવાર તેમના પર્સમાંથી પૈસા કાઢી લેતા હતા અને પછી તે જ રકમ રક્ષાબંધન પર ભેટ તરીકે આપતા હતા. આ વાત તેમણે નેહા ધૂપિયા અને અંગદ બેદીના યુટ્યુબ શોમાં જણાવી.

સૈફ અલી ખાન, સોહા અલી ખાન અને સબા પટૌડીએ તેમના બાળપણનો મોટો ભાગ પટૌડી પરિવારના મહેલમાં વિતાવ્યો. જોકે, સોહાએ જણાવ્યું કે ઘરમાં તેમને ક્યારેય શાહી જીવન જેવો અહેસાસ કરાવવામાં આવ્યો ન હતો. તેમના પિતા, ભૂતપૂર્વ ક્રિકેટર મન્સૂર અલી ખાન પટૌડી, બાળકોને ખર્ચાઓનું મહત્વ સમજાવતા હતા.

સોહાએ કહ્યું કે તેમના પિતા ઘરમાં વીજળી બચાવવા પર ભાર મૂકતા હતા અને પીળા રંગના પોસ્ટ-ઈટ નોટ્સ પર લાઈટ બંધ કરવાની યાદ અપાવતા હતા. તેમણે એ પણ જણાવ્યું કે બાળપણમાં મિત્રોના ઘરે જવાની પરવાનગી ઘણીવાર એટલા માટે નહોતી મળતી કારણ કે તેમના પિતા માનતા હતા કે પેટ્રોલ પર બિનજરૂરી ખર્ચ ન થવો જોઈએ.

વાતચીત દરમિયાન સબા પટૌડીએ પોકેટ મનીનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે તેમને અને સોહાને 100 રૂપિયા મળતા હતા. તે સમયે સૈફ અલી ખાન ઈંગ્લેન્ડમાં અભ્યાસ કરી રહ્યા હતા.

આ દરમિયાન સોહાએ હસતા હસતા કહ્યું કે સૈફ પૈસા ચોરી લેતો હતો. આના પર સબાએ મજાકિયા અંદાજમાં જણાવ્યું કે જ્યારે તેઓ ઈંગ્લેન્ડ જતા હતા, ત્યારે તેમને 5 પાઉન્ડ મળતા હતા, જે સૈફ અવારનવાર ઉધાર લઈ લેતો હતો. તેમણે એમ પણ કહ્યું કે ઘણી વાર સૈફ તેમના પર્સમાંથી પૈસા કાઢી લેતો હતો અને પછી તે જ રકમ રક્ષાબંધન પર ભેટ તરીકે પાછી આપી દેતો હતો.

સબાએ આગળ જણાવ્યું કે લગ્નના અચાનક આવેલા મીડિયા અહેવાલોને કારણે શાળા પ્રશાસનને દખલગીરી કરવી પડી હતી. સબાના મતે, પ્રિન્સિપાલની ઓફિસમાંથી તેમને ફોન આવ્યો હતો. તેમને કહેવામાં આવ્યું હતું કે જ્યાં સુધી પુષ્ટિ ન થાય ત્યાં સુધી, તેઓ આ વિશે કોઈની સાથે કોઈ વાત ન કરે. સબાએ યાદ કરતા કહ્યું કે તેમને સૂચના આપવામાં આવી હતી કે તેઓ કોઈને કંઈ ન જણાવે, કારણ કે આ સમાચાર મીડિયામાં આવી ચૂક્યા હતા અને તેમને તેની સચ્ચાઈ ખબર ન હતી.

# ત્રિશા સાથે અફેરની ચર્ચા વચ્ચે થલાપતિ વિજયના છૂટાછેડા રદ્દ

(એજન્સી) મુંબઈ | તા.08

સાઉથ સુપરસ્ટાર અને તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજય હાલમાં તેમના પોલિટિકલ કરિયર કરતાં પણ અંગત જીવનને લઈને વધારે ચર્ચામાં છે. તેવામાં તેમના ચર્ચિત છૂટાછેડાના કેસમાં એક મોટો વળાંક આવ્યો છે. થલાપતિ વિજયની પત્ની સંગીતા સ્વર્ણલિંગમે છૂટાછેડાની અરજી પાછી ખેંચી લીધી છે. ફેબ્રુઆરી 2026માં સંગીતાએ સુપરસ્ટાર પર લગ્નેત્તર સંબંધનો ગંભીર આરોપ લગાવીને છૂટાછેડાની અરજી કરી, ત્યારથી વિજયનું સાઉથ એક્ટ્રેસ ત્રિશા કૃષ્ણન સાથે અફેર ચાલતું હોવાની ચર્ચાઓએ વેગ પકડી હતી.

વાસ્તવમાં આજે, 7 ઓગસ્ટને શુક્રવારે થલાપતિ વિજયની પત્ની સંગીતા વીડિયો કોન્ફરન્સ મારફત ચેંગલપટ્ટુ ફેમિલી કોર્ટના જજ સુજાતા સમક્ષ હાજર થઈ હતી. ન્યૂઝ એજન્સી ANIના રિપોર્ટ અનુસાર, સંગીતાએ કોર્ટને છૂટાછેડાની અરજી પાછી ખેંચવાની પોતાની ઈચ્છા વિશે જણાવ્યું. જજે અરજી પાછી ખેંચવાની મંજૂરી આપવા અને કેસને સત્તાવાર રીતે બંધ કરતા પહેલાં લગભગ 15 મિનિટ સુધી સંગીતાની પૂછપરછ કરી હતી.

સંગીતા સ્વર્ણલિંગમે ફેબ્રુઆરી 2026માં છૂટાછેડાની અરજી દાખલ કરી હતી. 25 વર્ષના લગ્નજીવન પછી સંગીતાએ ફેમિલી કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં ગંભીર આરોપ લગાવ્યો હતો કે, વિજયનું એક એક્ટ્રેસ સાથે લગ્નેતર સંબંધમાં હોવું તેમના સંબંધો તૂટવાનું મુખ્ય કારણ છે. આ સંબંધ એપ્રિલ 2021થી ચાલી રહ્યો હતો, જેના કારણે



સંગીતાને ભાવનાત્મક રીતે ઊંડો આઘાત લાગ્યો અને તે તેના માટે માનસિક પીડાનું કારણ બન્યો.

આ છૂટાછેડાની અરજીમાં એ પણ લખવામાં આવ્યું હતું કે, સંગીતા અને વિજય વચ્ચેના વૈવાહિક સંબંધો વર્ષો પહેલા ખૂબ જ શાંતિપૂર્ણ અને સુમેળભર્યા હતા, પરંતુ ધીમે ધીમે પરિસ્થિતિઓ બગડતી ગઈ. અરજીમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, લગ્ન સમયે બધું સામાન્ય હતું, પરંતુ પતિના કથિત બીજા સંબંધ વિશે જાણ થયા પછી બધું બદલાઈ ગયું. જ્યારે સંગીતાએ પહેલીવાર આ વિશે વાત કરી, વિજયે ખાતરી આપી કે તે સંબંધ પૂરો કરી દેશે, પરંતુ અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે, તે સંબંધ ચાલુ રહ્યો અને પરિસ્થિતિ વધુ ખરાબ થતી ગઈ.

# 'ઓહ માય ડોગ' માણસ અને શ્વાન વચ્ચેના પ્રેમની વાર્તા

## OMG ફેમ ડિરેક્ટર અમિત રાયનો નવતર પ્રયોગ, ફિલ્મમાં 250થી વધુ શ્વાન આકર્ષણનું કેન્દ્ર



(એજન્સી) મુંબઈ | તા.08

અક્ષય કુમાર સ્ટારર 'OMG 2' (ઓહ માય ગોડ 2) ફિલ્મની ભવ્ય સફળતા બાદ લેખક અને ડિરેક્ટર અમિત રાય હવે એક અનોખી અને હૃદયસ્પર્શી કૌટુંબિક વાર્તા સાથે મોટા પડદા પર પુનરાગમન કરી રહ્યા છે. માનવ અને શ્વાન વચ્ચેના લાગણીસભર સંબંધો, દયા અને નિઃસ્વાર્થ પ્રેમનો પવિત્ર સંદેશ આપતી તેમની નવી ફિલ્મ 'ઓહ માય ડોગ' આજે દેશભરના સિનેમાઘરોમાં રિલીઝ થઈ ચૂકી છે.

ફિલ્મની રિલીઝ પહેલાં દેશના વિવિધ શહેરોમાં યોજાયેલા પ્રી-રિલીઝ સ્ક્રીનિંગ્સમાં દર્શકો અને ફિલ્મ વિવેચકો તરફથી ખૂબ જ ઉત્સાહજનક પ્રતિસાદ સાંપડ્યો છે. ખાસ કરીને અમદાવાદમાં યોજાયેલા સ્પેશિયલ સ્ક્રીનિંગ દરમિયાન ઉપસ્થિત દર્શકો ફિલ્મના સંવેદનશીલ વાર્તાતંતુ, મજબૂત સ્ક્રીનપ્લે અને કલાકારોના સહજ અભિનયથી ભાવવિભોર થઈ ગયા હતા.

ફિલ્મના વિષય અંગે વાત કરતા ડિરેક્ટર અમિત રાયે કહ્યું હતું કે, 'આ ફિલ્મ માત્ર મનોરંજન પૂરતી સીમિત નથી, પરંતુ આપણા રોજિંદા જીવનમાં મુકાબલે અબોલ જીવો પ્રત્યેની સહાનુભૂતિ અને તેમની સાથેના સહ-અસ્તિત્વનું મહત્વ સમજાવતો એક પ્રામાણિક પ્રયાસ છે. શ્વાન આપણા જીવનમાં જે અકલ્પનીય પ્રેમ, પ્રામાણિકતા અને હૂંફ લાવે છે, તેને અમે મોટા પડદા પર સુંદર રીતે કંડારવાનો પ્રયત્ન કર્યો છે.'

બાબુલાલ બાયોસ્કોપ અને થિંકિંગ હેટ્સ એન્ટરટેઈનમેન્ટના બેનર હેઠળ અમિત રાય, રાજેશ ભારદ્વાજ અને સના વારસી દ્વારા નિર્મિત આ ફિલ્મમાં બાળ કલાકાર માહી રાય મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. આ ઉપરાંત પંકજ ત્રિપાઠી, પવન મલ્હોત્રા, રાજેશ કુમાર, ગીતા અગ્રવાલ શર્મા, સુલક્ષણા બરુઆ અને વિજય મિશ્રા જેવા દમદાર કલાકારો પણ મહત્વના પાત્રોમાં નજરે પડશે. આ ફિલ્મનું સૌથી મોટું અને વિશેષ આકર્ષણ કેનાઈન સ્ટાર્સ 'ઓસ્કાર' અને 'બ્રુનો' સહિત 250થી વધુ શ્વાન છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

# રિષભ પંતે ઉત્તરાખંડના મુખ્યમંત્રી પાસે મદદ માંગી

**● પંતની મુખ્યમંત્રીને અડધી રાતે અપીલ, પ્રક્રિયામાં પારદર્શિતાના અભાવનો આક્ષેપ**



(એજન્સી) દેહરાદૂન । તા. 08

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર વિકેટકીપર અને બેટર રિષભ પંત દ્વારા અડધી રાત્રે સોશિયલ મીડિયાના માધ્યમથી કરવામાં આવેલી એક ભાવનાત્મક અને ચોંકાવનારી પોસ્ટના કારણે રમતગમત તેમજ રાજકીય જગતમાં ભારે હલચલ મચી ગઈ છે, જેમાં તેમણે પોતાના જ વતન ઉત્તરાખંડમાં ઘર બનાવવા માટે જમીન ખરીદવામાં આવી રહેલી ગંભીર મુશ્કેલીઓ અંગે સીધી જ રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ મદદની ગુહાર લગાવી છે.

વર્તમાન સમયમાં દિલ્હી ખાતે પોતાનું નિવાસસ્થાન ધરાવતા રિષભ પંતે પોતાના રાજ્ય પ્રત્યેના પ્રેમ અને લગાવને વ્યક્ત કરતા ઉત્તરાખંડમાં જ કાયમી ધોરણે વસવાટ કરવાની ઈચ્છા દર્શાવી છે. પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી તેઓ પોતાના વતનમાં એક યોગ્ય જમીન ખરીદવા માટે સખત સંઘર્ષ કરી રહ્યા છે. જમીન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયા અત્યંત જટિલ બની ગઈ છે અને તેમાં સ્પષ્ટતા કે પારદર્શિતાનો ખુલ્લો અભાવ જોવા મળી રહ્યો છે, જેના કારણે એક ખ્યાતનામ ક્રિકેટરને પણ પાયાની બાબતો માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ સમગ્ર મામલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર વિગતવાર પોસ્ટ શેર કરતા પંતે જણાવ્યું હતું કે તેઓ ઉત્તરાખંડ સાથે આત્મિક રીતે જોડાયેલા છે અને પોતાના 'પહાડી લોકો' વચ્ચે પાછા ફરીને રહેવા માટે ઉત્સુક છે. તેમણે ઉમેર્યું હતું કે તેઓ પોતાના રાજ્યના વિકાસમાં સક્રિય યોગદાન આપવા માંગે છે, પરંતુ જમીન ફાળવણી કે ખરીદીની પ્રક્રિયામાં સતત અડચણો ઊભી થઈ રહી છે. પંતે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીને યાદ અપાવ્યું હતું કે ભૂતકાળમાં જ્યારે તેઓ ઉત્તરાખંડની સંસ્કૃતિ અને પ્રવાસનને પ્રોત્સાહન આપી રહ્યા હતા ત્યારે તેમને જે આશ્વાસનો આપવામાં આવ્યા હતા, તેની યાદ અપાવવાનો આ સમય આવી ગયો છે.

## પૂર્વ ક્રિકેટર અનાયાની આપવીતી, ડૉક્ટરોની પેનલ સામે પરીક્ષણ થયું

# અનાયા બાંગરે કર્યા ચોંકાવનારા ખુલાસા



(એજન્સી) મુંબઈ । તા. 08

ભારતીય ક્રિકેટ જગતના ભૂતપૂર્વ ખેલાડી આર્યન બાંગરથી પોતાની નવી ઓળખ બનાવીને અનાયા બાંગર તરીકે જીવન જીવી રહેલા મહિલા ખેલાડી દ્વારા તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન પોતાની જિંદગીના અત્યંત પીડાદાયક અને હચમચાવી નાખનારા અનુભવો શેર કરવામાં આવ્યા છે, જેના કારણે ટ્રાન્સજેન્ડર સમુદાયના અધિકારો અને તેમની મુશ્કેલીઓ અંગે સમગ્ર દેશમાં એક મોટી ચર્ચા છેડાઈ ગઈ છે.

વર્તમાન સમયમાં સેક્સ ચેન્જ ઓપરેશન કરાવીને પોતાની લિંગ ઓળખ બદલનાર અનાયા બાંગર માટે આ નવો રાહ જરાય સરળ રહ્યો નથી. જ્યારે તેમણે પોતાની આ વાસ્તવિકતાનો ખુલાસો કર્યો હતો, ત્યારે સમગ્ર સમાજમાં ભારે આશ્ચર્ય ફેલાઈ ગયું હતું. આ નવા પરિવર્તનના કારણે તેમને અસંખ્ય વ્યંગ, કડવા અનુભવો અને વિચિત્ર વર્તનોનો સામનો કરવો પડ્યો છે, જેની સીધી અસર તેમના માનસિક સ્વાસ્થ્ય પર પડી રહી છે. મિત્રો અને પરિચિતો તરફથી મળેલા અસંવેદનશીલ વ્યવહારે તેમને વધુ એકલા કરી દીધા છે.

અનાયાએ પોતાની આપવીતી જણાવતા ખુલાસો કર્યો હતો કે એકવાર તેઓ કોઈ પાર્ટીમાં ઉપસ્થિત હતા ત્યારે ત્યાં હાજર એક વયોવૃદ્ધ વ્યક્તિ દ્વારા તેમના નીચેના અંગો તરફ નજર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, એટલું જ નહીં પરંતુ તેમના એક મિત્ર દ્વારા પણ પ્રાઈવેટ પાર્ટ પર સ્પર્શ કરીને સત્ય જાણવાનો પ્રયાસ કરાયો હતો. આ તમામ ઘટનાઓથી પણ વધુ ભયાનક અનુભવ તેમને સરકારી હોસ્પિટલમાં થયો હતો. ટ્રાન્સ બિલના નિયમો અનુસાર પોતાના દસ્તાવેજોમાં ફેરફાર કરાવવા માટે તેમને ફરજિયાતપણે સરકારી હોસ્પિટલ જવું પડ્યું હતું, જ્યાં ૬ પુરુષ ડૉક્ટરો અને ૩ મહિલા ડૉક્ટરોની એક પેનલ સમક્ષ તેમને પોતાના કપડાં ઉતારીને મહિલા હોવાનું સાબિત કરવા માટે કહેવામાં આવ્યું હતું.

### વર્તમાન પરિસ્થિતિ અને એકલતા

સતત રહેતી અસુરક્ષાની ભાવના અને દસ્તાવેજોમાં નામ ન બદલાવાના ડરના કારણે અનાયાએ હવે જાહેરમાં જવાનું અને ઘરની બહાર નીકળવાનું લગભગ બંધ કરી દીધું છે. તેમના મનમાં આશંકા રહે છે કે જૂના દસ્તાવેજોના લીધે કોઈ અનિચ્છનીય બનાવ ન બની જાય. આ કિસ્સો ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને સરકારી અને સામાજિક સ્તરે પડતી મુશ્કેલીઓની પોલ ખોલી નાખે છે અને પ્રશાસન સામે ગંભીર સવાલો ખડા કરે છે.

### ગેરકાયદેસર તપાસ અને કાનૂની મુશ્કેલીઓ

હોસ્પિટલની આ તપાસ પ્રક્રિયા એકદમ ગાયનેકોલોજિસ્ટ જેવી હતી, જે ખૂબ જ અસહ્ય અને સંપૂર્ણપણે ગેરકાયદેસર હતી. આ ઘટના બાદ અનાયાએ જ્યારે સોશિયલ મીડિયા પર તેનો વીડિયો શેર કર્યો ત્યારે તેમને ખબર પડી કે તેમની સાથે કાયદા વિરુદ્ધનું વર્તન કરવામાં આવ્યું છે. આટલું જ નહીં, આજે પણ તેમના સત્તાવાર દસ્તાવેજો પર તેમનું જૂનું નામ અને જૂની છબી જ અંકિત છે, જેના કારણે જ્યારે પણ તેઓ ઘરની બહાર નીકળે છે ત્યારે લોકો શંકાની નજરે તેમને જુએ છે અને અસંખ્ય સવાલો પૂછે છે.

# ક્રિકેટર રમદીપ સિંહે ગુપચુપ લગ્ન કર્યા, ગુપ્ત સમારોહમાં પરિવારજનો હાજર



(એજન્સી)મોહાલી। તા. 08

ભારતીય ક્રિકેટ જગતમાંથી એક ખૂબ જ આશ્ચર્યજનક અને આનંદદાયક સમાચાર સામે આવ્યા છે, જેમાં કોલકાતા નાઈટ રાઈડર્સના વિસ્ફોટક ખેલાડી રમદીપ સિંહ અને પ્રખ્યાત ટેલિવિઝન અભિનેત્રી ચાર્લી ચોહાણ દ્વારા ગઈકાલે કોઈપણ પ્રકારના મોટા દેખાડા કે હોબાળા વગર એકદમ ગુપ્ત રીતે લગ્ન કરી લેવામાં આવ્યા છે જેના કારણે તેમના લાખો ચાહકોમાં ભારે કુતુહલ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

હાલમાં પ્રાપ્ત થતી માહિતી અનુસાર, આઈપીએલની પ્રખ્યાત ફ્રેન્ચાઈઝી માટે રમનાર ૨૯ વર્ષીય યુવા ક્રિકેટર રમદીપ સિંહ અને 'કેસી યે યારિયાં' જેવી લોકપ્રિય સિરિયલોથી ઘર-ઘરમાં જાણીતી બનેલી અભિનેત્રી ચાર્લી ચોહાણે અત્યાર સુધી પોતાના સંબંધોની વાત એકદમ ગુપ્ત રાખી હતી. બંનેએ અચાનક જ લગ્ન કરીને બધાને ચોંકાવી દીધા છે. આ જોડીએ ભીડભાડવાળા ભવ્ય સમારોહને બદલે એક સાત્વિક અને ખાનગી આયોજન પસંદ કર્યું હતું, જેનાથી તેમની સાદગીના પણ વખાણ થઈ રહ્યા છે.

આ લગ્ન સમારોહ પંજાબના એક પવિત્ર ગુરુદ્વારા ખાતે યોજાયો હતો, જ્યાં બંનેએ પારંપરિક શીખ વિધિ અનુસાર આનંદ કારજ સંપન્ન કર્યા હતા. આ ખાસ અવસર પર માત્ર બંનેના પરિવારના સભ્યો, ખાસ મિત્રો અને નજીકના સંબંધીઓ જ ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય ક્રિકેટ ટીમનો ઝડપી બોલર અર્શદીપ સિંહ પણ ખાસ જાનૈયા બનીને આ લગ્નમાં પહોંચ્યા હતા અને પોતાના મિત્રના આ નવા જીવનની શરૂઆતમાં ઉત્સાહભેર સામેલ થયા હતા. પંજાબ કિંગ્સના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પરથી પણ આ નવદંપતીને સત્તાવાર રીતે અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### દુલ્હા અને દુલ્હનનો શાહી પોશાક

આ લગ્નની તસવીરો જ્યારે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ, ત્યારે બંનેના શાહી અને આકર્ષક લુકે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. અભિનેત્રી ચાર્લી ચોહાણ ઘાટા લાલ રંગના ખૂબ જ સુંદર લહેંગામાં અદભુત નજરે પડી રહી હતી, જેના પર આકર્ષક ગોલ્ડન કારીગરી કરવામાં આવી હતી. પોતાના આ બ્રાઇડલ લુકને પૂર્ણ કરવા માટે તેણે પરંપરાગત ગોલ્ડન માંગટીકો, ઝૂમર, સુંદર નથણી અને નેકલેસ ધારણ કર્યા હતા, જ્યારે હાથમાં લાલ ચૂડો તેની સુંદરતામાં ચાર ચાંદ લગાવી રહ્યો હતો. બીજી તરફ, રમદીપ સિંહ આઈવરી રંગની શેરવાની અને માથા પર લાલ રંગની શાહી પાઘડીમાં એકદમ રાજવી અંદાજમાં જોવા મળ્યા હતા.

# ગુરસેવક સિંહની જુનિયર એશિયા કપમાં પસંદગી



(એજન્સી) ચંદીગઢ । તા. 08

ભારતીય હૉકી જગતમાંથી એક ખૂબ જ ઉત્સાહજનક સમાચાર સામે આવ્યા છે, જેમાં રાઉન્ડગ્લાસ હૉકી એકેડેમીના પ્રતિભાશાળી ફોરવર્ડ ખેલાડી ગુરસેવક સિંહની આગામી પુરુષ જુનિયર એશિયા કપ ૨૦૨૬ માટે ભારતીય જુનિયર પુરુષ હૉકી ટીમમાં સત્તાવાર રીતે પસંદગી કરવામાં આવી છે, જેનાથી સમગ્ર રમતગમત ક્ષેત્રમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. હૉકી ઈન્ડિયા દ્વારા આગામી એશિયન હૉકી ફેડરેશનના આ મહત્ત્વપૂર્ણ ખંડિય ટુર્નામેન્ટ માટે કુલ ૧૮ ખેલાડીઓની અંતિમ ટીમ જાહેર કરવામાં આવી છે, જે આગામી ૩૦ ઓગસ્ટથી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન ચીનના મોકી ખાતે યોજાવાની છે. આ ટીમની આગેવાની ડિફેન્ડર અનમોલ એક્કા દ્વારા સંભાળવામાં આવશે. ગુરસેવક સિંહની આ પસંદગી તેમના ક્રમશઃ અને મજબૂત વિકાસ તથા રાષ્ટ્રીય જુનિયર સેટઅપમાં તેમની સતત મહેનતનું પરિણામ દર્શાવે છે.

ગુરસેવક સિંહે વર્ષ ૨૦૨૪માં ભારતીય જુનિયર સેટઅપમાં પહેલીવાર વિશેષ ઓળખ મેળવી હતી, જ્યારે મે મહિનાના યુરોપ પ્રવાસ બાદ તેમને જૂન ૨૦૨૪માં જુનિયર પુરુષ રાષ્ટ્રીય કોચિંગ કેમ્પ માટેના ૪૦ સભ્યોના સંભવિત જૂથમાં સ્થાન આપવામાં આવ્યું હતું. આ પ્રવાસ દરમિયાન ભારતીય જુનિયર ટીમે બેલ્જિયમ, જર્મની અને ડચ ક્લબ સામે શાનદાર મેચો રમી હતી. ઘરેલુ સ્તરે પણ રાઉન્ડગ્લાસ એકેડેમી માટે રમીને તેમણે અનેક સફળતાઓ મેળવી છે, જેમાં પ્રથમ હૉકી ઈન્ડિયા જુનિયર અને સબ જુનિયર મેન એકેડેમી ચેમ્પિયનશિપની સેમિફાઈનલમાં ચાર ગૌરવપૂર્ણ ગોલ નોંધાવવાનો પણ સમાવેશ થાય છે.

# હાર્દિક પંડ્યાને ખરીદવા 5 ટીમો મેદાનમાં, ચેન્નાઈ અને કોલકાતા રેસમાં આગળ

(એજન્સી) મુંબઈ । તા. 08

ભારતીય ક્રિકેટ જગતમાં આઈપીએલની આગામી સિઝનને લઈને અત્યારથી જ મોટા પાયે હલચલ શરૂ થઈ ગઈ છે, જેમાં સ્ટાર વિકેટકીપર બેટ્સમેનના ફેરફાર બાદ હવે મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાના સંભવિત ટ્રેડને લઈને ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે અને બોર્ડના સૂત્રોના જણાવ્યા અનુસાર દેશની ટોચની ફ્રેન્ચાઈઝીઓ દ્વારા આ ખેલાડીને પોતાના પાસામાં લેવા માટે રણનીતિ ઘડવામાં આવી રહી છે.

વર્તમાન સમયમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના વર્તુળોમાંથી પ્રાપ્ત થતી માહિતી મુજબ, મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા આગામી સિઝનમાં કદાચ પોતાની વર્તમાન ટીમની કમાન સંભાળતા નજરે નહીં પડે. કોલકાતા નાઈટ રાઈડર્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ જેવી દિગ્ગજ ટીમો આ ઓલરાઉન્ડર ખેલાડી સાથે સઘન વાતચીત કરી રહી છે, જ્યારે આ યાદીમાં રાજસ્થાન રોયલ્સ, દિલ્હી કેપિટલ્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ જેવી ટીમોના નામ પણ જોડાઈ રહ્યા છે. જોકે સત્તાવાર રીતે હજુ સુધી કોઈ સોદો આખરી થયો નથી અને મુંબઈના પ્રવક્તા દ્વારા હાલના તબક્કે આ તમામ અહેવાલોનું ખંડન કરવામાં આવ્યું છે, પરંતુ ક્રિકેટ વર્તુળોમાં આ બાબતે ચર્ચાઓનું બજાર ગરમ છે. આ સમગ્ર ગતિવિધિ પાછળનું મુખ્ય કારણ ગત સિઝનમાં વિવિધ ટીમોનું નિરાશાજનક પ્રદર્શન અને તેમની જરૂરિયાતો છે. ચેન્નાઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ છેલ્લા કેટલાક સમયથી પ્લેઓફની રેસમાંથી બહાર રહી છે, જેના કારણે બંને ટીમો પોતાના મેનેજમેન્ટ અને ખેલાડીઓની રચનામાં આમૂલ પરિવર્તન લાવવા માટે સજ્જ થઈ રહી છે. બીજી તરફ, અજિંક્ય રહાણેના સંન્યાસ પછી કોલકાતાને એક અનુભવી કેપ્ટનની તાતી જરૂરિયાત છે, જે હાર્દિક પંડ્યાના રૂપમાં પૂરી થઈ શકે છે. અનુભવી સ્પિનર રવિચંદ્રન અશ્વિને પણ પોતાની યુટ્યુબ ચેનલ પર સ્પષ્ટ કર્યું છે કે મુંબઈ ઈન્ડિયન્સ જો હાર્દિકને છોડે તો બદલામાં તેઓ હર્ષિત રાણા, રિંકુ સિંહ અથવા શિવમ દુબે જેવા ખેલાડીઓની માંગણી કરી શકે છે.

### ટીમોનું સમીકરણ અને વિશ્લેષણ

વિવિધ ફ્રેન્ચાઈઝીઓની દૃષ્ટિએ જોઈએ તો દિલ્હી કેપિટલ્સ માટે હાર્દિક યોગ્ય સાબિત થાય તેમ નથી કારણ કે તેમની પાસે અક્ષર પટેલ અને ઋષભ પંત જેવા વિકલ્પો પહેલેથી જ ઉપલબ્ધ છે અને તેમની બોલિંગ લાઈનઅપ પણ ચિંતાનો વિષય રહી છે. જ્યારે રાજસ્થાન રોયલ્સ પણ યશસ્વી જયસ્વાલ જેવા યુવા ઓપનરની કુરબાની આપીને ઈજાગ્રસ્ત અને ખરાબ ફોર્મ સામે ઝૂઝી રહેલા હાર્દિકને લેવામાં રસ દાખવે તેવી શક્યતા નહિવત છે.

આ ઉપરાંત, લખનઉ સુપર જાયન્ટ્સને પણ એક ઉત્તમ કેપ્ટન અને મધ્યક્રમના બેટ્સમેનની આવશ્યકતા છે, જેથી તેઓ પણ આ રેસમાં સક્રિય ભૂમિકા ભજવી શકે તેમ છે. આઈપીએલની આગામી રણનીતિ અને ખેલાડીઓની હરાજી પહેલાં આ પ્રકારના ટ્રેડ સમાચાર ચાહકોમાં ભારે ઉત્સુકતા જગાવી રહ્યા છે. જો હાર્દિક પંડ્યા ખરેખર પોતાની ટીમ બદલે છે, તો આ નિર્ણયથી ભારતીય ટી-૨૦ લીગના આગામી સમીકરણો સંપૂર્ણપણે બદલાઈ જશે. મુંબઈ ઈન્ડિયન્સ મેનેજમેન્ટ પણ એ વાતની પૂરી કાળજી રાખી રહ્યું છે કે આ અદલાબદલીથી કોઈપણ પ્રતિસ્પર્ધી ટીમ વધુ મજબૂત ન બની જાય.



# યુગાન્ડાના સ્ટાર ફૂટબોલ ખેલાડી ડેવિડ ઓવરીની નિર્દયતાપૂર્વક હત્યા

## કંપાલામાં અજાણ્યા હુમલાખોરોના હુમલાથી રમતગમત જગતમાં શોક



(એજન્સી) કંપાલા । તા. 08

યુગાન્ડામાંથી રમતગમત જગતને હચમચાવી નાખનારા અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે, જ્યાં દેશના આંતરરાષ્ટ્રીય ફૂટબોલ ખેલાડી અને અગ્રણી ક્લબના કેપ્ટન ડેવિડ ઓવરીની અજાણ્યા હુમલાખોરો દ્વારા ઘાતક હુમલો કરીને હત્યા કરવામાં આવી છે. માત્ર અઠ્ઠાવીસ વર્ષની વયના આ પ્રતિભાશાળી ખેલાડી પર કંપાલાના એક ઉપનગરમાં જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ગંભીર રીતે ઘાયલ થયા બાદ સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. આ આઘાતજનક ઘટનાથી સમગ્ર દેશ અને આંતરરાષ્ટ્રીય ફૂટબોલ જગતમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

### ઘટનાક્રમ અને હોસ્પિટલમાં સારવાર દરમિયાન નિધન

પ્રાપ્ત માહિતી અનુસાર, ઘટનાના દિવસે રસ્તા પરથી પસાર થઈ રહેલા સામાન્ય નાગરિકોની નજર બેભાન અવસ્થામાં પડેલા ડેવિડ ઓવરી પર પડી હતી, ત્યારબાદ તેમને ત્વરિત ધોરણે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમની સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમને અન્ય મોટી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં પહોંચતા જ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ફૂટબોલ એસોસિએશન દ્વારા શોક વ્યક્ત કરતા જણાવવામાં આવ્યું છે કે ડેવિડ માત્ર એક કુશળ ખેલાડી જ નહીં, પરંતુ યુવા પેઢી માટે એક આદર્શ નેતા અને પ્રેરણાસ્રોત હતા.

### દેશમાં વધતી સુરક્ષા ચિંતાઓ અને અગાઉની ઘટનાઓ

આ દુર્ઘટના માત્ર એકલી નથી, પરંતુ અગાઉ જૂન મહિનામાં પણ અન્ય એક લોકપ્રિય રગ્બી ખેલાડી સિડની ગોંગોઝ્યો પર ભીડ દ્વારા હિંસક હુમલો કરવામાં આવ્યો હતો જેમાં તેમનું પણ મૃત્યુ થયું હતું. સ્થાનિક અહેવાલો મુજબ, ભીડ દ્વારા તેમને કથિત રીતે ભૂલથી અન્ય કોઈ સમજી લેવામાં આવ્યા હતા, જે દેશની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર સવાલો ખડા કરે છે. યુગાન્ડામાં ખેલાડીઓ અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પર વધી રહેલા આ પ્રકારના હુમલાઓ અત્યંત ચિંતાનો વિષય બન્યા છે.

**તૈયારીઓ પૂર્ણ** // **રોયલ એનફિલ્ડ કપની ફાઇનલ મેચ, ભારતીય સેનાએ ટ્રોફી જીતી લીધી**

# ભારતીય સૈન્ય હૉકી ટીમ બની ચેમ્પિયન



(એજન્સી) લેહ । તા. 08

લડાખના લેહ ખાતે આવેલા નવા જાગૃત અને અત્યાધુનિક નવાંગ ડોરજય સ્ટોબદાન સ્ટેડિયમમાં ગઈકાલે યોજાયેલી પ્રથમ રોયલ એનફિલ્ડ ચેલેન્જર્સ કપની અત્યંત રોમાંચક અનેસાંસસો થંભાવી દે તેવી ફાઇનલ મેચમાં ભારતીય સૈન્ય આઈસ હૉકી ટીમ દ્વારા શાનદાર પ્રદર્શન કરીને લેહ કિંગ્સને પરાજય આપીને આ ટૂર્નામેન્ટનું સર્વપ્રથમ ટાઈટલ પોતાના નામે કરી લીધું છે.

રોયલ એનફિલ્ડ સોશિયલ મિશન અંતર્ગત આયોજિત આ પ્રથમ ટુર્નામેન્ટમાં દેશના ઉભરતા યુવા પ્રતિભાશાળી ખેલાડીઓ અને રાષ્ટ્રની સૌથી પ્રતિષ્ઠિત સંસ્થાગત આઈસ હૉકી ટીમ વચ્ચે શ્વાસ રોકી દેતી ટક્કર જોવા મળી હતી. લેહ કિંગ્સની ટીમે શરૂઆતથી જ મજબૂત પડકાર ફેંક્યો હતો અને મેચના અંતિમ પળો સુધી સેનાની ટીમને સખત ટક્કર આપી હતી. પરંતુ અનુભવ અને ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરીને ભારતીય સૈન્ય ટીમે મેચના અંતિમ ક્ષણોમાં નિર્ણાયક ગોલ ફટકારીને વિજય હાસિલ કર્યો હતો.

મેચની શરૂઆત લેહ કિંગ્સના ખેલાડીઓ દ્વારા આક્રમક અંદાજમાં કરવામાં આવી હતી, જ્યાં ત્સેરિંગ અંક્ચુક દ્વારા પ્રથમ ગોલ કરીને ટીમનું ખાતું ખોલાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ભારતીય સૈન્ય ટીમે શાનદાર વાપસી કરતા ડોરજય અંક્ચુક અને જીગ્માથ કુંજંગ દ્વારા ગોલ કરીને સ્કોર સરખો કર્યો હતો અને પ્રથમ પિરિયડના અંત સુધીમાં બઢત મેળવી લીધી હતી. બીજા પિરિયડમાં બંને ટીમો વચ્ચે કાંટે કી ટક્કર રહી હતી અને સ્કોર ચાર-ચારની બરાબરી પર પહોંચી ગયો હતો. ત્રીજા અને અંતિમ પિરિયડની શરૂઆતમાં લેહ કિંગ્સે હેન્ડ્રિક ફટકારીને પાંચ-ચારની લીડ મેળવી લીધી હતી, પરંતુ સૈન્ય ટીમે પોતાની ઉત્કૃષ્ટ સંયમિત રમત બતાવતા જીગ્માથ કુંજંગ અને પદ્મા નામગૈલના શાનદાર ગોલની મદદથી મેચ ૬-૫થી જીતી લીધી હતી.

આ ટુર્નામેન્ટના સફળ આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રાઉન્ડ લેવલના ખેલાડીઓને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં પ્લેટફોર્મ પૂરું પાડવાનો હતો. એઈચર ગ્રૂપ ફાઉન્ડેશનના ડાયરેક્ટર વિજ્યાત સિંહ અને સૈન્ય ટીમના કેપ્ટન ત્સેવાંગ નામગ્યાલે આ ટુર્નામેન્ટના માધ્યમથી લડાખ અને સ્પીતિના યુવા ખેલાડીઓને મળેલા વૈશ્વિક સ્તરના એક્સપોઝરની પ્રશંસા કરી હતી. peak સમર સિઝનમાં આયોજિત આ સ્પર્ધાને નિહાળવા માટે હજારો દર્શકો ઉપસ્થિત રહ્યા હતા, જે હિમાલય ક્ષેત્રમાં આઈસ હૉકીના ઉજ્જવળ ભવિષ્યની સાક્ષી પૂરે છે.

**મુખ્યમંત્રી ધામીએ પાઠવ્યા અભિનંદન 74.09 મીટર દૂર ફેંક્યો ભાલો**

# વર્લ્ડ અન્ડર ટ્વેન્ટી એથ્લેટિક્સમાં આશિષ યાદવે જીત્યો સિલ્વર મેડલ

(એજન્સી) દેહરાદૂન । તા. 08

વર્લ્ડ અન્ડર ટ્વેન્ટી એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારત માટે ગર્વના સમાચાર સામે આવ્યા છે, જ્યાં દેશના યુવા જેવલિન થ્રો ખેલાડી આશિષ યાદવે શાનદાર પ્રદર્શન કરીને સિલ્વર મેડલ પોતાના નામ કર્યો છે. આશિષે સ્પર્ધાના ત્રીજા જ રાઉન્ડમાં 74.09 મીટરનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સ્પર્ધામાં દક્ષિણ આફ્રિકાના ખેલાડીએ 80.50 મીટરના થ્રો સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો, જ્યારે ડોમિનિકાના એથ્લેટે 73.89 મીટર સાથે બ્રોન્ઝ મેડલ જીતવામાં સફળતા મેળવી હતી. આ અદ્ભુત સિદ્ધિ બદલ દેશભરમાંથી યુવા ખેલાડી પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આશિષ યાદવની આ ઐતિહાસિક સિદ્ધિ પર ખુશી વ્યક્ત કરતા સોશિયલ મીડિયાના માધ્યમથી અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીએ પોતાના સંદેશમાં જણાવ્યું હતું કે આશિષ યાદવનું આ ઉત્કૃષ્ટ પ્રદર્શન તેની પ્રતિભા, સખત મહેનત અને સમર્પણનું જીવંત ઉદાહરણ છે. આ સિદ્ધિ માત્ર ઉત્તરાખંડ જ નહીં પરંતુ સમગ્ર ભારત માટે ગૌરવની ક્ષણ છે, અને તેમણે યુવા ખેલાડીને ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. આ વૈશ્વિક સ્પર્ધામાં આશિષ ઉપરાંત ભારતના અન્ય ખેલાડીઓએ પણ ઉત્સાહવર્ધક પ્રદર્શન કર્યું છે. ભારતના ટી. ધરનીધરને પણ આ જ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને 72.35 મીટરના સર્વશ્રેષ્ઠ થ્રો સાથે છઠ્ઠું સ્થાન મેળવ્યું હતું. અગાઉ વર્ષ 2016માં ભારતના સ્ટાર ખેલાડી નીરજ ચોપરાએ પણ આ જ વર્ગમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. ભારતની આખી ટીમ હાલમાં વૈશ્વિક મંચ પર શાનદાર દેખાવ કરી રહી છે.



### નવી ટેકનોલોજીની અદ્ભુત ભેટ, બજારમાં ગ્રાહકોની ભારે ભીડ જામી

# સ્માર્ટફોન બજારમાં નવી ક્રાંતિ આવી ગઈ

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

ભારતીય ટેકનોલોજી બજારમાં ગઈકાલે એક અભૂતપૂર્વ અને ઐતિહાસિક પરિવર્તન જોવા મળ્યું છે, જેમાં દેશના અગ્રણી વેપારી કેન્દ્રો પર હજારોની સંખ્યામાં ગ્રાહકોએ એકત્ર થઈને નવીનતમ ડિજિટલ ઉપકરણોની ખરીદી કરી હતી અને સ્થાનિક ઉત્પાદકો દ્વારા ગ્રાહકોને આકર્ષક છૂટછાટો આપવામાં આવી હતી જેના કારણે સમગ્ર દેશના અર્થતંત્રમાં ભારે ઉત્સાહનું વાતાવરણ ફેલાઈ ગયું છે અને નિષ્ણાતોના મતે આ પગલું આગામી સમયમાં દેશના ટેકનોલોજી ક્ષેત્રને નવી ઊંચાઈઓ પર લઈ જશે.

સમગ્ર દેશમાં આધુનિક ટેકનોલોજીના પ્રસારને કારણે ડિજિટલ ક્રાંતિનો નવો અધ્યાય શરૂ થઈ ચૂક્યો છે. અગાઉના સમયમાં વિદેશી કંપનીઓ પર નિર્ભર રહેવું પડતું હતું, પરંતુ હવે સ્થાનિક સ્તરે જ અત્યાધુનિક ઉપકરણોનું ઉત્પાદન મોટા પાયે શરૂ થઈ ગયું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, દેશભરના મોટા શહેરોમાં



સ્માર્ટફોન અને અન્ય ડિજિટલ ગેજેટ્સના વેચાણમાં અકલ્પનીય ઉછાળો નોંધાયો છે. વેપારી સંઘોના જણાવ્યા મુજબ, માત્ર એક જ દિવસમાં કરોડો રૂપિયાનો વેપાર થયો છે, જે ભારતીય બજારની મજબૂત ખરીદશક્તિ દર્શાવે છે.

આ સમગ્ર પરિવર્તનની શરૂઆત સવારે દિલ્હીના મુખ્ય બજારોથી થઈ હતી, જ્યાં મોટી સંખ્યામાં યુવાનો અને ટેકનોલોજી પ્રેમીઓ નવીનતમ સ્માર્ટફોન ખરીદવા માટે કતારોમાં ઊભા રહી ગયા હતા. ઉત્પાદક કંપનીઓએ ગ્રાહકોને આકર્ષવા માટે વિશેષ કેશબેક ઓફર્સ, એક્સચેન્જ બોનસ અને નો-કોસ્ટ ઈએમઆઈ જેવી યોજનાઓ રજૂ કરી હતી. આ યોજનાઓનો લાભ લેવા માટે ગ્રામીણ વિસ્તારોમાંથી પણ લોકો શહેરો તરફ દોડી આવ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, આ બજારૂ તેજી પાછળ સરકારની સ્થાનિક ઉત્પાદન પ્રોત્સાહક નીતિઓનો મુખ્ય ફાળો છે, જેના કારણે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થયો છે અને તેનો સીધો ફાયદો ગ્રાહકોના પાકીટને મળી રહ્યો છે.

આ પ્રકારની વ્યાપક બજારૂ તેજી માત્ર ગ્રાહકો માટે જ નહીં પરંતુ દેશના યુવાનો માટે રોજગારીની નવી તકો પણ લઈને આવી છે. એસેમ્બલી યુનિટ્સ અને રિટેલ સ્ટોર્સમાં હજારો નવા કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે. અર્થશાસ્ત્રીઓના મતે, આ વલણ લાંબા ગાળે દેશને આત્મનિર્ભર બનાવવામાં અત્યંત મદદરૂપ સાબિત થશે. આગામી તહેવારોની સિઝનને ધ્યાનમાં રાખીને કંપનીઓ દ્વારા વધુ નવા મોડેલ બજારમાં મૂકવાની તૈયારીઓ ચાલી રહી છે, જેનાથી વેપારમાં વધુ તેજી આવવાની પૂરી સંભાવના છે.

#### ગ્રાહકોનો પ્રતિસાદ અને સાવચેતી

બજારમાં ચાલી રહેલી આ ધમાકેદાર ઓફર્સ વચ્ચે ગ્રાહકોમાં ભારે ખુશી જોવા મળી રહી છે. જોકે, નિષ્ણાતો એવી સલાહ પણ આપી રહ્યા છે કે ગ્રાહકોએ ખરીદી કરતી વખતે પોતાની જરૂરિયાતો અને ઉપકરણોની તકનીકી વિશેષતાઓની પૂરી માહિતી મેળવી લેવી જોઈએ જેથી તેઓ યોગ્ય ઉત્પાદનની પસંદગી કરી શકે. ઓનલાઈન અને ઓફલાઈન બંને માધ્યમો પર ગ્રાહકોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને સુરક્ષા અને વ્યવસ્થાના પણ સઘન પ્રબંધો કરવામાં આવ્યા છે, જેથી ખરીદીની આ પ્રક્રિયાસંપૂર્ણપણે સુરક્ષિત અને સરળ રીતે પાર પડી શકે.

### જાપાનમાં માનસિક તણાવ દૂર કરવા

## મહિલાએ અચાનક અડધી સોસાયટીને હચમચાવતી અબજોની ઓનલાઈન ખરીદી કરી



(એજન્સી) ટોક્યો । તા. 08

દુનિયાભરમાંથી સમયાંતરે અજીબોગરીબ કિસ્સાઓ સામે આવતા હોય છે, પરંતુ જાપાનમાંથી એક એવી ઘટના પ્રકાશમાં આવી છે જેને જાણીને સારા-સારા દિગ્ગજો પણ આશ્ચર્યમાં મૂકાઈ ગયા છે. રોજબરોજના જીવનમાં વધતા જતા માનસિક દબાણ અને ચિંતાથી છુટકારો મેળવવા માટે એક બત્રીસ વર્ષીય મહિલાએ એવો વિચિત્ર રસ્તો અપનાવ્યો જેણે તેને સીધી જેલના પાછળ પહોંચાડી દીધી છે. આ યુવતીએ ઓનલાઈન માધ્યમથી અંદાજે બસો અઠ્ઠાવીસ કરોડ રૂપિયાની માતબર રકમની ખરીદી કરી હતી, પરંતુ તેનો હેતુ ક્યારેય પણ સામાન મેળવવાનો ન હતો પરંતુ માત્ર મનની શાંતિ મેળવવાનો હતો.

આ અનોખી ઘટના જાપાનની એક અગ્રણી ઓનલાઈન શોપિંગ કંપની સાથે જોડાયેલી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, યોશિદા નામની આ મહિલા રેસ્ટોરન્ટમાં નોકરી કરતી હતી અને છેલ્લા કેટલાક સમયથી ભારે તણાવથી ઘેરાયેલી રહેતી હતી. તે ઓનલાઈન પ્લેટફોર્મ પર જઈને એનિમે કેરેક્ટર્સ અને વિવિધ વસ્તુઓ કાર્ટમાં ઉમેરતી અને મોટો ઓર્ડર ફાઈનલ કરી દેતી હતી. જ્યારે પણ ડિલિવરી બોય સામાન લઈને ઘરના સરનામે પહોંચતો, ત્યારે તે કોઈને કોઈ બહાનું ધરીને અથવા તો ખોટું સરનામું આપીને પાર્સલ લેવાની સાફ ના પાડી દેતી હતી. આ સિલસિલો કોઈ એક દિવસનો ન હતો પરંતુ લાંબા સમયથી ચાલી રહ્યો હતો.

મીડિયા અહેવાલ મુજબ, આ પ્રક્રિયા છેલ્લા બે વર્ષથી અવિરતપણે ચાલુ હતી. આ સમયગાળા દરમિયાન તેણે બે હજારથી વધુ વખત ઓર્ડર આપ્યા અને બાદમાં અલગ-અલગ બહાના હેઠળ તે રદ પણ કરી દીધા. આ બેજવાબદાર હરકતને કારણે સંબંધિત ઈ-કોમર્સ કંપનીને ડિલિવરી ચાર્જ અને પ્રોસેસિંગ પાછળ ભારે આર્થિક નુકસાન વેઠવું પડ્યું હતું. કંપનીના હિસાબ મુજબ આ નુકસાન પિસ્તાલીસ લાખ રૂપિયા જેટલું થાય છે. આટલું જ નહીં, પોતાના આ કારનામાને અંજામ આપવા માટે તેણે લગભગ બસો અઠ્ઠાવીસ જેટલા બનાવટી ખાતાઓ એટલે કે ફેક એકાઉન્ટ્સ ઊભા કર્યા હતા, જેથી કોઈની નજર તેના પર ન પડે.

#### જમીની હકીકત અને પોલીસ તપાસ

પોલીસ પૂછપરછ દરમિયાન યુવતીએ પોતાનો તમામ ગુનો સ્વીકારી લીધો છે અને સ્પષ્ટતા કરી છે કે તેનો હેતુ કંપનીને લૂંટવાનો કે કોઈ સાથે દુશ્મનાવટ રાખવાનો ક્યારેય નહોતો. તેને માત્ર ઓર્ડર કન્ફર્મ કરવાથી એક માનસિક સંતોષ અને ખુશી મળતી હતી, જે તેનો તણાવ હળવો કરી દેતી હતી. જોકે, કાયદો પોતાની રીતે કામ કરે છે અને કંપની દ્વારા નોંધાવવામાં આવેલી સત્તાવાર ફરિયાદના આધારે પોલીસે તેની ધરપકડ કરી કાનૂની શિક્ષણિક પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

#### ભવિષ્યની રૂપરેખા અને જાગૃતિ

આ ઘટનાએ સમગ્ર દેશમાં ઓનલાઈન પ્લેટફોર્મ્સની સુરક્ષા અને માનસિક સ્વાસ્થ્ય જેવા ગંભીર મુદ્દાઓ પર નવી ચર્ચા જગાવી છે. નિષ્ણાતોનું માનવું છે કે આધુનિક જીવનશૈલીમાં માનસિક તણાવ માણસને કયા સ્તરે લઈ જઈ શકે છે તેનું આ જીવંત ઉદાહરણ છે. આગામી સમયમાં આવા કૌભાંડો અટકાવવા માટે કંપનીઓએ પોતાના નિયમો વધુ કડક બનાવવા પડશે અને બીજી તરફ નાગરિકોએ પણ પોતાના માનસિક સ્વાસ્થ્ય માટે યોગ્ય ઉપચાર લેવો અનિવાર્ય છે.

## ન્યૂઝ બ્રીફ

### અમેરિકામાં જન્મ લેનારા વિદેશીઓના સંતાનોને નાગરિકતા નહીં મળે



વોશિંગ્ટન । અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈમિગ્રેશન નીતિઓને વધુ કડક બનાવવાની દિશામાં એક મોટું પગલું ભરતા બર્થરાઈટ નાગરિકતા અને બર્થ ટુરિઝમ અંગેના બે નવા એક્ઝિક્યુટિવ ઓર્ડર પર સત્તાવાર હસ્તાક્ષર કર્યા છે. આ નવા આદેશોના અમલીકરણથી હવે અમેરિકાની ધરતી પર જન્મ લેનારા વિદેશીઓના સંતાનોને આપમેળે અમેરિકન નાગરિકતા પ્રાપ્ત થશે નહીં. આ સાથે જ માત્ર બાળકોને જન્મ આપીને નાગરિકતા અપાવવાના આશયથી અમેરિકા આવતા વિદેશીઓની પ્રવૃત્તિઓ પર પણ સખત નિયંત્રણો મૂકવામાં આવશે. જોકે, કાયદાકીય નિષ્ણાતો અને વિશ્લેષકોનું માનવું છે કે ટ્રમ્પના આ નવા આદેશો પણ અગાઉની જેમ જ અદાલતમાં કાયદાકીય મુશ્કેલીઓનો સામનો કરી શકે છે. અમેરિકન પ્રમુખે પોતાના બીજા કાર્યકાળની શરૂઆતથી જ ઈમિગ્રેશન મામલે આક્રમક વલણ અપનાવ્યું છે. ટ્રમ્પ પ્રશાસન દ્વારા તૈયાર કરવામાં આવેલા નવા નિયમો મુખ્યત્વે કમર્શિયલ બર્થ ટુરિઝમને નિશાન બનાવે છે.

### યુરોપમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ અનેક શહેરો ચાલીસ ડિગ્રીમાં શેકાયા



રોમ | યુરોપભરમાં રેકોર્ડબ્રેક અને કાળઝાળ ગરમીએ સામાન્ય જનજીવનને પ્રભાવિત કર્યું છે. મહાત્ત્વના દેશોમાં તાપમાનનો પારો અચાનક ઊંચે ચડી જતાં અનેક શહેરો ચાલીસ ડિગ્રીથી વધુ તાપમાનમાં શેકાઈ રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ અનુસાર, ઓસ્ટ્રિયામાં તાપમાન એકતાલીસ ડિગ્રીથી ઉપર પહોંચી ગયું છે જ્યારે સ્લોવાકિયામાં તો તાપમાન બ્યાલીસ ડિગ્રીને પણ પાર કરી ચૂક્યું છે. આ અસહ્ય ગરમીના કારણે લોકોના સ્વાસ્થ્ય અને દૈનિક કાર્યો પર વિપરીત અસરો જોવા મળી રહી છે, જેને ધ્યાનમાં રાખીને સ્થાનિક સરકારી તંત્ર દ્વારા તાત્કાલિક રાહતના પગલાં લેવામાં આવી રહ્યા છે. આકરી ગરમીના પ્રકોપને જોતાં ઈટાલીની સરકારે અત્યંત સઘન પગલાં લેતા સત્તાવીસ જેટલા પ્રમુખ શહેરોમાં રેડ એલર્ટ જાહેર કરી દીધું છે. દેશમાં ઈતિહાસમાં પહેલી વખત નેશનલ હીટ સર્વેલન્સ સિસ્ટમ સક્રિય કરવામાં આવી છે. લોકો ગરમીથી રાહત મેળવી શકે તે માટે જાહેર સ્થળોએ વિશેષ કૂલિંગ પંખાઓ ગોઠવવામાં આવ્યા છે અને ખાનગી સ્વીમિંગ પુલ તેમજ તળાવો ખુલ્લા મૂકવામાં આવ્યા છે. બીજી તરફ, હંગેરીમાં ડાનૂબે નદીનું સ્તર નીચે જતા પાણીની અછતની સાથે વીજળીનું સંકટ પણ ગંભીર બન્યું છે, જેના કારણે પરમાણુ પ્લાન્ટમાંથી થતું ઉત્પાદન પણ પ્રભાવિત થયું છે.

### હોસ્પિટલોમાં સફાઈ સેવાઓ ઠપ થઈ

# પાકિસ્તાનમાં સ્વાસ્થ્ય સેવાઓની કથળેલી સ્થિતિ, 3 મહિનાથી વેતન ન મળતા રોષ

તક્ષશિલા: પાકિસ્તાનના પંજાબ પ્રાંતના તક્ષશિલા ખાતે આવેલા મુખ્ય સ્વાસ્થ્ય કેન્દ્રો પર ગઈકાલે લાંબા સમયથી ચાલી રહેલા વેતન વિવાદના કારણે સફાઈ કામદારો દ્વારા અનિશ્ચિત મુદતના હડતાલનું શંખનાદ કરવામાં આવ્યું છે, જેનાથી તબીબી સંસ્થાઓમાં સ્વચ્છતાની પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે અને દર્દીઓ તેમજ તેમના સ્વજનો માટે મુશ્કેલીઓનો ખડો થઈ ગયો છે.

હાલમાં પ્રાપ્ત થતી વિગતો અનુસાર, તક્ષશિલા તહસીલ હેડક્વાર્ટર હોસ્પિટલ અને વાહ જનરલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ડઝનેક સફાઈ કર્મચારીઓને છેલ્લા ત્રણ મહિનાથી તેમનો પગાર મળ્યો નથી, જેના કારણે તેઓ આર્થિક ભીંસમાં મુકાઈ ગયા છે. આ હોસ્પિટલોમાં દૈનિક ધોરણે વોર્ડની સફાઈ, શૌચાલયોની જાળવણી, કચરાનો સંગ્રહ, જંતુમુક્ત કરવાની પ્રક્રિયા અને જોખમી તબીબી કચરાનો સુરક્ષિત નિકાલ જેવા અત્યંત સંવેદનશીલ કાર્યો કરવામાં આવે છે, પરંતુ હડતાલના કારણે આ તમામ આવશ્યક સેવાઓ સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ છે અને સંક્રમણ ફેલાવવાનું જોખમ અનેકગણું વધી ગયું છે.

આ સમગ્ર મામલે કામદારોનું કહેવું છે કે આ કોઈ રાજકીય કે મજૂર સંગઠનની લડાઈ નથી, પરંતુ તેમની ગંભીર આર્થિક કઠિનતાનો વિષય છે. કર્મચારીઓએ અગાઉ અનેક વખત સંબંધિત ઠેકેદાર અને સત્તાધિકારીઓ સમક્ષ પોતાના વેતનની ચૂકવણી માટે રજૂઆતો કરી હતી, પરંતુ કોઈ જ કાયમી ઉકેલ ન મળવાને કારણે તેમને ફરજ સ્થગિત કરવાની ફરજ પડી છે. મીડિયા અહેવાલ મુજબ, એક સફાઈ કામદાર બાનોએ પોતાની આપવીતી જણાવતા કહ્યું હતું કે પરિવાર પાસે આજીવિકાનું કોઈ જ સાધન બચ્યું નથી અને ઘરની પાયાની જરૂરિયાતો પણ પૂરી થઈ શકી રહી નથી.



#### પ્રશાસનની લાપરવાહી અને ભંડોળનો અભાવ

હોસ્પિટલની અંદર ફેલાયેલી આ ગંદકી અને વ્યવસ્થાના અભાવને કારણે દર્દીઓ અને મુલાકાતીઓને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. જોકે, સરકારી પહેલ હેઠળ કેટલાક અન્ય કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે, પરંતુ અહેવાલો દર્શાવે છે કે તેઓ હોસ્પિટલની વિશિષ્ટ સ્વચ્છતા અને તબીબી કચરાના સંચાલનને યોગ્ય રીતે સંભાળવામાં અસમર્થ સાબિત થઈ રહ્યા છે. આ અંગે કંપનીના વ્યવસ્થાપકે જણાવ્યું હતું કે પ્રાંતના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા સફાઈ સેવાઓ તો સોંપવામાં આવી છે, પરંતુ હજુ સુધી ઠેકેદારને ચૂકવણી કરવા માટે જરૂરી ભંડોળ જારી કરવામાં આવ્યું નથી. નાણાકીય ચક્ર બંધ થવાને કારણે આ વિલંબ થયો હોવાનું જણાવીને કંપનીએ કહ્યું છે કે સરકાર તરફથી નવી નાણાકીય ફાળવણી મળ્યા બાદ જ કર્મચારીઓના પગાર ચૂકવી શકાશે.

#### આગામી પગલાં અને અપેક્ષાઓ

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રભાવિત કામદારોએ પંજાબ સરકાર અને મુખ્યમંત્રી સમક્ષ ઉગ્ર અપીલ કરી છે કે તેઓ તાત્કાલિક ધોરણે બાકી રહેલા વેતનની રકમ મુક્ત કરાવે જેથી હોસ્પિટલની સ્વાસ્થ્ય સેવાઓ રાબેતા મુજબ ચાલુ થઈ શકે. સ્થાનિક નાગરિકો અને તબીબી વ્યાવસાયિકો પણ આ મુદ્દે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે અને જો વહેલી તકે યોગ્ય પગલાં નહીં ભરાય તો રોગચાળો ફાટી નીકળવાની પૂરી સંભાવના છે.

## થાઈલેન્ડમાં વિદ્યાર્થીએ ઘરે દાદા દાદી અને સ્કૂલમાં શિક્ષકોની હત્યા કરી

(એજન્સી) બેંગકોક । તા. 08

થાઈલેન્ડની રાજધાની બેંગકોક નજીક આવેલા નાનથાબુરી પ્રાંતમાં એક અત્યંત હૃદયવિદારક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, સમગ્ર વિશ્વને હચમચાવી નાખ્યું છે. પ્રાપ્ત અહેવાલ અનુસાર, માત્ર ચૌદ વર્ષની વયના એક વિદ્યાર્થીએ પહેલા પોતાના નિવાસસ્થાને દાદા અને દાદીની હત્યા કરી નાખી અને ત્યારબાદ શાળામાં પહોંચીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ આડેધડ ગોળીબારમાં પાંચ શિક્ષકો અને એક શાળા સ્ટાફના સભ્યનું મોત નીપજ્યું હતું, જ્યારે આ હુમલાને અં આપ્યા બાદ હુમલાખોર વિદ્યાર્થીએ પણ જાતે જ ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. આ ગોળીબારની ગંભીર ઘટના શુક્રવારે સવારે લગભગ દસ વાગ્યાના અરસામાં એક અગ્રણી શાળામાં બની હતી. શાળા પરિસરમાં અચાનક જ ગોળીઓનો અવાજ સાંભળીને વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓમાં ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી. જીવ બચાવવા માટે કેટલાય બાળકો ક્લાસરૂમની અંદર છુપાઈ ગયા હતા, જ્યારે શિક્ષકોએ તેમને સુરક્ષિત રાખવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. આ ગોળીબારમાં કુલ તેવીસ જેટલા લોકો ઘાયલ થયા હતા, તેમાંથી દસથી વધુ લોકોની સ્થિતિ અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે, જેને લઈને તબીબી ક્ષેત્રે પણ ચિંતા વધી ગઈ છે.

ઘટનાની જાણ થતા જ સુરક્ષા દળો અને કટોકટી સેવાઓ તાત્કાલિક કામે લાગી ગઈ હતી. તપાસ દરમિયાન પોલીસને જાણ થઈ કે શાળાએ પહોંચતા પહેલા વિદ્યાર્થી પોતાના ઘરે ગયો હતો અને ત્યાં આઠ વડીલોની હત્યા કરી હતી. જ્યારે પોલીસ તેના ઘરે પહોંચી ત્યારે દરવાજો અંદરથી બંધ હતો, જેને તોડીને અંદર પ્રવેશતા બંને વડીલો મૃત અવસ્થામાં મળી આવ્યા હતા.

## બ્રિટનમાં ભણવાની સુવર્ણ તક ચીવિંગ સ્કોલરશિપ માટે અરજીઓ મગાવાઈ, ભારતીય વિદ્યાર્થીઓ છ ઓક્ટોબર સુધી કરી શકશે અરજી

(એજન્સી) લંડન । તા. 08

વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સ માટે એક અત્યંત મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. બ્રિટન સરકાર દ્વારા પ્રતિષ્ઠિત ચીવિંગ સ્કોલરશિપ માટે અરજી પ્રક્રિયા સત્તાવાર રીતે શરૂ કરી દેવામાં આવી છે. આ સ્કોલરશિપ એવા ભારતીય વિદ્યાર્થીઓ માટે એક શાનદાર તક છે જેઓ બ્રિટનની માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીમાંથી એક વર્ષનો પૂર્ણપણે ફંડેડ માસ્ટર્સ ડિગ્રી પ્રોગ્રામ કરવા માંગે છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રતિભાશાળી અને નેતૃત્વ ગુણો ધરાવતા યુવાનોને પ્રોત્સાહન પૂરું પાડવાનો છે, જેથી તેઓ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ પોતાના દેશમાં સકારાત્મક યોગદાન આપી શકે.

આ સ્કોલરશિપ માટે અરજી કરવા ઈચ્છતા ઉમેદવારોએ નિર્ધારિત માપદંડો પૂર્ણ કરવા અનિવાર્ય છે. અરજદાર ભારતનો નાગરિક હોવો જોઈએ અને સ્કોલરશિપ પૂર્ણ થયા પછી ઓછામાં ઓછા બે વર્ષ માટે ભારત પરત ફરીને રહેવા માટે



સહમત હોવો જરૂરી છે. આ ઉપરાંત, ઉમેદવાર પાસે યોગ્ય અંડરગ્રેજ્યુએટ ડિગ્રી હોવી જોઈએ અને સાથે જ ઓછામાં ઓછો બે વર્ષનો કાર્યાનુ પણ હોવો આવશ્યક છે. અરજદારોએ બ્રિટનની પાત્ર યુનિવર્સિટીઓમાં ત્રણ અલગ-અલગ માસ્ટર્સ અભ્યાસક્રમો માટે અરજી કરવાની રહેશે અને તેમાંથી ઓછામાં ઓછા એક કોર્સ માટે અનકંડિશનલ ઓફર લેટર મેળવવો પડશે.

આ સ્કોલરશિપ માટે ઓનલાઈન અરજી કરવાની અંતિમ તારીખ 6 ઓક્ટોબર 2026 નક્કી કરવામાં આવી છે. ભારતીય સમય અનુસાર ઉમેદવારો તે જ દિવસે સાંજે સાડા ચાર વાગ્યા સુધી પોતાની અરજી સબમિટ કરી શકશે. નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને સલાહ આપવામાં આવી છે કે અંતિમ સમયની રાહ જોયા વગર સમયસર પ્રક્રિયા પૂર્ણ કરી લેવી. અરજી પ્રક્રિયામાં ઉમેદવારોએ પોતાની વ્યક્તિગત અને શૈક્ષણિક વિગતો ભરવાની રહેશે, સાથે જ નેતૃત્વ ક્ષમતા અને કરિયર પ્લાન અંગેના નિબંધો પણ રજૂ કરવાના રહેશે.

#### પસંદગીના માપદંડો અને મહત્વ

આ સ્કોલરશિપની પસંદગી પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓ, વ્યવસાયિક અનુભવ, નેટવર્કિંગ ક્ષમતા અને નેતૃત્વ ગુણોને વિશેષ મહત્વ આપવામાં આવે છે. બ્રિટનના ફોરેન કોમનવેલ્થ એન્ડ ડેવલપમેન્ટ ઓફિસ દ્વારા ફંડ કરવામાં આવતી આ યોજના હેઠળ પસંદ પામેલા ઉમેદવારોને ભવિષ્યમાં પોતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા માટે વ્યાપક પ્લેટફોર્મ મળી રહે છે.

**મેટા** | મેટાને અબજો રૂપિયાનો જંગી દંડ, બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર અસર

# ફેસબુક અને ઈન્સ્ટાગ્રામથી મેન્ટલ હેલ્થ બગડી

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 08

અમેરિકાના ન્યૂ મેક્સિકો રાજ્યની અદાલતમાં ગઈકાલે સોશિયલ મીડિયા ક્ષેત્રની દિગ્ગજ કંપની મેટા સામે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને કડક ચુકાદો આપવામાં આવ્યો છે, જેમાં બાળકોના યૌન શોષણ અને તેમના માનસિક સ્વાસ્થ્યને ગંભીર નુકસાન પહોંચાડવા બદલ કંપનીને આશરે ૫૩૦૦ કરોડ રૂપિયાનો માતબર દંડ ફટકારવામાં આવ્યો છે જેના કારણે સમગ્ર વૈશ્વિક ટેકનોલોજી જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે અને આ ડિજિટલ યુગમાં બાળ સુરક્ષાના મુદ્દા પર ગંભીર ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

વર્તમાન સમયમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સનો વ્યાપ બાળકો અને કિશોરોમાં ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે, પરંતુ તેના નકારાત્મક પ્રભાવો પણ હવે સામે આવી રહ્યા છે. ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા લોકપ્રિય પ્લેટફોર્મ્સ પર બાળકો સાથે થતા દુર્વ્યવહાર અને તેમના માનસિક સ્વાસ્થ્ય પર પડતી વિપરીત અસરોને રોકવામાં કંપની નિષ્ફળ રહી હોવાના આક્ષેપો સાથે ન્યૂ



મેક્સિકોના એટર્ની જનરલ રાઉલ ટોરેસ દ્વારા વર્ષ ૨૦૨૩થી કાનૂની લડત ચલાવવામાં આવી રહી હતી. આ કેસના બીજા તબક્કાની સુનાવણી પૂરી થયા બાદ કોર્ટે આ કડક આદેશ આપ્યો છે, કારણ કે કંપની પાસે બાળકોના શોષણની પૂરતી જાણકારી હોવા છતાં સમયસર કોઈ સઘન પગલાં લેવામાં આવ્યા ન હતા.

ન્યૂ મેક્સિકો રાજ્યની કોર્ટના ન્યાયાધીશ બ્રાયન બીડરશિટે આ કેસની સુનાવણી દરમિયાન ઐતિહાસિક નિરીક્ષણ કરતા સ્પષ્ટ કર્યું હતું કે મેટાના પ્લેટફોર્મ્સ પર બાળકોની સુરક્ષાને નજરઅંદાજ કરવામાં આવી છે. આ કેસની લાંબી કાનૂની પ્રક્રિયા દરમિયાન કંપનીએ પણ પોતાની સામગ્રીમાં ક્ષતિઓ રહી ગયાનું સ્વીકાર્યું હતું અને અગાઉ કંપનીના સર્વોચ્ચ અધિકારી દ્વારા આ બાબતે ખેદ વ્યક્ત કરવામાં આવ્યો હતો. કોર્ટના આ આદેશ મુજબ, ફટકારવામાં આવેલા દંડની રકમમાંથી એક મોટો હિસ્સો સોશિયલ મીડિયાના કારણે પ્રભાવિત થયેલા બાળકોની માનસિક સારવાર પાછળ ખર્ચવામાં આવશે, જ્યારે બાકીની રકમ બાળકોમાં જાગૃતિ ફેલાવવા અને નિવારક સેવાઓ માટે ઉપયોગમાં લેવાશે.

સરકારી વકીલોની દલીલોને માન્ય રાખીને કોર્ટે માત્ર આર્થિક દંડ જ નહીં, પરંતુ મેટા કંપનીને તેના મૂળભૂત ઢાંચા અને પ્લેટફોર્મની રચનામાં પણ મોટા ફેરફારો કરવાનો આદેશ આપ્યો છે. આ ફેરફારોમાં ખાસ કરીને યુવાનોને લત લગાડે તેવા જોખમી ફીચર્સ પર અંકુશ લગાવવો, ઉંમરની ચકાસણીની પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવી અને યુઝર્સની ગોપનીયતાના સેટિંગ્સ પર વિશેષ ધ્યાન આપવાનો સમાવેશ થાય છે.

## ITની મદદથી વૈજ્ઞાનિકોએ બનાવ્યા સોળ નવા વાઈરસ

(એજન્સી) કેલિફોર્નિયા । તા. 08

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું ક્ષેત્ર હવે માત્ર ડિજિટલ તસવીરો કે કોડિંગ પૂરતું મર્યાદિત નથી રહ્યું, પરંતુ તેણે જીવવિજ્ઞાનની દુનિયામાં એક ઐતિહાસિક પગલું ભર્યું છે. પ્રાપ્ત અહેવાલ અનુસાર, અમેરિકાની પ્રખ્યાત સ્ટેનફોર્ડ યુનિવર્સિટી અને આર્ક ઈન્સ્ટિટ્યુટના વૈજ્ઞાનિકોએ અદ્યતન ટેકનોલોજીની મદદથી સોળ નવા વાઈરસ તૈયાર કરવામાં સફળતા મેળવી છે. વિજ્ઞાન જગતની પ્રતિષ્ઠિત જર્નલમાં પ્રકાશિત થયેલા આ સંશોધનને સિન્થેટિક બાયોલોજી ક્ષેત્રની અત્યાર સુધીની સૌથી મોટી ઉપલબ્ધિ માનવામાં આવી રહી છે, જોકે આ સફળતાની સાથે જ બાયોસેફ્ટી અને સુરક્ષા અંગે ગંભીર ચર્ચાઓ પણ શરૂ થઈ ગઈ છે.

આ અભિયાન અંતર્ગત વૈજ્ઞાનિકોએ એક વિશેષ જિનોમ લેન્ગવેજ મોડેલને લાખો બેક્ટેરિયોફેજના ડીએનએ ડેટા પર પ્રશિક્ષિત કર્યું હતું. ત્યારબાદ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા સંપૂર્ણપણે નવા અને અગાઉ ક્યારેય અસ્તિત્વમાં ન હોય તેવા જિનોમ ડિઝાઈન તૈયાર કરવામાં આવ્યા. પ્રયોગશાળામાં તેમાંથી સેંકડો ડિઝાઈનની ચકાસણી કરવામાં આવી, જેમાંથી સોળ નવા વાઈરસ સફળતાપૂર્વક જીવંત બન્યા અને હાનિકારક બેક્ટેરિયાને સંક્રમિત કરીને તેમનો નાશ કરવામાં સક્ષમ સાબિત થયા. સંશોધકોનું કહેવું છે કે આ પ્રણાલીએ માત્ર જૂની નકલ નથી કરી, પરંતુ ડીએનએના મૂળભૂત નિયમો સમજીને તદ્દન નવા સ્વરૂપો વિકસાવ્યા છે. આ શોધ અંગે સૌથી રાહતની વાત એ છે કે આ વાઈરસ કોઈપણ માનવી, પ્રાણી કે વનસ્પતિને સંક્રમિત કરતા નથી. આ તમામ બેક્ટેરિયોફેજ છે, એટલે કે એવા વાઈરસ જે માત્ર અને માત્ર બેક્ટેરિયા પર જ હુમલો કરે છે.

### માંગરોળ ધારાસભ્ય સામે ખેડૂતોના સમર્થનમાં ઊભા રહેતા AAP નેતા પિયૂષ પરમાર પર ખોટી FIR દાખલ

# જનતાના હક અને ખેડૂતોની લડાઈમાં પ્રાણ જશે તો પણ ફિકર નથી : પિયૂષ પરમાર AAP

### ભાજપની ખેડૂત વિરોધી માનસિકતા અને તાનાશાહી સામે ઝૂકીશ નહીં, લડતો રહીશ : પિયૂષ પરમાર AAP

### બે મહિના જૂની સ્માર્ટ મીટર વિરોધની ઘટનામાં હવે ખોટી ફરિયાદ કેમ? : પિયૂષ પરમાર AAP

### મારા પર ૯મી ખોટી FIR થઈ, ભાજપની તાનાશાહી સામે ઝૂકીશ નહીં : પિયૂષ પરમાર AAP

અમદાવાદ | માંગરોળના ધારાસભ્ય અને ખેડૂતો વચ્ચેના વિવાદમાં ખેડૂત તથા આમ આદમી પાર્ટીના નેતા પિયૂષ પરમાર પર ખોટી FIR દાખલ કરવામાં આવી છે. આ મુદ્દે વાત કરતા પિયૂષ પરમારે જણાવ્યું હતું કે, હું પુરાવા સાથે વાત કરું છું. બે દિવસ પહેલા માંગરોળના ધારાસભ્યએ ખેડૂતોને બેફામ ગાળો આપી અને ન બોલવાના શબ્દો કહ્યા, જ્યારે હું ખેડૂતોની સાથે મક્કમતાથી ઊભો રહ્યો. પરંતુ ખેડૂત વિરોધી માનસિકતા ધરાવતા લોકો એવું માને છે કે જે પણ ખેડૂતોની સાથે ઊભો રહેશે, તેને અમે છોડીશું નહીં. એના જ ભાગરૂપે ચોરવાડ મુકામે મારા પર એક ખોટી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ફરિયાદીએ બે મહિના પહેલાંની ઘટના દર્શાવીને ગઈકાલની તારીખમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી એવું કારણ આપે છે કે તે કામમાં વ્યસ્ત હતો એટલે ફરિયાદ કરવા આવી શક્યો નહોતો. બે મહિના સુધી ફરિયાદ કેમ ન નોંધાવી? હવે જે ફરિયાદ થઈ છે તે પણ કેવી? 'કામમાં રુકાવટ કરી' તે બદલ! હું આ ખેડૂત વિરોધી માનસિકતા ધરાવતા નેતાઓને કહેવા માગું છું કે તમારી આવી ખોટી ફરિયાદોથી પિયૂષ પરમાર ડરવાનો નથી કે ઝૂકવાનો નથી, ખેડૂતો માટે સતત લડતો રહેશે. આ FIR દાખલ કરીને



તમે સાબિત કરી દીધું છે કે તમે ખેડૂત વિરોધી છો. પિયૂષ પરમારે વધુમાં જણાવ્યુ હતુ કે ફરિયાદી દ્વારા જે ઘટના દર્શાવવામાં આવી છે, તેમાં ખોરાસા ગામ મુકામે સ્માર્ટ મીટરના વિરોધની હતી. આખા ગામે સ્માર્ટ મીટરનો વિરોધ કર્યો હતો. અધિકારીઓએ દાદાગીરી કરીને કનેક્શન કાપી નાખ્યા એટલે અમે શાંતિપૂર્ણ ધરણા કર્યા હતા. તે ધરણામાં જુનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખે આવીને અમને સમર્થન આપ્યું હતું અને અધિકારીઓને કાપેલા મીટરના કનેક્શન ફરીથી જોડવા કહ્યું હતું. છતાં પણ બે મહિના પછી આ ખોટી ફરિયાદ શા માટે કરવામાં આવી? કારણ કે હું ખેડૂતોની સાથે ઊભો છું અને તેમની સામે થતા અન્યાય સામે લડું છું. મારી સામે આ કોઈ પહેલી ફરિયાદ નથી. ભાજપના નેતાઓને કહેવા માગું છું કે આ મારી પર ૯મી ખોટી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ પહેલા જામવાડી ગામમાં પાણી આપવાની લડાઈમાં પણ ખોટી ફરિયાદ કરી મને ત્રણ મહિના જેલમાં રાખવામાં આવ્યો હતો, અને એ કેસમાં અજાણ્યા વ્યક્તિઓના નામ પણ ખુલ્યા હતા. વિચાર કરજો, ગુજરાતમાં હવે લોકશાહી જેવું રહ્યું નથી. હું ગુજરાતના ખેડૂતોને વિનંતી કરવા માગું છું કે ભાજપની આ તાનાશાહી તાકાતોને ઓળખો, જેઓ સત્તાના બળે લોકોને ડરાવવા અને ધમકાવવા સિવાય કંઈ કરતા નથી. હું આ નેતાઓને ખુલ્લો પડકાર ફેંકીને કહું છું કે મારી માએ મને જનતા માટે લડવા જન્મ આપ્યો છે. જનતાના હક માટે લડતાં લડતાં જો મારો જીવ પણ જતો રહેશે, તો પણ મને એની કોઈ ફિકર નથી.

### અધિકારીઓ બે મહિનાથી કામમાં હતા કે પછી હવે ભાજપના નેતાનો ફોન આવ્યો એટલા માટે ફરિયાદ કરવી પડી છે?: પ્રવીણ રામ AAP

# લોકોની પડખે ઊભું રહેવું એ કોઈ ગુનો બનતો હોય તો અમે બધા એ ગુનો કરવા માટે તૈયાર છીએ

### 2 મહિના પહેલા બળજબરીથી સ્માર્ટ મીટર લગાવાતા હતા ત્યારે પિયુષ પરમાર પ્રજાના પડખે ઊભા રહ્યા હતા, એ મુદ્દે હવે ફરિયાદ દાખલ કરવામાં આવી: પ્રવીણ રામ AAP

### ભાજપને અને ભાજપના નેતાઓને જણાવવા માંગીએ છીએ કે પિયુષ પરમાર કે અમે કોઈ આવી ખોટી ફરિયાદોથી ડરવાના નથી: પ્રવીણ રામ AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામે એક વીડિયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, બે દિવસ પહેલા માળિયા અને માંગરોળના ભાજપના ધારાસભ્યે ખેડૂતોને જાહેરમાં ગાળો બોલી એ ઘટનામાં ખેડૂતોની પડખે ઊભા રહેનાર આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા પિયુષ પરમાર પર આજે એક પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ફરિયાદ પણ ખૂબ જ મજાની છે કારણ કે બે મહિના પહેલા એમના વિસ્તારમાં બળજબરીથી સ્માર્ટ મીટર લગાવવા મુદ્દે પિયુષ પરમાર પ્રજાના પડખે ઊભા રહ્યા હતા. તો એ મુદ્દાને લઈને જીઈબીના અધિકારીઓએ બે મહિના પછી હવે ફરિયાદ દાખલ કરી છે. લેટ ફરિયાદ કરવાનું એમણે કારણે એ જણાવ્યું કે "તેઓ કામમાં હતા માટે લેટ ફરિયાદ



કરવામાં આવી છે." અમારો સવાલ છે કે હકીકતમાં બે મહિનાથી કામ હતું કે પછી હવે ભાજપના નેતાનો ફોન આવ્યો એટલા માટે ફરિયાદ કરવી પડી છે? અધિકારીઓની મજબૂરી અમે સમજી શકીએ છીએ.

વધુમાં આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે, જોવાની વાત એ છે કે ખેડૂતોને ગાળો આપ્યા પછી ખેડૂતોની માફી માંગવી જોઈએ એની જગ્યાએ ભાજપના નેતાઓ ગાજી રહ્યા છે. પિયુષ પરમાર ખેડૂતોની પડખે ઊભા રહ્યા એટલા માટે કઈ રીતે એમના પર પોલીસ ફરિયાદ કરવી એના પ્રયત્નો થઈ રહ્યા છે. ભાજપને અને ભાજપના નેતાઓને જણાવવા માંગીએ છીએ કે પિયુષ પરમાર કે અમે કોઈ આવી ખોટી ફરિયાદોથી ડરવાના નથી. પિયુષ પરમારની સાથે ગુજરાતના લોકો અને આમ આદમી પાર્ટી ઉભી છે અને અમે એમના માટે લડત લડીશું. તમારે જેટલી ફરિયાદ કરવી હોય એટલી ફરિયાદ કરી લો. જો સ્માર્ટ મીટર લગાવવાના મુદ્દે લોકોની પડખે ઊભું રહેવું એ કોઈ ગુનો બનતો હોય તો અમે બધા એ ગુનો કરવા માટે તૈયાર છીએ, તો તમારે જેટલી ફરિયાદ કરવી હોય એટલી કરી લો અમે ડરવાના નથી.

### આદિવાસી સમાજ દ્વારા કડક કાર્યવાહીની માંગ ઉઠી ..

## સોશિયલ મીડિયામાં આદિવાસી સમાજ વિરુદ્ધ કથિત જાતિવાચક ટિપ્પણી મામલે સંતરામપુર પોલીસ સ્ટેશન માં ફરિયાદ....



જગદીશ ત્રિવેદી | મહીસાગર

સંતરામપુર તાલુકાના આદિવાસી સમાજ અન્ય સમાજ ના આગેવાનો તથા મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો 06 ઓગસ્ટ 2026 ના રોજ સંતરામપુર પોલીસ સ્ટેશન ખાતે એકત્રિત થઈ સોશિયલ મીડિયામાં આદિવાસી સમાજ વિરુદ્ધ કથિત રીતે જાતિવાચક અને અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરનાર વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી કરવા લેખિત ફરિયાદ સંતરામપુર પોલીસ સ્ટેશન માં નોંધાવી હતી.જેમાં આ ફરિયાદમાં જણાવ્યા મુજબ 'GUJRATI-MOJ' નામના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ તેમજ 'king of bajrangd l official0084' નામની સોશિયલ મીડિયા આઈડી પરથી આદિવાસી સમાજ અંગે કથિત રીતે અપમાનજનક અને જાતિવાચક શબ્દોનો ઉપયોગ થોડા દિવસો અગાઉ કરવામાં આવ્યો હોવાનું રજૂ કરવામાં આવ્યું છે.આદિવાસી સમાજના પ્રતિનિધિઓએ આ મામલે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ ગુનો નોંધી તાત્કાલિક અને કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.સંતરામપુર પોલીસે લેખિફરિયાદ સ્વીકારી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. તપાસ પૂર્ણ થયા બાદ કાયદા મુજબની કાર્યવાહી કરવામાં આવશે અને સ્પષ્ટ માહિતી મળશે તેમ જાણવા મળ્યું છે.

## વિદ્યુત કર્મચારી ધિરાણ સહકારી મંડળીની ૩૯મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ, તા. ૮: કેશોદ વિદ્યુત કર્મચારી ધિરાણ સહકારી મંડળીની ૩૯મી વાર્ષિક સાધારણ સભા શનિવારે સવારે ૧૦ કલાકે શ્રી એચ.એમ.પરમારની અધ્યક્ષતામાં સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. સભાની શરૂઆત વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન અવસાન પામેલા સભાસદોને શ્રદ્ધાંજલિ અર્પણથી કરવામાં આવી હતી. ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરી આમંત્રિત મહેમાનો શ્રી પી.આર. દુલેરા, નાયબ ઈજનેર ટેક-૨ શ્રી ચૂડાસમા, ભૂતપૂર્વ પ્રમુખશ્રી વજસીભાઈ નંદાણીયા તથા પત્રકારશ્રી દિનેશભાઈ કાનાબારનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું. સભા માં વર્ષ ૨૦૨૫-૨૬ના હિસાબો, ખર્ચાઓ,સભાસદ ભેટ અને ડિવિડન્ડ સહિતના ઠરાવો રજૂ કરી મંજૂર કરવામાં આવ્યા હતા. વર્ષ દરમિયાન નિવૃત્ત થયેલા કુલ ૧૨ સભાસદોમાંથી હાજર રહેલા સભાસદોનું સાલ ઓઢાડી સન્માન કરાયું હતું તેમજ સ્વર્ગસ્થ સભાસદના ધર્મપત્નીને સ્મૃતિચિહ્ન અર્પણ કરાયું હતું. શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવનાર ધોરણ ૮થી ૧૨ તથા વિવિધ ફેકલ્ટીના કુલ ૧૮ સભાસદો ના સંતાનોને પ્રમાણપત્ર અને ભેટ આપી સન્માનિત કરાયા હતા. શ્રી પી.આર.દુલેરા તથા શ્રી પી.એન. ચાવડાએ વિદ્યાર્થીઓને ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. સભાસદો દ્વારા રજૂ થયેલા વિવિધ પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરી અનેક પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. કેટલાક પ્રશ્નો અંગે વ્યવસ્થાપક સમિતિ દ્વારા નિર્ણય લેવાનું નક્કી કરાયું હતું. કારોબારી સમિતિના સભ્યશ્રી ડી.જે. ગરચર જૂન-૨૦૨૬માં નિવૃત્ત થતાં તેમની જગ્યાએ વિભાગીય કચેરી-કેશોદના લેબના શ્રી પી.એન. ચાવડાની કારોબારી સભ્ય તરીકે નિયુક્તિનો પ્રસ્તાવ રજૂ કરાયો હતો, જેને સભાસદોએ સર્વાનુમતે મંજૂરી આપી હતી. અંતમાં અધ્યક્ષશ્રી ના પ્રસંગોચિત વક્તવ્ય બાદ શ્રી એ.આર. દવેના આભાર પ્રસ્તાવ સાથે સભા પૂર્ણ થઈ હતી. બાદ માં સભાસદોએ સાથે ભોજન લઈ હળીમળીને નવા જોમ અને ઉત્સાહ સાથે વિદાય લીધી હતી.

## રેશનીંગની દુકાને લાઈનમાં ઉભા રહેવા બાબતે થયેલી મારામારીમાં ચાર વ્યકિતઓને ૩ વર્ષની સખત સજા અને દંડ ફટકારતી જાફરાબાદ કોર્ટ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અત્રે કેસની વિગત એવી છે કે, આશરે ચારેક વર્ષે અગાઉ આ કામના ફરીયાદી ધરમભાઈ હમીરભાઈ ગોહીલ રહે. ટીંબીવાળા પોતાના ગામમાં રહેલી રેશનીંગની દુકાને રેશન લેવા માટે લાઈનમાં ઉભા હતા ત્યારે તેમણે રેશનીંગની દુકાન વાળાને પુછેલ કે કોનો વારો છે તો આ કામના આરોપી ધમેન્દ્ર સુરાભાઈ વાળાએ કહેલ કે તારા બાપનો વારે છે તેમ કહીને આરોપી ધમેન્દ્રભાઈએ ફરીયાદી ધર્મભાઈ નો કાઠલો પકડીને જેમ ફાવે તેમ ગાળો આપીને અન્ય આરોપીઓને બોલાવીને લાકડી તેમજ ફાઈબરના પાઈપો વડે જેમ ફાવે તેમ માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપેલી. જે અંગે નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાયેલ. બાદમાં તપાસ કરનાર અધિકારી એ તપાસ કરીને આ કામના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરેલુ અને કેસ શરૂ થતા બાદમાં ફરીયાદી, સાહેદો, પંચો અને મેડીકલ



ઓફીસર, તપાસ કરનાર અધીકારીશ્રી ની જુબાની જોતા ફેકચર પ્રકારની ગંભીર ઈજા હોય જે બાબતે નામ. કોર્ટમાં ફેકચર અંગેનો ચાર્જનો ઉમેરો કરેલો તથા વિવિધ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરીને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવાઓનું મુલ્યાંકન કરીને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય જાફરાબાદના મહે. જયુડી. મેજી. પી.એમ.કામદાર સાહેબે સરકારી વકીલશ્રી દિવ્યેશ બી. ગાંધીની દલીલો અને પુરાવાઓનું મુલ્યાંકન કરીને એવુ તારણ કાઢેલ કે, આવા કિસ્સાઓ સમાજમાં બહુ વધી રહયા હોય ત્યારે જો આવા લોકોની છોડવામાં આવે તો અને સમાજ વ્યવસ્થા પડી ભાંગે તેમ હોય અને સમાજમાં કાયદો અને વ્યવસ્થાની અસ્થીરતા જોવા મળે તેમ હોય અને તે બાબતે સમાજ પર દાખલો બેસાડવો જરૂરી હોય જેથી આરોપીઓ (૧) લખધીરભાઈ બહાદુરભાઈ વાળા, (૨) ધમેન્દ્ર સુરૂભા વાળા (૩) બાબુભાઈ ઉર્ફે નરેન્દ્ર સુરૂભા વાળા તથા મયુરભાઈ હિંમતભાઈ વાળા બધા આરોપીઓને ૩ વર્ષની સખત કેદ તથા દરેક આરોપીઓને રૂા. ૬,૦૦૦/- દંડનો હુકમ કરેલ અને તે દંડની રકમ માંથી ફરીયાદીને વળતર આપવાનો હુકમ કરતા અસામાજીક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે. ઉપરોકત કામે સરકાર પક્ષે સરકારી વકીલ શ્રી દિવ્યેશ બી. ગાંધી રોકાયલ હતા.

# જુલાઈમાં ૧૦૫૨ રેક અનલોડ કરીને NFR એ સતત નૂર કામગીરીનો રેકોર્ડ બનાવ્યો



માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) એ જુલાઈ ૨૦૨૬ માં પ્રભાવશાળી અનલોડિંગ કામગીરી નોંધાવીને તેની મજબૂત નૂર ગતિ જાળવી રાખી. મહિના દરમિયાન, સમગ્ર ઝોનમાં કુલ ૧,૦૫૨ નૂર રેક અનલોડ કરવામાં આવ્યા હતા, જે મજબૂત અને પ્રોત્સાહક નૂર કામગીરી દર્શાવે છે.NFR એ જુલાઈ ૨૦૨૬ દરમ્યાન આવશ્યક અને ઔદ્યોગિક ચીજવસ્તુઓના અવિરત પરિવહનને સુનિશ્ચિત કરવાનું ચાલુ રાખ્યું. ખાદ્ય અનાજ, ખાદ્ય-ગ્રેડ વસ્તુઓ, ખાતરો, ખાંડ, કોલસો, મીઠું, ટાંકી વેગન અને અન્ય માલસામાન જેવી ચીજવસ્તુઓનું સમગ્ર ઝોનમાં વિવિધ માલસામાન શેડ પર કાર્યક્ષમ રીતે સંચાલન કરવામાં આવ્યું હતું, જેનાથી સમયસર વિતરણ શક્ય બન્યું અને તેની નૂર સેવાઓની વિશ્વસનીયતા મજબૂત થઈ.નૂર ટ્રાફિકનો નોંધપાત્ર હિસ્સો ઉત્તરપૂર્વીય રાજ્યોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે સમર્પિત હતો. આસામમાં સૌથી વધુ ૫૯૬ રેક અનલોડિંગ થયું હતું, જેમાં આવશ્યક ચીજવસ્તુઓ અને બિન-આવશ્યક ચીજવસ્તુઓનો સમાવેશ થતો હતો, જે જાહેર વિતરણ પ્રણાલી, ઔદ્યોગિક પ્રવૃત્તિઓ અને દૈનિક ગ્રાહકોની જરૂરિયાતોને ટેકો આપવામાં રેલવેની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકે છે. આ જ સમયગાળા દરમિયાન, ત્રિપુરામાં ૫૫ રેક, નાગાલેન્ડમાં ૨૩ રેક, મણિપુરમાં ૧૮ રેક, અરુણાચલ પ્રદેશમાં ૮ રેક, મિઝોરમમાં ૮ રેક અને મેઘાલયમાં ૧ રેક અનલોડ કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત, પશ્ચિમ બંગાળમાં ૨૦૦ રેક અનલોડિંગ નોંધાયું હતું, જ્યારે બિહારમાં ૧૪૩ રેક અનલોડિંગ થયું હતું જેમાં આવશ્યક અને બિન-આવશ્યક બંને પ્રકારની ચીજવસ્તુઓનો સમાવેશ થતો હતો, જે સમગ્ર પ્રદેશમાં પ્રાદેશિક પુરવઠા શૃંખલાઓ, વેપાર જોડાણ અને આર્થિક પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવે છે.આવશ્યક અને અન્ય ચીજવસ્તુઓની સતત હિલચાલ લોકોની દૈનિક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે મહત્વપૂર્ણ છે, સાથે સાથે પ્રદેશની આર્થિક પ્રવૃત્તિઓને ટેકો આપવા અને મજબૂત બનાવવા માટે પણ મહત્વપૂર્ણ છે. દરેક સ્તરે અસરકારક દેખરેખથી ટર્નઅરાઉન્ડ સમય ઘટાડવામાં અને એકંદર અનલોડિંગ કાર્યક્ષમતામાં સુધારો કરવામાં મદદ મળી છે.

## સંખેડા તાલુકાના ભાટપુર ગામમાં છ મહિના પહેલા બનેલો આરસીસી રોડ પર ઉપયોગમાં લેવાયેલી કપચી પહેલા જ વરસાદમાં ઉખડી ગઈ

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાના ભાટપુર ગામમાં છ મહિના પહેલા બનેલો આરસીસી રોડ પર ઉપયોગમાં લેવાયેલી કપચી પહેલા જ વરસાદમાં ઉખડી ગઈ. દૂધ ડેરીથી સ્વામિનારાયણ મંદિર સુધીના આ રોડ પરથી કપચી બહાર નીકળી આવતા તેની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. ગ્રામજનોએ ભ્રષ્ટાચારના આક્ષેપો કરીને ઉચ્ચ કક્ષાની તપાસની માંગ કરી છે.રોડ ઊખડી જવાથી રાહદારીઓના પગમાં કપચી વાગવાના બનાવો બન્યા છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોને અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે. વાહનચાલકોને પણ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.આ રોડ ગામના સ્ટેટ બેંક પાસેથી સ્વામિનારાયણ મંદિર સુધી લોકહિતાર્થ રોયલ્ટી ગ્રાન્ટમાંથી વર્ષ 2025-26માં બનાવવામાં આવ્યો હતો. નિર્માણના માત્ર છ મહિનામાં જ તેની આવી હાલત થતા ગ્રામજનોમાં રોષ વ્યાપ્યો છે.ગ્રામજનોનો આક્ષેપ છે કે રોડ બનાવવામાં હલકી ગુણવત્તાનો સિમેન્ટ અને અન્ય સામગ્રીનો ઉપયોગ થયો છે. વરસાદ પડતા જ રોડની સપાટી ઊખડી ગઈ અને ઠેર ઠેર કપચી દેખાઈ રહી છે. રોડ પાસે લગાવેલા શિલાન્યાસ પાટિયામાં પણ 'લોકહિતાર્થ રોયલ્ટી ગ્રાન્ટ, વર્ષ 2025-26' નો ઉલ્લેખ છે, જે દર્શાવે છે કે આ રોડ તાજેતરમાં જ બન્યો છે.

## NSS અને જાફરાબાદ ટાઉન પોલીસના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી રેલીમાં ૩૮ વિદ્યાર્થીઓ જોડાયા



કિશોર આર. સોલંકી જાફરાબાદ

જાફરાબાદ, તા. ૮ ઓગસ્ટ, ૨૦૨૬ વિકાસ સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત નાગરિકોમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ કેળવવાના હેતુથી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાફરાબાદ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અને જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે 'સાયબર અવેરનેસ રેલી'નું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજના આચાર્યશ્રી ડૉ. વિરલકુમાર શીલુના માર્ગદર્શન હેઠળ તથા NSS પ્રકલ્પ કો-ઓર્ડિનેટર પ્રો. સતિષ મેઘાણીના સંયોજનમાં તા. ૫ ઓગસ્ટના રોજ સવારે ૧૧:૦૦થી બપોરે ૧૨:૦૦ કલાક દરમિયાન યોજાયેલી આ રેલીમાં કોલેજના ૩૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સાયબર અવેરનેસ રેલી દરમિયાન જાફરાબાદ શહેરના વિવિધ વિસ્તારોમાં દુકાનદારો તથા સામાન્ય નાગરિકોને સાયબર ક્રાઈમથી સાવચેત રહેવા તેમજ મોબાઈલ OTP અને શંકાસ્પદ લિંકના માધ્યમથી થતા ફ્રોડથી બચવા અંગે જનજાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર શ્રી દેસાઈ દ્વારા સાયબર ક્રાઈમ અંગે ટૂંકું પ્રવચન અને સચોટ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જેના થકી વિદ્યાર્થીઓ તેમજ નાગરિકોને સાયબર ગુનાઓથી બચવા માટે સાવચેત રહેવા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

## જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધામાં સિંધવા તેજસ્વિનીએ ગોલ્ડ મેડલ મેળવી શાળાનું નામ રોશન કર્યું

અશેષ વ્યાસ | ખેડા

ગળતેશ્વર તાલુકાના વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન સ્થિત વિદ્યુત બોર્ડ વિદ્યાલયની ધોરણ 12 સામાન્ય પ્રવાહ મા અભ્યાસ કરતી વિદ્યાર્થીની સિંધવા તેજસ્વિની ગોપાલભાઈએ ખેડા જિલ્લા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ નડીયાદ ખાતે યોજાયેલી 70મી અખિલ ભારતીય શાળાકીય રમતોની જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધામાં U-19 કેટેગરીમાં પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી શાળા તથા સમગ્ર તાલુકાનું નામ રોશન કર્યું છે.

વિદ્યાર્થીની સિંધવા તેજસ્વિની ગોપાલભાઈએ કરાટે U-19ની જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પ્રથમ ક્રમ (ગોલ્ડ મેડલ) પ્રાપ્ત કર્યો હતો.તેજસ્વિનીની આ સિદ્ધિ બદલ શાળાના આચાર્યશ્રી ધર્મેન્દ્રસિંહ સોલંકી, કરાટે શિક્ષકશ્રી તથા સમગ્ર શાળા પરિવારે તેજસ્વિનીને અભિનંદન પાઠવી તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

## ગાંધીધામમાં કચ્છ પત્રકાર વેલ્ફેર ફાઉન્ડેશનની સામાન્ય સભા યોજાઈ



મહેશ એલ. સોની નખત્રાણા

કચ્છ પત્રકાર વેલ્ફેર ફાઉન્ડેશન સંગઠન દ્વારા આજે ગાંધીધામ સર્કિટ હાઉસ ખાતે સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં બહોળી સંખ્યામાં પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા. તાજેતરમાં યોજાયેલી સંગઠનની ચૂંટણીમાં વિજય મેળવનાર પ્રમુખ શ્રી વિમલભાઈ સોનીની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી.બેઠકના પ્રારંભે કચ્છ પત્રકાર વેલ્ફેર ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી વિમલભાઈ સોનીનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંગઠનની જિલ્લા અને ગાંધીધામની જવાબદારીઓ અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા. જેમાં શ્રી જયેશભાઈ ભદ્રા ભાનુશાલીની જિલ્લા બોડીમાં ઉપપ્રમુખ તરીકે તથા શ્રી અફસરભાઈ શેખ અને મહિલા પ્રમુખ તરીકે ભારતીબેન માખીજાણીની ગાંધીધામ પત્રકાર વેલ્ફેર સંગઠનના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી.બેઠક દરમિયાન પત્રકારોના હિત અને સુરક્ષા માટે વિવિધ વીમા યોજનાઓ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સંગઠનના તમામ સભ્યો સાથે મળીને કાર્ય કરે, પત્રકારોના પ્રશ્નો અને મુશ્કેલીઓમાં એકબીજાને સહયોગ આપે તથા પત્રકારોના હિત માટે સંગઠનને વધુ મજબૂત બનાવવામાં આવે તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

## ભારત કો જાનો" પરીક્ષામાં માતુશ્રી એસ.બી.વી.ચાવડા સરસ્વતીના વિદ્યાર્થીઓનો ઉત્સાહભેર સહભાગ

પાલનપુર | ભારત વિકાસ પરિષદ દ્વારા આયોજિત "ભારત કો જાનો" અંતર્ગત આજે તા. ૮/૮/૨૦૨૬ના રોજ માતુશ્રી એસ.બી.વી. ચાવડા સરસ્વતી હાઈસ્કૂલ, પાલનપુર ખાતે પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ભારતના ઈતિહાસ, સંસ્કૃતિ, પરંપરા, મહાન વ્યક્તિત્વો તથા વિવિધ ક્ષેત્રોની સામાન્ય જ્ઞાનસભર માહિતી અંગે પોતાની જાણકારી ચકાસી હતી.પરીક્ષાના આયોજન અને સંચાલન માટે ભારત વિકાસ પરિષદ તરફથી મિનુબેન મહેશ્વરી તથા રેખાબેન અખાણી ઉપસ્થિત રહ્યા હતા. શાળા તરફથી બહેનશ્રી ડૉ. તારાબેન સોલંકીએ અને શાળા પરિવારે આચાર્યશ્રી નરેન્દ્રસિંહ દેવડાના માર્ગદર્શન હેઠળ પરીક્ષાનું સુચારુ સંચાલન કરવામાં સહયોગ આપ્યો હતો.

## ઓસ્ટ્રેલિયા જતા પહેલાં જ વૃદ્ધ દંપતી લૂંટાયું

ગાંધીનગર | આવતીકાલે રવિવારે ઓસ્ટ્રેલિયામાં વસતા પુત્ર પાસે જવાની તૈયારી કરી રહેલા મહેસાણાના એક વૃદ્ધ દંપતી સાથે ઈકો ગાડીમાં મુસાફરી દરમિયાન લાખો રૂપિયાની ચોરીની ઘટના સામે આવી છે. કલોલથી શેરથા સુધીની મુસાફરીમાં અજાણ્યા તસ્કરોએ નજર ચુકવીને થેલામાંથી 8.69 લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના અને રોકડ સેરવી લીધા હતા. આ મામલે અડાલજ પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.મહેસાણા શહેરના મોટેરા રોડ પર વિનાયક હોમ્સમાં રહેતા 60 વર્ષીય નિવૃત્ત મનુભાઈ સોમાભાઈ પટેલ અને તેમના પત્ની પુષ્પાબેન આવતીકાલે 9 ઓગસ્ટે ઓસ્ટ્રેલિયામાં રહેતા પોતાના પુત્ર કૃણાલ પાસે જવાના હતા.


# સિટી એક્સપ્રેસ

SUNDAY 09 AUGUST-2026

AHMEDABAD


## ગાંધીનગરમાં સુસાઈડ નોટ લખીને યુવાને ઝેરી દવા ગટગટાવી

ગાંધીનગર | ગાંધીનગરના સેક્ટર-24ના હરસિદ્ધનગરમાં રહેતા અને સલૂનથી પરિવારનું ગુજરાન ચલાવતા રાહુલ બાબુભાઈ નાયી નામના યુવકને વર્ક પરમીટ અપાવી લંડન મોકલી આપવાની લાલચ આપી વિઝા એજન્ટે લાખોનું ફુલેકું ફેરવી દીધું છે. જોકે વિદેશ જવાની ઘેલછામાં વ્યાજના વિષચક્રમાં ફસાયેલા યુવાને આખરે કંટાળીને સુસાઈડ નોટ લખીને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. હાલ યુવક ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. આ અંગે સેક્ટર 21 પોલીસે કાર્યવાહીનો દોર શરૂ કર્યો છે.



# TET-1 પાસ 10 હજાર વિદ્યાસહાયકોની ભરતીને હાઈકોર્ટની મંજૂરી

## 700 ઉમેદવારોની જગ્યા અનામત રાખી નિમણૂકો અપાશે, 6 મહિનાથી અટવાયેલો વિવાદ અંતે ઉકેલાયો

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની અછત દૂર કરવા તેમજ લાંબા સમયથી નિમણૂકની રાહ જોઈ રહેલા ઉમેદવારો માટે એક રાહતના સમાચાર સામે આવ્યા છે. પ્રાથમિક વિભાગમાં વિદ્યાસહાયકોની ભરતીને લઈને ચાલી રહેલા કાનૂની વિવાદ વચ્ચે ગુજરાત હાઈકોર્ટે વચગાળાનો ચુકાદો આપતા રાજ્યમાં 10 હજાર વિદ્યાસહાયકોની નિમણૂક કરવાની મંજૂરી આપી દીધી છે. જોકે હાઈકોર્ટમાં અરજી કરનાર 700થી વધુ ઉમેદવારની જગ્યાઓ અનામત રાખી નિમણૂકો અપાશે.

TET 1 પરીક્ષાના આધારે વિદ્યાસહાયકોની ભરતી પ્રક્રિયા કરાઈ હતી. જોકે ભરતી પ્રક્રિયા દરમિયાન કેટલાક ઉમેદવારોને ગેરલાયક ઠેરવવામાં આવતા અને ભરતીના નિયમો સામે વાંધો ઉઠાવતા ઉમેદવારોએ હાઈકોર્ટમાં ફેબ્રુઆરીમાં અરજીઓ દાખલ કરી હતી. હાઈકોર્ટમાં અરજીઓ થવાના કારણે 6 મહિનાથી આ સમગ્ર ભરતી પ્રક્રિયા અટવાઈ પડી હતી, જેના લીધે હજારો યોગ્યતા ધરાવતા ઉમેદવારોની નિમણૂક અટકી ગઈ હતી.

મહિનાઓથી ચાલી રહેલા કાનૂની વિવાદનો અંત આણવા માટે રાજ્ય સરકારે હાઈકોર્ટમાં એક વિશિષ્ટ વચગાળાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. સરકારી વકીલે કોર્ટમાં રજૂઆત કરી હતી કે, કુલ 11 હજાર જગ્યાઓની ભરતી જાહેરાત સામે હાઈકોર્ટમાં અરજી કરનાર 700થી વધુ ઉમેદવારોની જગ્યાઓ હાલ પૂરતી ખાલી રાખવામાં આવશે. બાકીની તમામ જગ્યાઓ પર ઉમેદવારોની નિમણૂક કરવાની પરવાનગી આપવા રજૂઆત કરાતા હાઈકોર્ટે સરકારના આ પ્રસ્તાવને માન્ય રાખી લીલી ઝંડી આપી દીધી છે. આ નિર્ણયના પગલે હવે 11 હજારમાંથી 10 હજાર વિદ્યાસહાયકોને તબક્કાવાર નિમણૂક પત્રો આપી શકાશે.

સુનાવણી દરમિયાન રાજ્ય સરકાર વતી સરકારી વકીલે કહ્યું હતું કે, જે ઉમેદવારોએ અરજી કરી છે તેમના હિતોનું પણ ધ્યાન રાખવામાં આવશે. વધુમાં શિક્ષણ વિભાગે આગામી વર્ષ 2027 દરમિયાન પણ વધારાના 5 હજાર જેટલા પદો પર નવી ભરતીનું આયોજન કર્યું છે. પરિણામે, હાલ અરજી કરનાર ઉમેદવારો માટે પણ ભવિષ્યમાં પૂરતી તકો ઉપલબ્ધ રહેશે, તેવી રજૂઆત કોર્ટમાં થઈ હતી.

હાઈકોર્ટ તરફથી લીલી ઝંડી મળતા જ શિક્ષણ વિભાગ હવે આગળની વહીવટી કાર્યવાહી અને મેરિટ લિસ્ટ મુજબ નિમણૂક પત્રો આપવાની પ્રક્રિયા ઝડપી બનશે. હાઈકોર્ટના આ નિર્ણયથી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ દૂર થશે અને લાંબા સમયથી રોજગારીની રાહ જોઈ રહેલા હજારો શિક્ષકો તથા તેમના પરિવારજનોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# સેટેલાઈટ-એસજી હાઈવે પર સ્પા સેન્ટરોમાં SMCના દરોડા

## દેહ વ્યાપારની આશંકાએ અન્ય રાજ્યની યુવતીઓ અને ગ્રાહકોને ઝડપી પાડ્યા



અમદાવાદ | દરિયાપુરમાં મનપસંદ ક્લબ જુગારધામ પર દરોડા પાડ્યા બાદ, 7 ઓગસ્ટના રોજ સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમોએ અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં સેટેલાઈટ અને એસ.જી. હાઈવે પરના ચારથી પાંચ સ્પા અને વેલનેસ સેન્ટરો પર સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. ગેરકાયદેસર ચાલતી દેહ વ્યાપારની પ્રવૃત્તિઓની બાતમી મળતા આ કાર્યવાહી કરાઈ હતી, જેમાં અન્ય રાજ્યોની યુવતીઓ તથા ગ્રાહકોને પોલીસે ઝડપી પાડ્યા છે.

રાજ્ય પોલીસ વડાની સીધી દેખરેખ હેઠળ કાર્યરત SMC દ્વારા શહેરમાં અસામાજિક અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

આ સમગ્ર મામલે SMC ની અલગ-અલગ પાંચ ટીમોએ એકસાથે ત્રાટકીને દરોડા પાડતા સેટેલાઈટ અને એસ.જી. હાઈવે વિસ્તારના સ્પા સંચાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસે ઝડપાયેલા ગ્રાહકો અને યુવતીઓની પૂછપરછ હાથ ધરીને ગેરકાયદેસર નેટવર્ક ચલાવતા મુખ્ય સંચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ શહેરના પૂર્વ વિસ્તારમાં એક સ્પા સેન્ટરમાં યુવતીઓના કામ બાબતે થયેલી બોલાચાલીમાં મેનેજરને ચોથા માળેથી નીચે ફેંકી દઈ તેની હત્યા કરી દેવાઈ હતી. આ ચકચારી ઘટના બાદ સ્પા સેન્ટરોમાં ચાલતી શંકાસ્પદ પ્રવૃત્તિઓ સામે અનેક સવાલો ઊભા થયા હતા.

# ઈન્ટર્નશીપ બાદ નોકરી આપવાના બહાને ફિનટેકના વિદ્યાર્થીઓ સાથે ઠગાઈ

## ખોટી કંપની ઊભી કરી રૂ. 60 હજાર પડાવ્યા; આપેલા ચેક પણ બાઉન્સ




અમદાવાદ | અમદાવાદના નારણપુરા વિસ્તારમાં કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે ઈન્ટર્નશિપ અને નોકરીના બહાને રૂ. 60,000ની છેતરપિંડી આચરાઈ છે.

રાણીપમાં રહેતો અને ફિનટેક કોર્સના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતો યશ પરમાર અને તેના મિત્રો અભ્યાસના ભાગરૂપે ફરજિયાત ઈન્ટર્નશિપ શોધી રહ્યા હતા. આ દરમિયાન તેમનો સંપર્ક મેહુલ લાલા નામના વ્યક્તિ સાથે થયો હતો. મેહુલે પોતાની કંપની હોવાનું કહી ઈન્ટર્નશિપ માટે પ્રતિ વિદ્યાર્થી રૂ.10,000 ડિપોઝિટ પેટે મંગાવ્યા હતા. સાથે જ કોર્સ પૂરો થયા બાદ ડિપોઝિટ પરત કરવાની અને મહિને રૂ.15,000નો પગાર આપવાની ખાતરી આપી હતી, જેથી વિદ્યાર્થીઓએ નાણાં ભરીને ઈન્ટર્નશિપ પૂર્ણ કરી હતી. ઈન્ટર્નશિપ પૂરી થયા બાદ વિદ્યાર્થીઓએ પોતાના પગાર અને ડિપોઝિટના નાણાં માંગતા મેહુલે બહાના બતાવવાના શરૂ કર્યા હતા. વિદ્યાર્થીઓએ સ્થળ પર જઈને તપાસ કરતાં માલૂમ પડ્યું કે તેણે દર્શાવેલી કંપની બોગસ હતી. ત્યારબાદ મેહુલે નાણાં ચૂકવવા માટે આપેલા ચેક પણ બેંક એકાઉન્ટ ફ્રીઝ હોવાને કારણે બાઉન્સ થયા હતા. પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનું માલૂમ પડતાં વિદ્યાર્થીઓએ નારણપુરા પોલીસ સ્ટેશનમાં મેહુલ લાલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# રાજ્યમાં ફાયર સેફ્ટીને લઈને HCમાં સુનાવણી

## ગગનચુંબી ઈમારતો માટે દર ત્રણ ફ્લોર પછી એક ફ્લોર ખાલી રાખવા નિયમ આવશે, કોમનવેલ્થ 2030ને ધ્યાને લઈને નવો CGDCR આવશે

રાજકોટ TRP ગેમ ઝોન અને શ્રેય હોસ્પિટલ અગ્નિકાંડ બાદ રાજ્યમાં ફાયર સેફ્ટીની અમલવારી અંગે ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ ડી.એન. રે ની બેન્ચ સમક્ષ મહત્વની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ સુનાવણી દરમિયાન પાર્ટી ઈન પર્સન અમિત પંચાલે વર્તમાન નિયમોની મર્યાદાઓ તરફ ધ્યાન દોર્યું હતું, જ્યારે એડવોકેટ જનરલે રાજ્યમાં ફાયર સેફ્ટીના નિયમો સઘન બનાવવા માટે સરકાર દ્વારા લેવાનાર આગામી પગલાં અંગે કોર્ટને માહિતગાર કરી આશ્વાસન આપ્યું હતું.

500 ચો.મી.થી નાની ફટાકડાની દુકાનો અને પ્લે-ગ્રુપ માટે ફાયર નિયમોમાં સુધારાની માંગ

સુનાવણી દરમિયાન પાર્ટી ઈન પર્સન અમિત પંચાલે રજૂઆત કરી હતી કે, વર્તમાન નિયમો મુજબ 500 સ્કવેર મીટરથી નાની ફટાકડાની દુકાનો માટે ફાયર NOC ની જરૂર હોતી નથી. આ ઉપરાંત 4 વર્ષથી નાની વયના બાળકો માટે ચાલતી બાલવાડી કે પ્લે ગ્રુપમાં પણ ફાયર ઈન્સ્પેક્શન થતું નથી. આ બાબતો અત્યંત જોખમી હોઈ નિયમોમાં ત્વરિત સુધારાની જરૂરિયાત દર્શાવાઈ હતી, જેના પર એડવોકેટ જનરલે યોગ્ય કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું હતું.

એડવોકેટ જનરલે કોર્ટમાં જણાવ્યું હતું કે, ભવિષ્યમાં અમદાવાદ 'કોમનવેલ્થ 2030' જેવી વૈશ્વિક ઈવેન્ટનું સાક્ષી બનવા જઈ રહ્યું છે ત્યારે ટૂંક સમયમાં નવા CGDCR (કોમ્પ્રિહેન્સિવ જનરલ ડેવલોપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન્સ) લાવવામાં આવશે. નવી જોગવાઈ મુજબ ગગનચુંબી ઈમારતોમાં દર ત્રણ માળ પછી એક માળ ખાલી રાખવાનો નિયમ લાવવામાં આવશે, જેથી આગ જેવી દુર્ઘટના સમયે લોકો ત્યાં એકઠા થઈ શકે અને તેમને સહેલાઈથી રેસ્ક્યુ કરી શકાય. વધુમાં, હાઈકોર્ટે ચાલુ દિવસોમાં જાહેર સ્થળોએ ફાયર મોકડ્રીલ યોજવા પણ સૂચન કર્યું હતું.

હાઈકોર્ટે રાજ્યમાં ફાયર વિભાગની કામગીરી અને અધિકારીઓની મહેકમ સ્થિતિ અંગે સવાલો ઉઠાવ્યા હતા. ગુજરાત સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસિસમાં કાયમી ડિરેક્ટર ન હોવા પર કોર્ટે ટાંક્યું હતું કે, 'ફાયર સર્વિસને સશક્તિકરણ અને સામાન્ય નાગરિકોને ટ્રેનિંગ આપવાની જરૂર છે.' સરકાર તરફથી ખાતરી આપવામાં આવી હતી કે, હવે ટૂંક સમયમાં જ કાયમી ડિરેક્ટરની નિમણૂક કરવામાં આવશે.

સુનાવણી દરમિયાન રાજ્ય સરકારે ફાયર સર્વિસના ત્રિસ્તરીય વહીવટી માળખા વિશે સ્પષ્ટતા કરી હતી.

મહાનગરપાલિકા સ્તરે: સ્વતંત્ર ભરતી અને વ્યવસ્થા સાથે સંબંધિત મ્યુનિસિપલ કમિશનર જવાબદાર રહે છે.

નગરપાલિકા સ્તરે: કમિશનર ઓફ મ્યુનિસિપાલિટી અને પ્રિન્સિપાલ સેક્રેટરી (અર્બન ડેવલપમેન્ટ) હસ્તક કામગીરી ચાલે છે.

પંચાયત અને ગ્રામ્ય સ્તરે: ડાયરેક્ટર ઓફ ફાયર સર્વિસ અને સ્ટેટ કન્ટ્રોલિંગ બોડી જવાબદારી સંભાળે છે.

ફાયર સેફ્ટીની સમીક્ષા માટે પ્રિન્સિપાલ સેક્રેટરી દર 15 દિવસે સર્વોચ્ચ વહીવટી અધિકારીઓ સાથે બેઠક યોજે છે. આ સમગ્ર મામલે વધુ સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે.

# રિક્ષામાં હવેથી 1.2 કિમીના મિનિમમ રૂ.25નું ભાડું ચૂકવવું પડશે

અમદાવાદ | ગુજરાત સરકારે રાજ્યમાં ઓટો રિક્ષાના ભાડામાં વધારો કરતું નવું જાહેરનામું બહાર પાડ્યા બાદ ઓટો રિક્ષા ચાલક વેલ્ફેર એસોસિએશને સરકારનો આભાર વ્યક્ત કર્યો છે. એસોસિએશનના પ્રમુખ રાજ શિરકેએ જણાવ્યું કે, વર્ષ 2022 પછી પ્રથમ વખત ભાડામાં વધારો થતાં રાજ્યના લાખો રિક્ષાચાલકોને રાહત મળશે. નવા જાહેરનામા મુજબ પ્રથમ 1.2 કિલોમીટર માટે લઘુત્તમ ભાડું રૂ.25 અને ત્યારબાદ પ્રતિ કિલોમીટર રૂ.20 (દર 200 મીટરે રૂ.4) વસૂલવાનો દર નક્કી કરવામાં આવ્યો છે. રાજ શિરકેએ જણાવ્યું કે, 22 જૂન, 2026ના રોજ યોજાયેલી રેટ કમિટીની બેઠકમાં આ ભાડું નક્કી થયું હતું.

### યુવકને નશીલુ પીણું પીવડાવી સાથી કર્મીએ ₹900ની લૂંટ ચલાવી

# નારોલમાં શેઠ સહિત 6 શખસે પાઈપ-સળિયાથી લોહીલુહાણ કરી પત્નીની લારી પાસે ફેંકી દીધો...




અમદાવાદ | નારોલ ટ્રાન્સપોર્ટનગરમાં મજૂરી કામ કરતા અર્જુનનાથ શ્રવણનાથ સાથે લૂંટ અને મારપીટની ઘટના સામે આવી છે. ગત 28 જુલાઈએ રાત્રે ગાડી ખાલી કર્યા બાદ અર્જુનનાથ ઊભો હતો ત્યારે તેમની સાથે કામ કરતો અરૂણ નામનો શખ્સ તેમને ગોડાઉન પર આવેલી રૂમમાં નાસ્તો કરવાના બહાને લઈ ગયો હતો. ત્યાં અરૂણે તેને નશીલું પીણું પીવડાવી, પાઈપથી ફટકારી તેની પાસે રહેલા રૂ. 900 લૂંટી લીધા હતા.

ત્યારબાદ અરૂણે ગોડાઉન માલિક રાકેશ જૈનને ફોન કરીને બોલાવ્યો હતો. અર્જુનનાથ જીવ બચાવીને નીચે ભાગ્યા ત્યારે કમલેશ અને કદમ નામના શખ્સોએ તેને રોકીને માર માર્યો હતો. બાદમાં રાકેશ જૈન સહિત તમામ 6 શખસે મળીને અર્જુનનાથને લોખંડની પાઈપ અને સળિયાથી ઢોર માર મારી લોહીલુહાણ કરી નાખ્યો હતો.

હુમલાખોરો ઈજાગ્રસ્ત અર્જુનનાથને તેની પત્નીની શાકભાજીની લારી પાસે મૂકીને ભાગી ગયા હતા. પત્નીએ તેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડ્યા હતા. આ મામલે અર્જુનનાથે નારોલ પોલીસ સ્ટેશનમાં અરૂણ, રામજી, કમલેશ, કદમ, રાકેશ અને તેના મહેમાન વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

### 36 હજાર રૂપિયાના લાંચ કેસમાં ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરે સસ્પેન્ડ

અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર વિભાગમાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર સામે એન્ટી કરપ્શન બ્યુરો (ACB)એ મોટી કાર્યવાહી હાથ ધરી છે. 36 હજાર રૂપિયાની લાંચ લેતા રંગે હાથે ઝડપાયેલા ચીફ ફાયર ઓફિસર અમિતકુમાર આનંદરાવ ડોંગરેને મ્યુનિસિપલ કમિશનર દ્વારા તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર, એક જાગૃત નાગરિક પાસે લાંચની માંગણી કરવામાં આવી હતી, જે અંગે તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે વડોદરા એસીબીની ટીમે અમદાવાદના મેમનગર સ્થિત વિજય ચાર રસ્તા પાસે સફળ ટ્રેપ ગોઠવી હતી. આ છટકામાં ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરે અને તેનો વચેટિયો ભાવસિંહ ઝાલા 36 હજાર રૂપિયાની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

# અમદાવાદની 6 બિલ્ડિંગમાં ફાયર NOCના નામે ચીફ ફાયર ઓફિસરની લૂંટ : 36000ની લાંચ લેતા શખ્સને ACBએ ઝડપ્યો

અમદાવાદ | અમદાવાદ મનપાના ક્લાસ-1 ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરે અને તેના વતી 36,000ની લાંચ લેતાં ખાનગી વ્યક્તિ ભાવસિંહ ઝાલાને ACBએ ઝડપી પાડ્યા છે. ફાયર સેફ્ટી ઓફિસર દ્વારા મોકલવામાં આવેલી 6 બિલ્ડિંગોની ફાયર NOC મંજૂર કરાવવા પ્રતિ બિલ્ડિંગ 6,000 લેખે લાંચ માંગવામાં આવી હતી. આ મામલે નાગરિકની ફરિયાદ બાદ એસીબીએ મેમનગરની યસ એક્વા કોમ્પ્લેક્સ પાસે ટ્રેપ ગોઠવીને રંગેહાથ દબોચ્યો.

ઓક્ટોબર, 2024માં મ્યુનિ.ની પરીક્ષામાં પાસ થયેલા અમિત ડોંગરેની ચીફ ફાયર ઓફિસર તરીકે તરીકે નિમણૂક કરાઈ હતી. મ્યુનિ. ઈતિહાસમાં પહેલીવાર સ્ટાફના સભ્યને બદલે બહારથી ચીફ ફાયર ઓફિસરની નિમણૂક કરાઈ હતી.

ફરિયાદ કરનારે શહેરની 6 જુદી-જુદી બિલ્ડિંગોની ફાયર NOC ગુજરાત સરકારના પોર્ટલ પર મંજૂરી અર્થે મોકલી હતી. આ NOC મંજૂર કરવાના બદલામાં અમદાવાદના ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરે વતી ભાવસિંહ ઝાલા નામના શખ્સે પ્રતિ NOC 6,000 લેખે કુલ 36,000ની લાંચની માંગણી કરી હતી.

લાંચ આપવા ન માગતા જાગૃત નાગરિકે આ અંગે વડોદરા શહેર એ.સી.બી. પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે 7 ઓગસ્ટના રોજ બે સરકારી પંચોની હાજરીમાં મેમનગરના યસ એક્વા કોમ્પ્લેક્સ પાસે રોડ પર એસીબીની ટીમે ટ્રેપ ગોઠવી હતી. ભાવસિંહ ઝાલાએ ફરિયાદી સાથે વાતચીત કરીને જેવા 36,000 સ્વીકાર્યા કે તુરંત જ એસીબીના અધિકારીઓએ તેને ઘેરીને ઝડપી લીધો હતો.

અમિત ડોંગરે NOC મંજૂર કરવાના બદલામાં પોતાના વહીવટદાર ભાવસિંહ ઝાલા મારફતે લાંચ વસૂલવાનું રેકેટ ચલાવતા હતા. ફાયર સેફ્ટી અંગે જે પણ લેવડ-દેવડ કરવાની હોય તેના માટે ભાવસિંહને જ મળવા જણાવાતું હતું. આખરે એક જાગૃત ફાયર સેફ્ટી ઓફિસરે હિંમત દાખવીને રકમ આપવા જતી વખતે જ ACB પાસે ટ્રેપ ગોઠવડાવી સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. વચેટિયા ભાવસિંહ ઝાલાની ધરપકડ અને તેની પૂછપરછમાં લાંચનું સ્પષ્ટ નેટવર્ક સામે આવ્યા બાદ એસીબીની ટીમે AMCના ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરેની પણ ધરપકડ કરી લીધી છે.

અમદાવાદમાં 14 માર્ચ, 2025ના અને ધૂળેટીના દિવસે થલતેજમાં આવેલા એક ક્રિકેટ ગ્રાઉન્ડમાં ભૂતકાળમાં ક્યારેય ન ઊજવી હોય એવી રીતે ભવ્ય ધૂળેટી મનાવવામાં આવી હતી. તેમાં પણ આંચકાજનક વાત તો એ હતી કે, ધૂળેટીમાં લોકો મોજ માણી શકે એ માટે અમદાવાદમાં ફરજ બજાવતા ACP રાજેશ ભાવસારે ફાયરબ્રિગેડની ગાડી મગાવી હતી. જે પાણીનો ફુવારો મારીને આગ બુઝાવાતી હોય છે એનો ઉપયોગ કાયદો અને નિયમો નેવે મૂકીને મોજ માણવા માટે થયો હતો.

આ અંગે દિવ્ય ભાસ્કરે 20 માર્ચ, 2025ના રોજ કરેલા ઈન્વેસ્ટિગેશનમાં સામે આવ્યું હતું કે, ફાયર સ્ટેશનના સરકારી રેકોર્ડ પર સવારના 11 વાગ્યે ને 15 મિનિટે આ ઈવેન્ટ માટે ગાડી આપ્યાની નોંધ હતી, જેમાં લખ્યું હતું કે, CFO (ચીફ ફાયર ઓફિસર) ડોંગરે સાહેબના હુકમથી જય અંબે ક્રિકેટ ગ્રાઉન્ડ, સિમ્સ બ્રિજ પાસે એક 'ગજરાજ' મોકલી આપો. એની જાણ જમાદારને કરી છે. બોડકદેવથી 'ગજરાજ' મોકલી આપી છે. CFO સાહેબ જણાવે છે કે ડેપ્યુટી કમિશનર ઠક્કર સાહેબ સાથે વાતચીત થતાં ચાર્જ આવતીકાલે ભરી દેશે.

ધ્યાનથી જોશો તો આ એન્ટ્રીમાં બે વાત નોંધવા જેવી લાગે છે. પહેલી વાત- ગાડી મોકલવાનો હુકમ ખુદ ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરેએ કર્યો હતો. બીજી વાત આ પાના પરની અન્ય

# રાજ્યભરમાં TAT HSની મુખ્ય પરીક્ષાનો પ્રારંભ : 279 કેન્દ્ર પર 50 હજારથી વધુ ઉમેદવારની બે શિફ્ટમાં કસોટી, 21 વિષયના શિક્ષકોની પાત્રતા નક્કી થશે...

અમદાવાદ | અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષક અભિરુચિ કસોટી (TAT-HS)ની મુખ્ય પરીક્ષા શરૂ થઈ ગઈ છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત આ પરીક્ષામાં પ્રિલિમિનરી કસોટીમાં ઉત્તીર્ણ થયેલા કુલ 51,971 ઉમેદવાર છે. રાજ્યના 279 પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

વહેલી સવારથી અલગ અલગ જિલ્લાઓમાંથી વિદ્યાર્થીઓ અમદાવાદ પરીક્ષા આપવા માટે આવ્યા હતા. શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજાય તેવી તમામ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સવારે 9.30 વાગ્યાથી ઉમેદવારોને સેન્ટર પર પ્રવેશ આપવામાં આવ્યો હતો. ઓરિજિનલ આઈડી ચેક કર્યા બાદ ઉમેદવારોને સેન્ટરની અંદર એન્ટ્રી આપવામાં આવી હતી. તેમજ ટ્રાન્સપરન્ટ પાણીની બોટલ જ સાથે લઈ જવાની છૂટ આપવામાં આવી હતી. સવારે 10.30 વાગ્યાથી શરૂ થયેલું ભાષાની સજ્જતાનું પેપર બપોરે એક વાગ્યા સુધી છે. ત્યારબાદ બીજા પેપરનો સમય બપોરે 3 વાગ્યાથી 6 વાગ્યાનો છે.

મહેસાણાથી અમદાવાદ આવેલી ઉમેદવાર ચાવડા હિનાએ જણાવ્યું હતું કે, પરીક્ષાને લઈ તૈયારીઓ ખૂબ સારી રીતે કરી છે. અગાઉ ત્રણ વખત પરીક્ષા રદ કરવામાં આવી હતી. વરસાદના કારણે પરીક્ષા યોજાઈ શકી નથી. તેમજ સેન્ટર પર પાણી ભરાયા હતા તેમાં પણ પરીક્ષા યોજાઈ ન હતી. જો કે આખરે હવે પરીક્ષા યોજાઈ રહી છે તેની ખુશી છે. પરીક્ષા યોજાય છે પરંતુ ભરતી થતી નથી તે પણ સાચી બાબત છે. સંખ્યા પ્રમાણે ભરતી ન થતા રહી જવાય છે અગાઉ પણ પરીક્ષા આપી હતી પરંતુ હું રહી ગઈ હતી.

અમદાવાદ શહેરમાં 67 પરીક્ષા કેન્દ્ર પર 11,865 ઉમેદવારની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરી દ્વારા પરીક્ષામાં પારદર્શિતા જાળવવા અને ગેરરીતિ અટકાવવા વિશેષ વ્યવસ્થા કરાઈ છે. તમામ કેન્દ્ર પર CCTV કેમેરાથી દેખરેખ રાખવામાં આવી છે. તેમજ કેન્દ્ર સંચાલકો, સુપરવાઈઝરો, ઓબ્ઝર્વરો અને સરકારી પ્રતિનિધિઓની નિમણૂક કરી તેમને જરૂરી તાલીમ પણ આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, પ્રિલિમિનરી કસોટીમાં 1,47,584 ઉમેદવારએ પરીક્ષા આપી હતી, જેમાંથી 70 કે તેથી વધુ ગુણ મેળવી પાત્ર 51,971 ઉમેદવાર આ મુખ્ય પરીક્ષા આપી રહ્યા છે.

કસોટી દ્વારા ભાષાકીય (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત), વિજ્ઞાન (ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, ગણિત) તથા વાણિજ્ય, સામાજિક વિજ્ઞાન, કોમ્પ્યુટર, એગ્રિકલ્ચર અને શારીરિક શિક્ષણ સહિત કુલ 21 વિષયોના ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની પાત્રતા નક્કી કરવામાં આવશે.

# વિઝા આપવાના બહાને યુવક પાસેથી 2.65 લાખ પડાવ્યા

## લક્ઝમબર્ગના વર્ક પરમિટ વિઝાની પ્રોસેસનું કહી નોકરી છોડવી

અમદાવાદ | ખેડાના યુવકને લૉ ગાર્ડન પાસે વિઝા કન્સલ્ટન્સી દ્વારા લક્ઝમબર્ગના વર્ક પરમીટ વિઝા આપવાની વાતચીત કરી અલગ અલગ પ્રોસેસના બહાને 2.50 લાખ રૂપિયામાં લેવામાં આવ્યા હતા. જે બાદ વિઝાની પ્રોસેસ કરવામાં આવી. પરંતુ વિઝા આપવામાં આવ્યા ન હતા અને યુવકની ચાલુ નોકરી પણ છોડી દેવાનું કહેતા યુવકે નોકરી પણ છોડી દીધી હતી. જો કે યુવકના વિઝા લાંબા સમયથી ન આવતા અને યુવકને તેના ભરેલા પૈસા પણ પરત ન આપતા યુવકે વિઝા કંપનીના માલિક સામે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.




26 વર્ષીય જતીન સોલંકી નામનો યુવક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. સપ્ટેમ્બર 2024માં વિદેશમાં નોકરી માટે જવાનું હોવાથી જતીન અલગ અલગ વિઝા કંપનીના સંપર્ક કરતો હતો. આ દરમિયાન જતીનનો સંપર્ક લૉ ગાર્ડન પાસે આવેલી ફોર્ચ્યુન ઈન્ટરનેશનલ કંપની સાથે થયો હતો. જતીન અમદાવાદ આવી આ કંપનીમાં મળવા ગયો હતો. જ્યાં તેને વર્ક પરમિટ માટે 10.50 લાખ રૂપિયાના ખર્ચનું જણાવ્યું હતું. જતીને વિઝાની પ્રોસેસ શરૂ કરી હતી. જેમાં ટુકડે ટુકડે 2.50 લાખ રૂપિયા આપ્યા હતા. જતીને VSF માટે 15 હજાર ભર્યા હતા. જતીને બધી પ્રોસેસ કરી અને કંપનીના માલિક વૈભવે જતીનને જણાવ્યું હતું કે, તમારી વર્ક પરમીટ આવી જશે, જેથી તમે અત્યારની નોકરી છોડી દો. જતીને નોકરી છોડી દીધી હતી. જો કે નોકરી છોડ્યાના લાંબા સમય બાદ વિઝા આવતા ન્હોતા અને જતીન પાસેથી 2.65 લાખ રૂપિયા વિઝા કંપનીના માલિકે પડાવ્યા હતા.